The Equity Shares offered in the Offer have not been and will not be registered under the U.S. Securities Act of 1933, as amended (the **"U.S. Securities Act"**) or any state securities laws in the United States, and unless so registered, may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable state securities laws in the United States. Accordingly, the Equity Shares are being offered and sold only outside the United States in 'offshore transactions' in reliance on Regulation S under the U.S. Securities Act and the applicable laws of the jurisdictions where such offers and sales are made.

R.N.I. No. 1563/1957

દૈનિક મુંબઈ સમાચાર

૨૦૫ વર્ષ

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 198 ■ વિક્રમ સંવત ૨૦૮૨

શ્રાવણ સુદ -૯ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 21 August 2026, Friday ■ REGD.No. MCS/058/2024-26

શુક્રવાર, ૨૧ ઑગસ્ટ ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# તહેવારો પહેલાં ખાંડના ભાવ ભડકે બળે છે

## સરકારે બલ્ક વપરાશકારો માટે સ્ટોક મર્યાદા લાદી છતાં તેની કોઈ અસર નહીં

નવી દિલ્હીઃ કેન્દ્ર સરકારે તહેવારોની મોસમ દરમિયાન ભાવ અંકુશમાં રહે તે માટે આજે ખાંડના બલ્ક અથવા તો મોટા અથવા તો ઔદ્યોગિક વપરાશકારો માટે સ્ટોક મર્યાદા લાદી છે અને હવે તેઓ ૧૫ દિવસનાં વપરાશ કરતાં વધુ માત્રામાં ખાંડનો સ્ટોક નહીં રાખી શકે. જોકે, આજે નવી મુંબઈની જથ્થાબંધ ખાંડ બજારમાં તેજીનું વલણ જળવાઈ રહેતાં હાજરમાં ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. ૨૭૦થી ૩૫૨ની અને નાકા ડિલિવરી ધોરણે ભાવમાં ક્વિન્ટલે રૂ. ૨૯૦થી ૩૫૦ની તેજી આગળ ધપી હતી.

આ પગલાંની જાહેરાત કરતાં અનાજ ખાતાના પ્રધાન પ્રલ્હાદ જોશીએ જણાવ્યું ખાંડના બલ્ક વપરાશકારો જે મહિને ૧૦ ટન કરતાં વધુ વપરાશ કરતા હોય તેઓ ૧૫ દિવસનાં વપરાશ કરતાં વધુ સ્ટોક રાખી નહીં શકે. અનાજ મંત્રાલયે સુગર (સ્ટોક હાલ્ડિંગ, લિમિટ ઑફ બલ્ક કન્ઝ્યુમર) ઓર્ડર, ૨૦૨૬ નોટિફાઈ કર્યો હતો જેમાં કન્ફેક્શનરી, હળવા પીણાં ઉત્પાદકો, ફૂડ પ્રોસેસિંગ એકમો, સ્વીટમીટ વેચાણકર્તા અને અન્ય સંસ્થાકીય ખરીદદારોનો સમાવેશ કરવામાં આવ્યો હોવાનું સોશ્યલ

(જુઓ પાનું ૨) ▶▶






## ઝારખંડમાં ભરતી રદ કરતા નોટિફિકેશન સામે કોર્ટનો સ્ટે

રાંચીઃ ઝારખંડની વડી અદાલતે ૧૧થી ૧૩ સુધીની ઝારખંડ પબ્લિક સર્વિસ કમિશન (જેપીએસસી) પરીક્ષાઓ દ્વારા નિમાયેલા સરકારી કર્મચારીઓની નિમણૂક રદ કરતા જાહેરનામા સામે ગુરુવારે સ્ટે (સ્થગિત આદેશ) આપ્યો હતો.

વડી અદાલતે ફૂડ સેફ્ટી ઑફિસર્સની નિમણૂક રદ કરતા આદેશ સામે પણ સ્ટે આપ્યો હતો.

વડી અદાલતે સરકારના જાહેરનામા વિરુદ્ધની અરજીની સુનાવણી કરતી વખતે રાજ્ય સરકારને સુનાવણીની આગામી તારીખ ૧૫ સપ્ટેમ્બર સુધીમાં

(જુઓ પાનું ૨) ▶▶

## ‘વંદે માતરમ્’ના બે શ્લોક જ ગાવાનો કૉંગ્રેસનો નિર્ણય તુષ્ટીકરણઃ અમિત શાહ

ચેન્નઈઃ કેન્દ્રના ગૃહપ્રધાન અમિત શાહે કૉંગ્રેસ પર આકરા પ્રહારો કરતાં કહ્યું હતું કે ‘વંદે માતરમ્’ની બે કડી કે શ્લોક ગાવાનો કૉંગ્રેસનો નિર્ણય કાયદાનું ઉલ્લંઘન કરીને તેની વૉટ બૅન્કને ખુશ કરવાના હેતુ ધરાવે છે.

તેમણે આખા રાષ્ટ્રીય ગીતને બદલે ફક્ત બે કડી ગાવાના કૉંગ્રેસની કારોબારીના નિર્ણયનો ઉલ્લેખ કરતા ભાગલાના ઈતિહાસને યાદ કર્યો હતો. તેમણે ‘વંદે માતરમ્’ને ટૂંકાવી દેવાને લીધે દેશને ભોગવવા પડેલા

(જુઓ પાનું ૨) ▶▶






### લાઈફલાઈન નહીં ડેથલાઇન

## બાંદ્રા પાસે દિવ્યાંગ ડબ્બામાંથી ચાલુ ટ્રેને નીચે ધક્કો મરાતા વૃદ્ધનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મોહમયી મુંબઈ નગરીની લાઇફલાઇન ગણાતી લોકલ ટ્રેનો હવે ડેથલાઇન બનતી જાય છે. ગુરુવારે પશ્ચિમ રેલવેમાં ચર્ચગેટથી બોરીવલી જતી ટ્રેનમાં દિવ્યાંગ પ્રવાસીઓ માટેના ડબ્બામાં સીટ માટે માથાકૂટ થતા એક વૃદ્ધને ચાલતી ટ્રેનમાંથી માહિમ અને બાંદ્રા વચ્ચે સાથી મુસાફરે ફેંકી દેતા તેનું મોત થયું હતું. ડબ્બામાં રહેલા અન્ય પ્રવાસીઓએ હત્યારાને પકડીને બાંદ્રા સ્ટેશને પોલીસને હવાલે કર્યો હતો. પશ્ચિમ રેલવેમાં ‘ચાકુકાંડ’થી ડઘાયેલા મુંબઈગરા માટે આ ત્રણ મહિનામાં બીજો જીવલેણ બનાવ હતો. ટ્રેનોમાં પ્રવાસીઓની સલામતી વિશે ફરી એક વાર પ્રશ્નો ઊભા થયા છે તેમ જ નજીવી બાબતમાં કોઈનો જીવ લઈ લેવા જેટલો ગુસ્સો લોકોને કેમ આવે છે એ પણ એક સવાલ ઊભો થાય છે.મૃતકની ઓળખ કેજિટન પોલ ડેનિસ પીરિસ (૬૨ વર્ષ રહેવાસી, સાંતાક્રુઝ-પૂર્વ) અને હત્યારાને અમજદ સફરુદ્દીન શેખ (૪૮) તરીકે ઓળખી કાઢવામાં આવ્યા છે.

ચર્ચગેટથી બોરીવલી તરફ જતી સ્લો લોકલ (ટ્રેન નંબર ૯૦૪૬૭)માં બપોરે આશરે ૧.૨૪ વાગ્યે માહિમ પસાર કર્યા પછી બાંદ્રા રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર એક પર

(જુઓ પાનું ૨) ▶▶

## છૂટું ખાદ્યતેલ વેચનારાઓ પર તુકારામ મુંઢેની નજર

મુંબઈઃ ફૂડ ઍન્ડ સેફ્ટી કાયદાના ઉલ્લંઘન બદલ કડક સજા થઈ શકે છે એમ જણાવતાં આઈએએસ અધિકારી અને રાજ્યના ફૂડ ઍન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ)ના કમિશનર તુકારામ મૂંઢેએ કહ્યું હતું કે આ કાયદા અંતર્ગત યોગ્ય કેસમાં સાતવર્ષથી લઈને આજીવન કારાવાસની સજા થઈ

(જુઓ પાનું ૨) ▶▶

## ઉચ્ચ શિક્ષણમાંના જ્ઞાતિ આધારિત ભેદભાવો સદંતરપણે ખતમ થશે?

### સરકારે સુપ્રીમ કોર્ટને કહ્યું કે યુજીસી ઇક્વિટી નિયમો પર ફેરવિચાર થઈ રહ્યો છે

નવી દિલ્હીઃ કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે યુજીસીના ઇક્વિટી નિયમો, ૨૦૨૬ પર ફરીથી વિચાર કરવામાં આવી રહ્યો છે. આ નિયમ હાલમાં સુપ્રીમ કોર્ટના આદેશને કારણે અમલમાં નથી.

કેન્દ્ર સરકાર અને યુજીસી તરફથી કોર્ટમાં હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ જણાવ્યું હતું કે

(જુઓ પાનું ૨) ▶▶

## નીટ-વિરોધ-પોલીસ દમનઃ ભૂતપૂર્વ જજ સુભાષ રેડ્ડી તપાસ સમિતિનું નેતૃત્વ કરશે

નવી દિલ્હીઃ સર્વોચ્ચ અદાલતે સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ જજ જસ્ટિસ આર. સુભાષ રેડ્ડીની આગેવાની હેઠળ પાંચ સભ્યની સમિતિ તાજેતરમાં દિલ્હીમાં વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન વખતે પોલીસના અતિરેક અને પોલીસ સામેની હિંસાની તપાસ કરવા નિમી છે.

મુખ્ય ન્યાયમૂર્તિ સૂર્યકાંત, જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને જસ્ટિસ વી. મોહનાની બનેલી બેન્ચે કહ્યું હતું કે સમિતિમાં પંજાબ અને હરિયાણા હાઈ કોર્ટના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયમૂર્તિ જસ્ટિસ રવિશંકર ઝા, દિલ્હી હાઈ કોર્ટના જજ જસ્ટિસ શૈલેન્દર કૌર, સીબીઆઈના ભૂતપૂર્વ ડિરેક્ટર રિશિ કુમાર શુકલા અને મેઘાલયના નિવૃત્ત ડીજીપી એલ. આર. બિશ્નોઈનો સમાવેશ થાય છે. સુપ્રીમ કોર્ટે વધુમાં કહ્યું હતું કે હાઈ પાવર્ડ ઈન્ક્વાયરી કમિટી (ઉચ્ચ સત્તાધારી તપાસ સમિતિ, એચપીઆઈસી)ની રચના વિવિધ મુદ્દાઓને ધ્યાનમાં રાખીને કરવામાં આવી છે. આમાં દરેક સભ્યના

(જુઓ પાનું ૨) ▶▶






એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ભાવનગરનો લઠ્ઠાકાંડઃ તંત્રને મલાઈમાં રસ, લોકો તો મર્યા કરે

**ગુજરાતમાં** વધુ એક લઠ્ઠાકાંડ થઈ ગયો. સૌરાષ્ટ્રના ભાવનગર જિલ્લામાં થયેલા લઠ્ઠાકાંડમાં અત્યાર લગીમાં સત્તાવાર રીતે સાત લોકોનાં મોત થઈ ગયાં છે ને ૨૧ લોકો જીવનમરણ વચ્ચે ઝોલાં ખાતા હોસ્પિટલમાં ભરતી છે એ જોતાં મોત ડબલ ફિગરમાં પહોંચી જાય એવી પૂરી શક્યતા છે. આ મોતનો આંકડો પણ પોલીસ તપાસમાં અપાયેલો છે, બાકી ઘરે લઠ્ઠો ઢીંચીને ઘરે જ ઘબી ગયા હોય એવા પણ કેસ હશે. પોલીસે જ પોતે કહ્યું છે કે, ૫૧ પેટી દારૂ બનાવવામાં આવ્યો હતો અને સ્થાનિક બુટલેગરો મારફતે ગામડાંમાં સપ્લાય કરવામાં આવ્યો હતો. એક પેટીમાં ૨૦ બોટલો ગણીએ તો પણ હજારથી વધારે બોટલો થઈ એ જોતાં પોલીસ દ્વારા અપાયેલો મોતનો આંકડો ભરોસાપાત્ર નથી.

આપણે ત્યાં હજુય દારૂ પીને કોઈ મરી જાય તેની સમાજમાં બહુ નથી તેથી પરિવારે આવી વાતો જાહેરમાં લાવવાનું પસંદ કરતો નથી. આ કારણે ઘરમાં જ ટેં થઈ ગયેલા પિયક્કડોનાં નામ બહાર ના આવ્યાં હોય એ પણ શક્ય છે. ટૂંકમાં મોતનો આંકડો પોલીસ દ્વારા અપાય છે તેના કરતાં ઘણો વધારે હોવાની પૂરી શક્યતા છે. માનો કે, આંકડો મોટો ના હોય તો પણ દારૂબંધી ધરાવતાં રાજ્યમાં ઝેરી દારૂ પીને સાત લોકો મરી જાય એ ઘટના મોટી છે જ.

આ લઠ્ઠાકાંડમાં કોમિક વાત પાછી એ છે કે, જે પોલીસની જવાબદારી દારૂબંધીનો કડક અમલ કરાવીને લોકોને દારૂ પીતાં રોકવાની છે એ પોલીસે આ દારૂ ખરીદ્યો તેમાં ઝેરી દારૂ વેચાતો હોવાનું બહાર આવ્યું. ભાવનગર જિલ્લા ખરકડી ગામનો વિજયરાજસિંહ ગોહિલ પોલીસ ભરતીમાં સિલેક્ટ થતાં તેણે પોતાના મિત્રો ઉપેન્દ્રસિંહ ગંભીરસિંહ ગોહિલ, હરપાલસિંહ પ્રદીપસિંહ ગોહિલ અને જયદીપસિંહ રાજેન્દ્રસિંહ ગોહિલને પાર્ટી આપી હતી. તેમાંથી જયદીપસિંહ સિવાયના ત્રણ મિત્રોએ બહારથી લાવેલો આ ઝેરી દારૂ પીધો હતો.

દારૂ પીવાથી ૧૮ ઓગસ્ટે ઉપેન્દ્રસિંહ ઉપર પહોંચી ગયો તેમાં ભડકેલા વિજયરાજસિંહે પોલીસને જાણ કરી એટલે પોલીસ લઠ્ઠાની શોધમાં નિકળી પડી. તેમાં ખબર પડી કે, ઉપેન્દ્રસિંહની જેમ બીજા પણ ઘણા ઘબી ગયા છે. પોલીસવાળાનો મિત્ર ના ગુજરી ગયો હોત તો કદાચ લઠ્ઠાના કારણે મરી ગયેલાં લોકો વિશે કોઈને ખબર પણ ના પડી હોત ને અંદરોઅંદર બધું પતી ગયું હોત.

ભાવનગરનો લઠ્ઠાકાંડ ગુજરાત સરકારની દારૂબંધીનો કડક અમલ કરાવવામાં નિષ્ફળતાનો વધુ એક પુરાવો છે. દારૂબંધીનો કડક અમલ થતો નથી કેમ કે આખું તંત્ર સડેલું છે. પોલીસથી માંડીને પોલિટિશિયન સુધીનાં બધાંને દારૂબંધીના કારણે ગેરકાયદેસર રીતે વેચાતા માલમાંથી મળતી મલાઈ ખાવામાં રસ છે. દારૂ પીને યુવાઓ તબાહ થાય, સમયાંતરે આ પ્રકારના લઠ્ઠાકાંડ થાય તેના કારણે લોકો મરે તેનાથી તેમને કોઈ ફરક પડતો નથી. તેનું કારણ એ કે, લોકોને કોઈ ફરક પડતો નથી. બીજાની વાત છોડો પણ જેમનાં સ્વજનો ઝેરી દારૂ પીને કૂતરાના મોતે મર્યાં હોય છે એ લોકો પણ કશું બોલતાં નથી કેમ કે તેમનામાં પણ પોતાનો સગલો દારૂ પીતો હતો તેનો અપરાધભાવ હોય છે.

સરકાર પણ આ વાત સમજે છે એટલે એક ચોક્કસ પેટર્નથી જ વર્તે છે. ભાવનગર જેવો લઠ્ઠાકાંડ થાય એટલે મીડિયામાં બે-ચાર દિવસ હોહા થાય, વિપક્ષો આંદોલનની ચીમકી ઉચ્ચારે પછી સરકાર સાવ પાંગળી નથી ને હાથ પર હાથ મૂકીને બેસી રહી નથી એવું સાબિત કરવા માટે બે-ચાર ટૂણિયાટ પોલીસોની બદલી કરી દેવાય. સરકારના મંત્રીઓ દ્વારા કોઈને નહીં છોડાય એ પ્રકારનાં નિવેદનો ફટકારી દેવાય એટલે પત્યું. લોકો પણ ખુશ ને મીડિયા પણ ખુશ. નવો લઠ્ઠાકાંડ થાય ત્યાં લગી કોઈ કશું બોલવાનું નથી એ સરકારને ખબર છે તેથી ગેરકાયદેસર રીતે દારૂ વેચાતો રોકવા માટે પણ કશું કરવાની જરૂર ક્યાં છે?

ગુજરાતમાં છેલ્લા દોઢ-બે દાયકામાં બનેલા લઠ્ઠાકાંડ પર નજર નાખશો તો આ વાત સમજાશે. ૨૦૦૯માં અમદાવાદના ઓઢવ, બાપુનગર અને કાગડાપીઠ વિસ્તારમાં ઝેરી દારૂ પીવાથી ૧૪૦થી વધુનાં મોત થયાં હતાં અને ૨૦૦થી વધુ લોકોએ આંખો ગુમાવી હતી. હવે આટલી મોટી સંખ્યામાં લોકો મરે કે અંધાપો આવે પછી તો તંત્રે પૂરી તાકાતથી તૂટી પડીને આખા નેટવર્કને છિન્નભિન્ન કરી નાખવાનું હોય પણ એવું થયું નથી. એ વખતે થોડી હોહા થઈ પણ નેટવર્ક તો રહ્યું જ તેથી સમયાંતરે લઠ્ઠાકાંડ થયા જ કરે છે. સુરતમાં સપ્ટેમ્બર ૨૦૧૬માં ઝેરી દારૂ પીવાથી ૧૬નાં મોત થયાં હતાં. એ પછી ૨૦૨૨માં બોટાદના બરવાળા અને રાણપુર તાલુકાના રોજિદ ગામે થયેલા લઠ્ઠાકાંડમાં ૪૦થી વધુ લોકોનાં મોત નીપજ્યાં હતાં. છેલ્લાં છ વર્ષથી તો ક્યાંક ને ક્યાંક લઠ્ઠાકાંડ થાય જ છે. ૨૦૨૪ના

જાન્યુઆરીમાં દહેગામના લીહોડા ગામમાં લઠ્ઠાકાંડ થયેલો જ્યારે ૨૦૨૫ના ફેબ્રુઆરીમાં નડિયાદના જવાહર નગરમાં ઝેરી દારૂથી લોકો મરેલા. હવે ભાવનગરમાં લઠ્ઠાકાંડ થઈ ગયા. સરકાર તૂટી પડે તો સમયાંતરે આવા કાંડ થાય ખરા ?

ભાવનગરના લઠ્ઠાંકાંડે ગુજરાતમાં ગેરકાયદેસર દારૂ બનાવવાનો ધંધો કુટિર ઉદ્યોગ ના રહેતાં એક વેલ ઓર્ગેનાઈઝ્ડ ઈન્ડસ્ટ્રી બની ગઈ છે એ પણ સાબિત કર્યું છે. પોલીસ તપાસમાં બહાર આવેલી વિગતો પ્રમાણે ભાવનગરમાં બુટલેગરોએ બ્રાન્ડેડ રોયલ સ્ટેગ દારૂની ખાલી બોટલો, ઢાંકણા અને સ્ટીકરો મેળવીને તેમાં મિથેનોલ મિશ્રિત ઝેરી પ્રવાહી ભર્યું હતું. એફએસએલ અને મેડિકલ રિપોર્ટ પ્રમાણે, ઝેરી દારૂની અસર થઈ હોય એવા ૧૦ દર્દીઓના લોહી અને યુરિન સેમ્પલમાં ૩૮.૫૯ ટકા જેટલું મિથેનોલ મળી આવ્યું છે. આટલા મોટા પ્રમાણમાં મિથેનોલ ભાવનગર આવી ગયું કઈ રીતે ? મજબૂત નેટવર્ક વિના એ શક્ય નથી.

અમદાવાદના સરખેજથી સફેદ લિક્વિડ, ખાલી બોટલ, ઢાંકણા, સ્ટીકર અને મિથેનોલ વગેરે ભાવનગર પહોંચી ગયાં ને રસ્તામાં કોઈએ રોક્યાં નહીં તેનો મતલબ એ જ થયો કે, પોલીસ ને પોલિટિશિયનની રહેમનજર હેઠળ બધું ચાલતું હશે. કેમિકલનું મિશ્રણ તૈયાર કરવા માટે ઉજજૈનથી કીક વાગે એવો દારૂ બનાવવાના એક્સપર્ટ નરેન્દ્રસિંહ ઉર્ફે ડોક્ટર નામના વ્યક્તિને બોલાવાયો હતો. આ માણસે ખિચડી તો બનાવવાની હતી નહીં કે અડધા કલાકમાં બધું તૈયાર થઈ જાય. કેમિકલ મિક્સ કરીને દારૂ બનાવાય પછી બોટલમાં ભરાય, ઢાંકણાં લગાવાય, સ્ટીકર લગાવાય એ બધાં કામમાં માણસો પણ જોતરવા પડે ને સમય પણ લાગે. પોલીસની મહેરબાની વિના આ બધું ચાલતું હોય એ શક્ય જ નથી.

ગુજરાતમાં દારૂબંધી માટે કડક કાયદા છે પણ તેનો અમલ થતો નથી એ સ્પષ્ટ છે. આ અમલ નથી થતો કેમ કે ગેરકાયદેસર દારૂના ધંધામાં અબજોની કમાણી છે. આ કમાણીમાં બધાંની ભાગબટાઈ છે તેથી દારૂબંધી કાગળ પર જ રહી ગઈ છે. શરમ સાથે સ્વીકારવું પડે છે કે, આ સ્થિતિ કોઈ બદલી શકે તેમ નથી. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન - સૌર વર્ષાઋતુ, શુક્રવાર, તા. ૨૧-૮-૨૦૨૬, શ્રી હરિ નવમી, વરદ્લક્ષ્મી વ્રત, જીવંતિકા પૂજન, વિંછુડો.

- ભારતીય દિનાંક ૩૦, માહે શ્રાવણ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, શ્રાવણ સુદ -૯
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે શ્રાવણ, તિથિ સુદ -૯
- પારસી શહેનશાહી રોજ ૭મો અમરદાદ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૬
- પારસી કદમી રોજ ૭મો અમરદાદ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૬
- પારસી ફસલી રોજ ૪થો શહેરેવર, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૭મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૮
- મીસરી રોજ ૯મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૮
- નક્ષત્ર અનુરાધા સવારે ક. ૧૧-૫૨ સુધી, પછી જયેષ્ઠા
- ચંદ્ર વૃશ્ચિકમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃશ્ચિક (ન, ય)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૨, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૯, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૦૧, અમદાવાદ ક. ૧૯ મિ. ૦૬, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી : સાંજે ક. ૧૭-૦૬,
- ઓટઃ બપોરે ક. ૧૨-૦૬, મધ્યરાત્રે ક. ૦૦-૩૨
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ' નામ સંવત્સર, શ્રાવણ શુક્લ - નવમી. શ્રી હરિ નવમી, બગીચા નોમ, નકુલ નોમ, વરદ્લક્ષ્મી વ્રત, જીવંતિકા પૂજન, વિંછુડો. સૂર્ય મહાનક્ષત્ર મઘામાં, વાહન મોર.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- શ્રાવણ મહિમાઃ ત્રિનેત્રવાળા રુદ્ર દેવનું પૂજન શ્રાવણમાં થાય છે. શિવજી જગતનું પોષણ કરનારા છે. પાકું ફળ તેના લતા બંધનથી છૂટે છે એટલે કે ડાળીથી છુટી જાય છે તેમ શિવજીની ભક્તિ મૃત્યુના બંધનથી મુક્ત કરે છે. મૃત્યુ સામે વિજય પ્રાપ્ત કરવાનું શીખવે છે. આજે જીવંતિકા પૂજન, જીવંતિકા વ્રતનું પૂજન અને માતા લક્ષ્મી અને શિવજીની આરાધના કરવામાં આવે છે. વિશેષરૂપે શિવમુષ્ટિમાં જવ અર્પણ કરાય છે.
- મુહૂર્ત વિશેષઃ હરિ નવમી નિમિત્તે સ્વામીનારાયણ મંદિરોમાં વિશેષ પૂજા, અગ્નિદેવતાનું પૂજન, શુક્ર-શનિ દેવતાનું પૂજન, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી વિષ્ણુ સહસ્રનામ સ્તોત્ર પાઠ વાંચન, તુલસીપૂજા, ખેતીવાડીના કામકાજ
- આચમનઃ ચંદ્ર-હર્ષલ પ્રતિયુતિ અસ્થિર મનના, ચંદ્ર-ગુરુ ત્રિકોણ સફળતા પ્રાપ્ત થાય. શુક્ર-શનિ પ્રતિયુતિ ખોટા વ્યસનોનો શિકાર બને, ચંદ્ર-શનિ ત્રિકોણ માતાપિતા તરફથી લાભ થાય.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-હર્ષલ પ્રતિયુતિ, ચંદ્ર-ગુરુ ત્રિકોણ, શુક્ર-શનિ પ્રતિયુતિ, ચંદ્ર-શનિ ત્રિકોણ.
- ગ્રહગોચરઃ સૂર્ય-સિંહ, મંગળ-મિથુન, માર્ગી બુધ-કર્ક, માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-કન્યા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

## બૅન્ક બહાર પત્નીની હત્યા કરી પછી ઘરે આવીને બહેનનું ખૂન કરી પોતે સુસાઈડ કર્યું

લખનઊઃ દંપતીનો છૂટાછેડાનો કેસ ચાલી રહ્યો હોવા વચ્ચે માનસ વાજપેયી નામની એક વ્યક્તિએ લખનઊસ્થિત બૅન્કની બહાર પત્નીની ગોળી મારીને હત્યા કરી હતી. પત્ની હત્યા કર્યા બાદ ઘરે આવીને આત્મહત્યા કરતાં પહેલાં તેણે પોતાની બહેનની પણ હત્યા કરી હતી. આ ઘટના ગુરુવારે બની હતી.

દંપતીનો છૂટાછેડાનો કેસ ચાલી રહ્યો હોવા વચ્ચે આઈસીઆઈસીઆઈ બૅન્કમાં રિલેશનશિપ મેનેજર તરીકે કામ કરતા માનસ વાજપેયીએ પત્ની દિવ્યા મિશ્રાની હત્યા કરી હતી. ગોમતી નગરસ્થિત આઈસીઆઈસીઆઈ બૅન્કની બહાર તેણે પત્ની પર બે ગોળી છોડી હતી. દિવ્યાને સારવારાર્થે તાત્કાલિક નજીકની હૉસ્પિટલમાં લઈ જવામાં આવી હતી જ્યાં ફરજ પરના ડૉક્ટરોએ તેને મૃત જાહેર કરી હતી.

પત્ની પર ગોળીબાર કર્યા બાદ તે બૅન્કથી અઢી કિ.મી.ના અંતરે આવેલા પોતાના ઘરે પહોંચ્યા હતો અને ત્યાં આત્મહત્યા કરતા પહેલા તેણે તેની બહેનની પણ ગોળી મારીને હત્યા કરી હતી.

ડીસીપી દીક્ષા શર્માએ કહ્યું હતું કે ગુજરિયા ચાર રસ્તા પાસે એક મહિલાની ગોળી મારીને હત્યા કરવામાં આવી હોવાનો સંદેશો પોલીસને બપોરે સવાબાર વાગે મળ્યો હતો. લગભગ અડધા કલાક બાદ એટલે કે ૧૨:૪૫ વાગે પોલીસને વધુ એક ફોન આવ્યો હતો જેમાં એક વ્યક્તિએ પોતાનાં નિવાસસ્થાને ગોળી મારીને આત્મહત્યા કરી લીધી હોવાનું જણાવવામાં આવ્યું હતું. (એજન્સી)

## 'ઉદ્યોગ'ની વ્યાખ્યા બદલવી જોઈએઃ સર્વોચ્ચ અદાલત

નવી દિલ્હીઃ સર્વોચ્ચ અદાલતે 'છ વિરુદ્ધ ત્રણ'ની બહુમતીથી ગુરુવારે આપેલા ચુકાદામાં જણાવ્યું હતું કે 'ઇન્ડસ્ટ્રી' (ઉદ્યોગ)ને લગતી વ્યાખ્યાને વિસ્તૃત કરતા ૧૯૭૮ના સર્વોચ્ચ અદાલતના ચુકાદાને ૨૦૨૦ના 'ઇન્ડસ્ટ્રિયલ રિલેશન્સ કૉડ' (ઔદ્યોગિક સંબંધ સંહિતા) માટે લાગુ પાડી ન શકાય.દેશના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતની અધ્યક્ષતા હેઠળની નવ ન્યાયાધીશની બંધારણીય બૅન્ચે અગાઉ ૧૯૭૮માં સાત ન્યાયાધીશની બૅન્ચે 'ઉદ્યોગ'ની વિસ્તૃત વ્યાખ્યાને લગતા આપેલા ચુકાદા અંગે પુનર્વિચારણા કરવાની દાદ ચાહતી અરજીને યોગ્ય ગણાવી હતી. આ ચુકાદો બહુમતીથી જ અપાયો હતો. અગાઉ, સર્વોચ્ચ અદાલતના સાત ન્યાયાધીશની બૅન્ચે ૧૯૭૮માં બૅંગલોર વૉટર સપ્લાય ઍન્ડ સ્યૂઅરિજ બૉર્ડની અરજીના સંબંધમાં આપેલા ચુકાદામાં 'ઉદ્યોગ'ની વ્યાખ્યાને વિસ્તારી હતી અને હૉસ્પિટલ્સ, શૈક્ષણિક સંસ્થાઓ, ક્લબ્સ અને સરકારી કલ્યાણ વિભાગોના લાખો કર્મચારીને ૧૯૪૭ના ઔદ્યોગિક વિવાદ ધારા (ઇન્ડસ્ટ્રિયલ ડિસ્પ્યુટ્સ ઍક્ટ, ૧૯૪૭) હેઠળ આવરી લેવા આદેશ આપ્યો હતો. (એજન્સી)

## કૉંગ્રેસના ભૂતપૂર્વ સાંસદ સજ્જન કુમારનું મૃત્યુ

નવી દિલ્હીઃ વર્ષ ૧૯૮૪ના દિલ્હીમાં થયેલા શીખ વિરોધી રમખાણોના સંદર્ભમાં આજીવન કેદની સજા ભોગવી રહેલ કૉંગ્રેસના ભૂતપૂર્વ સાંસદ સજ્જન કુમારનું ગુરુવારે અવસાન થયું હતું, એમ સફદરજંગ હોસ્પિટલના સૂત્રોએ જણાવ્યું હતું.

હોસ્પિટલે હજુ સુધી તેના મૃત્યુનું કારણ સ્પષ્ટ કર્યું નથી.

૧૯૮૪ના શીખ વિરોધી રમખાણો દરમિયાન પાંચ શીખની હત્યા અને ગુરુદ્વારાને બાળી નાખવાના કેસમાં કુમારને દિલ્હી હાઈકોર્ટે ૧૭ ડિસેમ્બર, ૨૦૧૮ના રોજ આજીવન કેદની સજા ફટકારી હતી.

સજ્જન કુમાર તિહાર જેલમાં કેદ હતો. રમખાણો દરમિયાન બે શીખ પુરુષની હત્યા સંબંધિત અન્ય એક કેસમાં ફેબ્રુઆરી ૨૦૨૫માં દિલ્હીની એક કોર્ટે તેને આજીવન કેદની સજા ફટકારી હતી.

ત્રણ વખત લોકસભાના સભ્ય કુમારે બાહ્ય દિલ્હી મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યું હતું અને ૨૦૧૮માં દોષિત ઠેરવ્યા બાદ તેણે પાર્ટીમાંથી રાજીનામું આપ્યું હતું.

### પાકિસ્તાનમાં જન્મેલા આસિફ મહમૂદની...
## અમેરિકી સંસ્થાએ કરી છે આરએસએસ પર બંધીની માગ

વૉશિંગ્ટનઃ પાકિસ્તાનમાં જન્મેલા અને ત્યાં જ ઊછરેલા અમેરિકી નાગરિક આસિફ મહમૂદની અધ્યક્ષતા હેઠળના યુએસ કમિશન ઓન ઇન્ટરનેશનલ રિલિજિયસ ફ્રીડમ (યુએસસીઆઇઆરએફ)એ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) પર ધાર્મિક લઘુમતી કોમના લોકો પર હુમલા કરવાનો આરોપ મૂકીને તેના પર પ્રતિબંધ મૂકવાની માગણી અમેરિકાની સરકાર સમક્ષ કરી હતી. આરએસએસના વડા મોહન ભાગવતની અમેરિકાની સૂચિત મુલાકાતના થોડાં અઠવાડિયાં પહેલાં જ આ માગણી કરાઇ હતી. આ સંસ્થાએ ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીને આરએસએસના સભ્ય ગણાવતું નિવેદન સોશ્યલ મીડિયા પર પોસ્ટ કર્યું હતું અને આક્ષેપ કર્યો હતો કે આરએસએસના સબગ્રૂપ્સ (પેટા જૂથ) દ્વારા મુસલમાનો, ખ્રિસ્તીઓ સહિતના લઘુમતી કોમો પર હુમલા કરાય છે.

આસિફ મહમૂદ પાકિસ્તાનના રાજકારણીઓની સાથે ઘણો સારો સંબંધ ધરાવે છે અને તેઓ કાશ્મીર માટે પણ પાકિસ્તાનનો પક્ષ લે છે.

યુએસ કમિશન ઓન ઇન્ટરનેશનલ રિલિજિયસ ફ્રીડમ દ્વારા અગાઉ અવારનવાર ભારત પર લઘુમતી કોમના લોકો પર અત્યાચાર કરવાનો આરોપ મુકાયો હતો. (એજન્સી)

## બીએનપીના મિર્ઝા ફકરુલ બનશે બાંગ્લાદેશના પ્રમુખ

ઢાકાઃ શાસક પક્ષ બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (બીએનપી)ના લાંબા સમયથી સેક્રેટરી જનરલ રહેલા અને ભૂતપૂર્વ વડાં પ્રધાન ખાલિદા ઝિયાના નિકટના સાથીદાર મિર્ઝા ઈસ્લામ આલમગીર ૩૫ વર્ષમાં પહેલી વાર યોજાયેલી ચૂંટણીમાં દેશના નવા પ્રમુખ તરીકે ચૂંટાયા હતા.

બીએનપીના ૭૮ વર્ષના મહારથીએ એક માત્ર હરીફ લિબરલ ડેમોક્રેટિક પાર્ટીના ચેરમેન અને ૧૧ પક્ષના વિરોધી જોડાણ જમાતે ઈસ્લામીના ઉમેદવાર કર્નલ (નિવૃત્ત) ઓલી અહમદને પરાજિત કર્યા હતા. મુખ્ય ચૂંટણી કમિશનર અને ઈલેકશન રિટર્નિંગ ઑફિસર નઝીર ઉદ્દીને મતગણતરી બાદ પરિણામની જાહેરાત કરી હતી. કુલ ૩૪૯ નોંધાયેલા મતમાંથી ૩૪૩એ મતદાન કર્યું હતું. છ ધારાસભ્યોએ મતદાન કર્યું નહોતું. આલમગીરને ૨૫૫ અને ઓલી અહમદને ૮૮ મત મળ્યા હતા. તેઓ બાંગ્લાદેશના ૨૩મા પ્રમુખ તરીકે બંગભવનના દરબાર હૉલમાં શુક્રવારે સોગંદ લેશે.

## પ્રયાગરાજ પાણી-પાણીઃ ટ્રેનવ્યવહાર બંધ કરાયો

પ્રયાગરાજઃ શહેરમાં ભારે વરસાદ બાદ પાટા પર પાણી ભરાઈ જવાને કારણે ઉત્તર-પૂર્વીય રેલવેના રામબાગ સ્ટેશન પરથી ઉપડતી અને સમાપ્ત થતી ટ્રેનોનું સંચાલન અસ્થાયીરૂપે ઝુનસી સ્ટેશન પર ખસેડવામાં આવ્યું છે, એમ અધિકારીઓએ ગુરુવારે જણાવ્યું હતું.

ઉત્તર-પૂર્વીય રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી સુમિત કુમારે જણાવ્યું હતું કે, છેલ્લા ૨૪ કલાકમાં ભારે વરસાદને કારણે પ્રયાગરાજ શહેરમાં પાણી ભરાઈ ગયું છે. રામબાગ સ્ટેશન નીચાણવાળા વિસ્તારમાં આવેલું છે અને તેના યાર્ડમાં પાણી ભરાઈ ગયું છે. પાણીને દૂર કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે, પરંતુ તે પાછું વહી રહ્યું છે.

તેમણે કહ્યું હતું કે ચાર પેસેન્જર ટ્રેન જે સામાન્ય રીતે રામબાગથી ઉપડતી અને ત્યાં સમાપ્ત થતી હોય છે, તે હાલમાં ઝુનસીથી ચલાવવામાં આવી રહી છે.

પહેલા પાનાનું ચાલુ

### તહેવારો

મીડિયા પોસ્ટમાં જણાવ્યું છે. જોકે, આ ઓર્ડર કેન્દ્ર, કેન્દ્રશાસિત પ્રદેશો અથવા તો રાજ્ય સરકારી એજન્સીઓને લાગુ નહીં પડે.

આ આદેશ પહેલી સપ્ટેમ્બરથી ૩૦મી નવેમ્બર સુધી અમલી બનશે. નોંધનીય બાબત એ છે કે અગાઉ ખાંડના ડીલરો માટે ૪૦૦૦ ક્વિન્ટલની ૩૦ દિવસ માટેની સ્ટોક મર્યાદા લાદવામાં આવી હતી તે પહેલી ઑગસ્ટથી ૩૦મી નવેમ્બર સુધી અમલી રહેશે.

અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે એક્સ મિલ ધોરણે ભાવમાં જોવા મળેલા તીવ્ર વધારા અને વર્ષ ૨૦૨૬-૨૭ની મોસમના આરંભે ખૂલતા માલનો સ્ટોક ઓછો રહેવાની શક્યતાને ધ્યાનમાં લેતા નિયંત્રણો મૂકવામાં આવ્યાં છે. ગત મંગળવારે દેશમાં એક્સ મિલ ધોરણે ખાંડના સરેરાશ ભાવ ગત સાલના સમાનગાળાના ક્વિન્ટલે રૂ. ૩૯૦૦ના ભાવ સામે વધીને ક્વિન્ટલે રૂ. ૫૪૦૦થી ૫૫૦૦નાં મથાળે રહ્યા હતા. પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર ગત ૧૮મી ઑગસ્ટના રોજ રિટેલ સ્તરે ખાંડના સરેરાશ ભાવ કિલોદીઠ રૂ. ૫૨.૩૦ના મથાળે રહ્યા હતા અને વર્ષાનુવર્ષ ધોરણે ૧૩ ટકાની વૃદ્ધિ થઈ છે.

સામાન્યપણે દેશમાં ઑગસ્ટથી નવેમ્બર દરમિયાન ગણેશ ચતુર્થી, જન્માષ્ટમી, નવરાત્રી, દશેરા અને દિવાળી જેવા તહેવારો આવતા હોવાથી ખાંડની માગમાં વધારો થતો હોય છે. હવે નવા ઓર્ડર હેઠળ પ્રત્યેક મિલ દ્વારા અથવા તો ડીલરો દ્વારા બલ્ક વપરાશકારોને થતાં વેચાણની માત્રાની વિગતો ચકાસવામાં આવશે અને વપરાશની વેચાણકર્તા અથવા ખરીદદારો દ્વારા થતાં વપરાશની જીએસટીનાં રિટર્નમાં એચએસએન કોડ મારફતે ચકાસણી કરવામાં આવશે.

આગામી ઑક્ટોબર મહિનાથી શરૂ થતી ખાંડ મોસમ ૨૦૨૬-૨૭નાં આરંભે ૪૦થી ૪૨ લાખ ટન ખાંડનો સ્ટોક રહેવાની ધારણા ઉદ્યોગ મૂકી રહ્યો છે, જ્યારે રિસર્ચરો ૩૨થી ૩૫ લાખ ટનનો અંદાજ મૂકે છે. જોકે, આ બન્ને અંદાજો ૫૦ લાખ ટનની સ્થાનિક આવશ્યકતા સામે ઓછા છે.

### બાંદ્રા પાસે

જઈ રહી હતી ત્યારે ટ્રેનમાં (કોચ નંબર ૧૫૦૮ઈ) હાજર મુસાફરોએ રેલવે કર્મચારીઓને માહિતી આપી હતી કે બાંદ્રા અને માહિમ વચ્ચે ચાલતી ટ્રેનમાંથી એક મુસાફરને ધક્કો મારવામાં આવ્યો હતો.

આ બનાવની માહિતી મળતાં સબ-ઇન્સ્પેક્ટર અરુણ કુમાર પાંડે પોલીસ સ્ટાફ સાથે બાંદ્રા અને માહિમ વચ્ચેના કિલોમીટર નંબર ૧૪/૦૩ નજીક પહોંચ્યા હતા. ત્યાં એક વ્યક્તિ બેભાન હાલતમાં મળી આવ્યો હતો. પોલીસે તેને સારવાર માટે ખસેડ્યો હતો અને આશરે બપોરે ૨.૪૫ વાગ્યે ભાભા હૉસ્પિટલ મોકલવામાં આવ્યો હતો. જોકે, સારવાર દરમિયાન તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો.

બનાવ અંગે રેલવે પોલીસે વધુમાં જણાવ્યું હતું કે દિવ્યાંગો માટે અનામત ડબ્બામાં સીટ બાબતે પ્રવાસી વચ્ચે વિવાદ થયો હતો, જે વિવાદ વકરતા તેને ટ્રેનમાંથી ફેંકી દેવામાં આવ્યો હતો. ૬૨ વર્ષના વૃદ્ધ પીરિસ અને અમજદ શેખ વચ્ચે ઝઘડો થયો હતો. શાબ્દિક ઝઘડા પછી થયેલી ઝપાઝપી દરમિયાન શેખે પીરિસને ધક્કો મારતા તે ચાલતી ટ્રેનમાંથી પડી ગયો હતો.

ઘટના બાદ સરકારી રેલવે પોલીસ (જીઆરપી)એ આરોપી (અમજદ સફરુદ્દીન શેખ, ઉંમર ૪૮ વર્ષ)ને પૂછપરછ માટે કસ્ટડીમાં લીધો હતો. પ્રાથમિક પૂછપરછ દરમિયાન શેખે શરૂઆતમાં બચવા માટે માનસિક તકલીફ હોવાનો તેમ જ ભૂતપ્રેતની અસર હોવાનો ઢોંગ કર્યો હતો અને કહ્યું હતું કે એક કાગડો ટ્રેનના કોચમાં આવી રહ્યો હતો. કાગડાને ભગાડવાનો પ્રયાસ કરતી વખતે સામેના મુસાફરને ધક્કો લાગી ગયો હતો. પોલીસને તે ગર્દુલ્લા છે એવી શંકા ગઈ અને શરૂઆતમાં હત્યાના પ્રયાસમાં અટકાયત કરાઇ હતી, પરંતુ પ્રવાસીનું મૃત્યુ નિપજતા હવે તેની સામે હત્યાના ગુનો નોંધાયો છે.

પોલીસના જણાવ્યા મુજબ તેણે પોતાનું સરનામું ચર્ચગેટ (પૂર્વ)માં ચર્ચગેટ દરગાહ નજીક ફૂટપાથ હોવાનું જણાવ્યું છે. જોકે, પોલીસ હજુ આ નિવેદનની ચકાસણી કરી રહી છે. મુસાફરને ખરેખર અકસ્માતે ધક્કો લાગ્યો હતો કે અન્ય કોઈ કારણસર તે ટ્રેનમાંથી નીચે પડ્યો હતો તેના અંગે તપાસ બાદ જ સ્પષ્ટ થશે.

પોલીસ અહેવાલ મુજબ, ઘટનામાં અમજદ શેખ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૩ હેઠળ કેસ નોંધવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે. દરમિયાન, ઘટનાની તપાસ માટે ફોરેન્સિક ટીમને ઘટનાસ્થળે બોલાવવામાં આવી છે. બાંદ્રા જીઆરપીના ઇન્સ્પેક્ટરે પણ ઘટનાસ્થળની મુલાકાત લીધી છે. પોલીસ દ્વારા ઘટનાસ્થળની તપાસ, સાક્ષીઓના નિવેદનો અને અન્ય ઉપલબ્ધ પુરાવા એકત્ર કરવાની કાર્યવાહી ચાલુ છે. બાંદ્રા જીઆરપી દ્વારા સમગ્ર મામલાની વધુ તપાસ કરવામાં આવી રહી છે.

### ઉચ્ચ શિક્ષણમાંના

કોલેજો અને યુનિવર્સિટીઓમાં જ્ઞાતિ આધારિત ભેદભાવ રોકવા માટે સરકાર યુજીસીના ઇક્વિટી નિયમો પર સરકાર ફરીથી વિચાર કરી રહી છે.

તેમણે એ પણ સ્પષ્ટ કર્યું હતું કે હાલમાં એમ કહી શકાય નહીં ફરીથી વિચાર કર્યા પછી નિર્ણય કઈ દિશામાં જશે.

૨૯ જાન્યુઆરીના રોજ સુપ્રીમ કોર્ટે આદેશ આપ્યો હતો કે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં સમાનતાને પ્રોત્સાહન આપવા માટેના નિયમો) રેગ્યુલેશન્સ, ૨૦૨૬ને હાલમાં સ્થગિત રાખવામાં આવે. ગુરુવારે મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમાલ્યા બાગચી અને ન્યાયાધીશ વી. મોહનાની બનેલી બેન્ચ સમક્ષ આ મામલાની સુનાવણી કરવામાં આવી હતી.

સોલિસિટર જનરલ તુષાર મહેતાએ બેન્ચને જણાવ્યું હતું કે, આ યુજીસી નિયમનનો મામલો છે. તેના પર ફરીથી વિચાર કરવામાં આવી રહ્યો છે. બેન્ચે યુજીસીને ચાર અઠવાડિયામાં એક વ્યાપક કાઉન્ટર એફિડેવિટ (જવાબ) દાખલ કરવા કહ્યું છે. (એજન્સી)

### નીટ-વિરોધ-પોલીસ

અનુભવ, તથા સમિતિના સભ્યોની વિવિધતા વગેરે પરિબળો ધ્યાનમાં લેવામાં આવ્યા છે.

સર્વોચ્ચ અદાલતે વધુમાં જણાવ્યું હતું કે સમિતિની ભલામણો અદાલત માટે અમૂલ્ય મદદ સિદ્ધ થશે અને સમિતિ બધા જ મુદ્દાની સર્વગ્રાહી સમીક્ષા કરશે અને એની ગુણવત્તા તપાસશે.

સુપ્રીમ કોર્ટે સાવચેતીના સૂર સાથે ખુલાસો કર્યો હતો કે સમિતિની તપાસ એક વખતની કવાયત નહીં હોય. અદાલતે સમિતિને દરેક મુદ્દાનું અમુક સમયગાળામાં સતત મૂલ્યાંકન કરીને વચગાળાના તારણો સમયાંતરે આપવાનું કહ્યું છે. (એજન્સી)

### છૂટું ખાદ્યતેલ

છે. લાઈસન્સ વગર વ્યવસાય ચલાવવા બદલ ૧૦ લાખ રૂપિયા સુધીનો દંડ થઈ શકે છે, એમ તેમણે કહ્યું હતું.

ખુલ્લું અને સીલબંધ ન હોય તેવું ખાદ્યતેલ ન વાપરવાની તુકારામ મૂંઢેએ ગ્રાહકોને ગુરુવારે અપીલ કરી હતી અને તેને અસુરક્ષિત લેખાવ્યું હતું.

ભેળસેળ, અસુરક્ષિત પેકેજિંગ, સંગ્રહ કરવાની અયોગ્ય રીત સહિતના નિયમોના ઉલ્લંઘન બાદ આ ક્ષેત્ર માટે નિયમોના ચુસ્ત પાલનનો આદેશ જારી કરવામાં આવ્યો હોવાનું તેમણે કહ્યું હતું. આ આદેશ તેલ મિલો, સોલ્વન્ટ એક્સ્ટ્રેશન યુનિટ્સ, આયાતકારો, સુપરમાર્કેટ, ઈ-કોમર્સ પ્લેટફોર્મ અને રિટેલ દુકાનો સહિત ખાદ્યતેલ સાથે સંકળાયેલા તમામ વ્યવસાયોને લાગુ પડે છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે મગફળી, સરસવ, નાળિયેર, મકાઈ અને પામતેલને પણ આ આદેશ લાગુ પડે છે. (એજન્સી)

### ઝારખંડમાં

જવાબ આપવાનો હુકમ કર્યો હતો.અરજદારોના વકીલ અમૃતાંશ વત્સે જણાવ્યું હતું કે વડી અદાલતે ૧૧મીથી ૧૩મી સુધીની ઝારખંડ પબ્લિક સર્વિસ કમિશન (જેપીએસસી) પરીક્ષાઓ દ્વારા નિમાયેલા સરકારી કર્મચારીઓની અને ફૂડ સેફટી ઑફિસર્સની નિમણૂક રદ કરતા નોટિફિકેશનના અમલને રોકતો હુકમ કર્યો હતો.તેમણે જણાવ્યું હતું કે ન્યાયાધીશ દીપક રોશને આ નોટિફિકેશનને કુદરતી ન્યાયના સિદ્ધાંતની વિરુદ્ધ ગણાવ્યું હતું અને તેનો અમલ અટકાવતો આદેશ આપ્યો હતો. (એજન્સી)

### 'વંદે માતરમ્'

પરિણામો પર ભાર મૂક્યો હતો. શાહે 'એક્સ' પર નિવેદન પોસ્ટ કરીને કહ્યું હતું કે ૧૮૩૭માં તુષ્ટીકરણ માટે કૉંગ્રેસે 'વંદે માતરમ્'ને બે ભાગમાં વિભાજિત કર્યું હતું. ત્યાર બાદ બે દેશની થિયરીને બળ મળ્યું હતું અને આને લીધે દેશના ભાગલા થયા હતા. 'વંદે માતરમ્'ની દોઢસોમી જયંતી નિમિત્તે મોદી સરકારે આ ઐતિહાસિક ભૂલ સુધારીને આખા ગીતને કાનૂની સ્વરૂપ આપ્યું હતું. જોકે રાહુલ ગાંધીની નેતાગીરીમાં કૉંગ્રેસે ફરી તેની વૉટ બૅન્ક માટે તુષ્ટીકણનો માર્ગ અપનાવ્યો છે. શાહે વધુમાં કહ્યું હતું કે 'વંદે માતરમ્'ના ટુકડા કરવાની ભૂલ અગાઉ થઈ હતી અને આનાં પરિણામો દેશને ભોગવવા પડ્યાં. તેમણે દેશના લોકોને સંગઠિત થઈને કૉંગ્રેસના તુષ્ટીકણ સામે અવાજ ઉઠાવવાની અપીલ કરી હતી. (એજન્સી)

# મ્હાડા દક્ષિણ મુંબઈની જૂની ૧૨૦૦૦ ઈમારતોનું સ્ટ્રક્ચરલ ઓડિટ કરશે

મુંબઈઃ દક્ષિણ મુંબઈમાં જર્જરિત અને સંભવિત જોખમી ઈમારતોના પુનર્વિકાસનો માર્ગ મોકળો કરવા માટે મ્હાડાએ એક મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. 'મુંબઈ બિલ્ડિંગ રિપેર એન્ડ રિકન્સ્ટ્રક્શન બોર્ડ' હવે 'સેસ' (કર) ચૂકવતી ૧૨,૦૦૦ થી વધુ ઈમારતોનું સ્ટ્રક્ચરલ ઓડિટ કરશે. આ પહેલ પાછળ અંદાજે રૂ.૫૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. પ્રથમ તબક્કામાં સોમવારથી ૭૫૦ ઈમારતોની તપાસ શરૂ કરવામાં આવી છે. તપાસ દરમિયાન અત્યંત જોખમી જણાતી ઈમારતો સામે કલમ ૭૯(એ) અથવા અન્ય સંબંધિત જોગવાઈઓ હેઠળ કાર્યવાહી કરવામાં આવશે, જ્યારે સમારકામ દ્વારા સુરક્ષિત બનાવી શકાય તેવી ઈમારતોનું તાત્કાલિક સમારકામ હાથ ધરવામાં આવશે.

દક્ષિણ મુંબઈમાં એવી હજારો ઈમારતો છે જેને લાંબા સમયથી પુનર્વિકાસની જરૂર છે. પુનર્વિકાસની પ્રક્રિયાને વેગ આપવા માટે થોડા વર્ષો પહેલાં એક નવી નીતિ અમલમાં મૂકવામાં આવી હતી.

જોકે, આ નીતિની કલમ ૭૯(એ) ની જોગવાઈઓને લગતો એક મામલો હાલમાં કોર્ટમાં પડતર છે. રાજ્ય સરકારે તાજેતરમાં જ મ્હાડાને સત્તાધિકારીનો દરજ્જો આપતું એક બિલ મંજૂર કર્યું છે.

આનાથી પુનર્વિકાસને લગતા કોર્ટ કેસોના ઉકેલનો માર્ગ મોકળો થવાની અને પ્રક્રિયાને વેગ મળવાની અપેક્ષા છે. દરમિયાન, કલમ ૭૯(એ) અંગે સુપ્રીમ કોર્ટના અંતિમ ચુકાદાની રાહ જોવાઈ રહી છે. આ સમયગાળા દરમિયાન, બોર્ડે 'અત્યંત જોખમી' ઈમારતોની ઓળખ કરવાનો નિર્ણય લીધો છે જેથી ચુકાદો આવે કે તાત્કાલિક પગલાં લઈ શકાય.

ઓગસ્ટ ૨૦૨૯ સુધીમાં ૧૨,૦૦૦ થી વધુ ઈમારતોની તપાસ પૂર્ણ કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. ■

KALCiyog Tablets
www.dhoutiyog.co.in
મજબૂત હાડકાં, મજબૂત જીવન
ધૌતીયોગની પ્રભાવશાળી ઉત્પાદન
હવે નવા આકર્ષક પેકમાં
કોઈ આડઅસરો નથી
કિંમત ₹ 374/-
Strong Bones, Stronger you!
સિદ્ધ કેલ્સીયોગ® ટેબ્લેટ્સ
શુદ્ધ આયુર્વેદિક ઔષધ, અશ્વગંધા, શતાવરી, અર્જુન છાલ ઘન, શંખ, શૌક્તિક ભસ્મ ઇત્યાદિ પ્રભાવશાળી ઘટકો...
આયર્ન અને વિટામિન સી યુક્ત શુદ્ધ આયુર્વેદિક કેલ્શિયમ ટેબ્લેટ્સ
● હાડકાં અને સાંધાનું ટોનિક! ● હાથ, પગ, કમર, ઘૂંટણ, પીઠ, સાંધાનો દુખાવો તેમજ ઊઠતાં, બેસતાં, ચાલતાં થતી તકલીફ, પીંડીઓમાં ખેંચાણ, ખાલી ચડવી, સુન્નતા આવવી તેના માટે ઉત્તમ ● સ્નાયુ, લિગામેન્ટ ઇજાઓ પર પ્રભાવી ● વાળ ખરવાનું ઓછું થાય છે
તમામ મેડિકલ, આયુર્વેદિક શૉપમાં તેમજ Amazon પર ઉપલબ્ધ.
સંપર્ક - ડૉ. અભિજીત (આયુર્વેદાચાર્ય) 9422011723, 9881970633
● આ ઔષધ www.dhoutiyog.co.in હોમ ડિલિવરી મેળવી શકો છો.
● શિપિંગ ચાર્જિસ નથી. ● કેશ ઓન ડિલિવરી ઉપલબ્ધ !
ઉત્પાદક - સિદ્ધ ફાર્મા, પુણે, GMP Certified Company

# પુણેના સિંહગઢ કિલ્લા પર શોર્ટ્સ પહેરવા મુદ્દે વિવાદ, પર્યટકોની કરાઈ મારપીટ

પુણેઃ પુણેના ઐતિહાસિક સિંહગઢ કિલ્લા ખાતે શોર્ટ્સ પહેરવા બાબતે પર્યટકો વચ્ચે ભારે વિવાદ સર્જાયો હતો. પરિવાર સાથે ફરવા ગયેલા મેનેજર અને અન્ય ત્રણ જૂથો પર 'હિન્દુ સંસ્કૃતિ'ના નામે હુમલો કરવામાં આવ્યો હોવાના આક્ષેપ સાથે પોલીસે ૮ લોકો વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. ઘટનાના વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ પોલીસે કાર્યવાહી શરૂ કરી દીધી છે.

આ મામલો ૩૯ વર્ષીય એક ખાનગી કંપનીના વરિષ્ઠ મેનેજરની ફરિયાદ કર્યા બાદ આ કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. ફરિયાદ કરનાર પોતાના પરિવાર અને મિત્રો સાથે સિંહગઢ ફરવા પહોંચ્યા હતા. તાનાજી માલુસરે સ્મારકથી પરત ફરતી વખતે અમુક લોકોએ તેમને રોકી લીધા હતા. આરોપ છે કે તેમના શોર્ટ્સ પહેરવા મુદ્દે પણ પ્રશ્નો કરવામાં આવ્યા હતા. બાદમાં વિવાદ વકરતા તેમની મારપીટ પણ કરવામાં આવી હતી. ફરિયાદ અનુસાર અમુક લોકોએ તેમને લાફા માર્યા હતા, જ્યારે એક મહિલાએ તો પર્યટકની પત્ની સાથે કથિતપણે મારપીટ કરી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર રવિવારે ચાર અલગ અલગ જૂથોએ પર્યટકો સાથે વિવાદ અને મારામારી કર્યાની ફરિયાદ મળી હતી. એક અન્ય ફરિયાદમાં મહિલા પર્યટક સહિત અનેક લોકો સાથે મારપીટનો આરોપ લગાવવામાં આવ્યો હતો. અમુક પર્યટકોને લાફો મારવા અને પ્લાસ્ટિકના સળિયા વડે હુમલો કરવાની વાત પણ સામે આવી હતી.

ઘટનાના અનેક વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યા છે. વીડિયોમાં સિંહગઢ કિલ્લા પર અમુક લોકો વચ્ચે ઝપાઝપી અને ઝઘડો જોવા મળી રહ્યો છે. વીડિયો સામે આવ્યા બાદ પોલીસે આ મામલે ફરિયાદના આધારે તપાસ શરૂ કરી દીધી છે. ■

OM® JEWELLERS
Borivali | Mulund | Ghatkopar | Bandra

આ ગ્રાન્ડ સીઝન ની શાનદાર શરૂઆત કરો ૐ જ્વેલર્સ સાથે....
0% મેકિંગ ચાર્જીસ નેચરલ ડાયમંડ અને સોલિટેર નેકલેસ પર
૫૦% છૂટ મેકિંગ ચાર્જીસ નેચરલ પોલ્કી જ્વેલરી પર
૧૦૦% સુધી ની છૂટ મેકિંગ ચાર્જીસ ગોલ્ડ અને એન્ટિક જ્વેલરી પર
— જલ્દી કરો! ઓફર થોડા સમય માટે જ છે —
*નિયમો અને શરતો લાગુ. ચિત્ર માત્ર પ્રતિનિધિત્વ માટે છે.
એલ.ટી. રોડ, બોરીવલી (પ.) ૦૨૨ ૬૧૫૮ ૭૦૦૦ | આર.આર.ટી. રોડ, મુલુંડ (પ.) ૦૨૨ ૨૫૯૨ ૭૮૭૦ | એમ.જી. રોડ, ઘાટકોપર (પૂ.) ૦૨૨ ૬૯૩૧ ૬૦૦૦ | ૩૬ ટર્નર રોડ, બાંદ્રા (પ.) ૦૨૨ ૬૮૩૧ ૮૨૮૨

# ફોર્ટ વિસ્તારના ઐતિહાસિક સ્થળો કચરાગાડીથી મુક્ત થશે

મુંબઈ : બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશને (બીએમસી) બુધવારે બોમ્બે હાઈ કોર્ટને જણાવ્યું હતું કે તે શહેરના 'ફોર્ટ' વિસ્તારમાં આવેલા અને મોટી સંખ્યામાં પ્રવાસીઓને આકર્ષતા હેરિટેજ સ્થળોની નજીક કચરો વહન કરતા વાહનોને પાર્ક કરવા પર પ્રતિબંધ મૂકશે. અગાઉના આદેશના ઉલ્લંઘન અંગે હાઈ કોર્ટે વ્યક્ત કરેલી ચિંતા બાદ, સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાએ સોગંદનામું રજૂ કર્યું હતું. ''ફોર્ટ વિસ્તારમાં સિટી સિવિલ કોર્ટ, મુંબઈ યુનિવર્સિટી અને બોમ્બે હાઈ કોર્ટ જેવા હેરિટેજ સ્થળોની નજીક કચરો વહન કરતા વાહનોની અવરજવર અને તેમના પાર્કિંગ પર પ્રતિબંધ મૂકતા અદાલતના આદેશોનું હવે ચુસ્તપણે પાલન કરવામાં આવશે,'' તેમ સોગંદનામામાં જણાવાયું હતું. ભવિષ્યમાં કચરાની ટ્રકોનું પાર્કિંગ કરવામાં આવશે નહીં, તેમ તેમાં ઉમેરવામાં આવ્યું હતું.

આ મામલાની સુનાવણી કરતી જસ્ટિસ જી. એસ. કુલકર્ણી અને નીલા ગોખલેની ડિવિઝન બેન્ચે સોગંદનામામાં કરવામાં આવેલી બાંયધરી અને નિવેદનોનો સ્વીકાર કર્યો હતો અને ભવિષ્યમાં આદેશોના પાલન કરવાની તાકીદ કરી હતી. અગાઉ, ૧૪ ઓગસ્ટે સિટી સિવિલ કોર્ટની સામે પાર્ક કરાયેલા ઘન કચરાના વ્યવસ્થાપન માટેના વાહનોની નોંધ લેતા, અદાલતે તેને ''અદાલતના નિર્દેશોનું ખુલ્લેઆમ ઉલ્લંઘન'' ગણાવ્યું હતું. અદાલતે કહ્યું હતું કે નગરપાલિકાના કચરો ઉપાડતા ટ્રકો દ્વારા કચરાના અયોગ્ય વ્યવસ્થાપનને કારણે આ સ્થળોની મુલાકાત લેતા મોટી સંખ્યામાં પ્રવાસીઓ કચરો જુએ છે. ■

# મુંબઈનાં મેયર રિતુ તાવડે જોગેશ્વરી ટ્રૉમા કેર હોસ્પિટલની સરપ્રાઇઝ મુલાકાતે

મુંબઈઃ મુંબઈના મેયર રિતુ તાવડેએ બુધવારે સાંજે જોગેશ્વરી પૂર્વમાં આવેલા હિંદુ હૃદય સમ્રાટ બાળાસાહેબ ઠાકરે ટ્રોમા કેર મ્યુનિસિપલ હોસ્પિટલની અચાનક મુલાકાત લીધી હતી, જ્યાં તેમણે તબીબી સુવિધાઓ, દર્દીઓની સંભાળ, સ્વચ્છતા અને હોસ્પિટલની વ્યવસ્થાઓની સમીક્ષા કરી હતી. ૧૯ ઓગસ્ટના રોજ હાથ ધરવામાં આવેલા નિરીક્ષણ દરમિયાન, તાવડેએ ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલા મહાત્મા જ્યોતિબા ફૂલે જન આરોગ્ય યોજનાના રજિસ્ટ્રેશન કાઉન્ટરની મુલાકાત લીધી હતી. તેમણે હોસ્પિટલ વહીવટીતંત્રને હાલના સવારે ૮ થી સાંજે ૪ વાગ્યાના સમયપત્રકના બદલે આ કાઉન્ટરને ૨૪ કલાક ચાલુ રાખવા માટે નિર્દેશ આપ્યા હતા. તેમણે એમ પણ જણાવ્યું હતું કે આયુષ્યમાન કાર્ડ ધરાવતા દર્દીઓ પાસે અનાવશ્યક રીતે વધારાના દસ્તાવેજો જમા કરાવવાની માંગણી કરવી જોઈએ નહીં. ત્યારબાદ મેયરે નવમા અને દસમા માળે આવેલા અકસ્માત વિભાગ, ઇન્ટેન્સિવ કેર યુનિટ તેમજ વિવિધ બાળરોગ, મહિલા અને પુરુષ વોર્ડની મુલાકાત લીધી હતી. ■

# નાલોસાપારામાં સગીરની કારે બે મહિલાને અડફેટમાં લીધીઃ એકનું મોત

વસઇઃ નાલાસોપારામાં ૧૬ વર્ષના સગીરે પૂરપાટ વેગે કાર હંકારીને બે મહિલાને અડફેટમાં લીધી હતી, જેમાંથી એકનું મોત થયું હતું, જ્યારે બીજી મહિલાને ગંભીર ઇજા પહોંચી હતી. તુલિંજ પોલીસે સગીરને તાબામાં લીધો હતો અને કારના માલિક તથા સગીરને કાર ચલાવવાની મંજૂરી આપનારી વ્યક્તિ વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ નાલાસોપારા પૂર્વમાં દત્તનગર ખાતે બુધવારે સાંજે ૪.૪૫ વાગ્યાની આસપાસ આ અકસ્માત થયો હતો, જેમાં મૃત્યુ પામેલી મહિલાની ઓળખ શ્રેયા મિસાળ (૩૨) તરીકે થઇ હતી. અકસ્માતમાં મહિલા પ્રગતિ મોરે (૩૬) ઘાયલ થઇ હતી.

નાલાસોપારા પૂર્વમાં નગીનદાસ પાડા ખાતે રહેતી બંને મહિલા બુધવારે સવારે કામ નિમિત્તે વસઇ ગઇ હતી અને સાંજે નાલાસોપારા સ્ટેશન પર પાછી આવી હતી. બંને મહિલા દત્તનગર તરફ જઇ રહી હતી ત્યારે કારને તેમને અડફેટમાં લીધી હતી. ગંભીર રીતે ઘવાયેલી બંને મહિલાને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં લઇ જવામાં આવી હતી, જ્યાં શ્રેયા મિસાળનું સારવાર દરમિયાન રાતે મૃત્યુ થયું હતું. પોલીસે આ પ્રકરણે કારના માલિક સહિત બે જણ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા તેમ જ મોટર વેહિકલ એક્ટ હેઠળ ગુનો દાખલ કર્યો હતો. ■

# સગીરા પર બળાત્કાર ગુજારી તેને ધમકાવીઃ યુવકની ધરપકડ

થાણેઃ થાણે જિલ્લાના ભિવંડીમાં પંદર વર્ષની સગીરા પર બળાત્કાર ગુજાર્યા બાદ તેને જાનથી મારી નાખવાની ધમકી આપવા બદલ ૨૭ વર્ષના યુવકની ધરપકડ કરાઇ હતી.

પોલીસના જણાવ્યા અનુસાર ભિવંડી વિસ્તારમાં ૧૭ ઑગસ્ટે આ ઘટના બની હતી. પીડિતા અને આરોપીનો ભાઇ એકબીજાને ઓળખતા હોઇ આરોપી ઘટનાને દિવસે પીડિતાને પોતાના ભાઇના ઘરે લઇ ગયો હતો, જ્યાં તેના પર કથિત બળાત્કાર ગુજાર્યો હતો અને ઘટનાની કોઇને પણ જાણ કરે તો જાનથી મારી નાખવાની તેને ધમકી આપી હતી. કોનગાંવ પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે પીડિતાએ તેના પરિવારને તમામ હકીકત જણાવી હતી અને બાદમાં પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઇ હતી. પોલીસે આ પ્રકરણે આરોપી યુવક વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા અને પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સીસ (પોક્સો)ની સુસંગત જોગવાઇઓ હેઠળ ગુનો દાખલ કર્યો હતો અને ૧૮ ઑગસ્ટે તેની ધરપકડ કરવામાં આવી હતી. (પીટીઆઇ)■

FREE HOME delivery
ૐm dryfruits
Dry Fruits & Kirana Merchants
Suresh Shah
98202 62098
98202 11374
85916 27677
85911 47677
રક્ષાબંધનના પવિત્ર તહેવાર માટે શ્રેષ્ઠ ગુણવત્તાયુક્ત, સ્વાસ્થ્યવર્ધક, પોષ્ટીક સૂકામેવાનું એકમાત્ર સ્થળ
ફ્રી હોમ ડિલિવરી

| | |
|---|---|
| રેગ્યુલર બદામ | ૧૧૦૦ |
| કેલિફોર્નિયા M બદામ | ૧૧૫૦ |
| કેલિફોર્નિયા A બદામ | ૧૨૦૦ |
| કેલિફોર્નિયા 2A બદામ | ૧૩૦૦ |
| કેલિફોર્નિયા 3A બદામ | ૧૪૦૦ |
| સોલ્ટેડ બદામ | ૧૨૦૦ |
| સોલ્ટેડ 3A બદામ | ૧૪૦૦ |
| બેસ્ટ ટોચ મમરા બદામ | ૨૪૦૦ |
| 2A મામરા બદામ | ૩૮૦૦ |
| 3A મામરા બદામ | ૪૪૦૦ |
| 4A મામરા બદામ | ૪૮૦૦ |
| 5A મામરા બદામ | ૫૬૦૦ |
| 6A જમ્બો મામરા બદામ | ૧૦૦૦૦ |
| બદામ સ્લાઈસ | ૧૧૦૦ |
| છીલટાવાળા ગોવા કાજુ | ૧૦૦૦ |
| જમ્બો છીલટાવાળા ગોવા કાજુ | ૧૬૦૦ |
| રેગ્યુલર કાજુ | ૧૦૦૦ |
| 1A કાજુ | ૧૧૦૦ |
| 2A કાજુ | ૧૩૦૦ |
| 3A કાજુ | ૧૪૦૦ |
| 5A કાજુ જમ્બો | ૧૮૦૦ |
| 2A સોલ્ટેડ કાજુ | ૧૨૦૦ |
| રોસ્ટેડ કાજુ જમ્બો | ૧૬૦૦ |
| મસાલા / મરી / પુદિના કાજુ | ૧૨૦૦ |
| પેરી પેરી કાજુ / ચિઝ કાજુ | ૧૨૦૦ |

| | |
|---|---|
| કાજુ કણી સફેદ | ૭૨૦ |
| કાજુ ટુકડા રેગ્યુલર | ૮૮૦ |
| કાજુ ટુકડા મોટી સાઈઝ | ૯૬૦ |
| કાજુ ટુકડા ફાડચા જમ્બો | ૧૧૦૦ |
| કાજુ પુરી | ૧૦૦૦ |
| કાજુ રોટલા | ૧૨૦૦ |
| ઈન્ડિયન કિસમિસ | ૬૦૦/૬૮૦ |
| અફઘાની કિસમિસ | ૮૦૦/૧૦૦૦ |
| અફઘાની ગ્રીન કિસમિસ | ૧૪૦૦ |
| સિન્ધુકાની ગ્રીન કિસમિસ | ૨૦૦૦ |
| રેગ્યુલર કાળી કિસમિસ | ૫૬૦ |
| સીડલેસ કાળી કિસમિસ | ૬૦૦ |
| મોટી સીડલેસ કાળી કિસમિસ | ૮૦૦ |
| મોટી કાળી કિસમિસ | ૧૦૦૦ |
| જંબો સીડલેસ કાળી કિસમિસ | ૧૪૦૦ |
| આખા અખરોટ | ૧૦૦૦ |
| અખરોટ કણી | ૧૦૦૦ |
| અખરોટ ટુકડા નવા | ૧૫૦૦ |
| કેલિફોર્નિયા અખરોટ મગજ | ૧૮૦૦ |
| વ્હાઈટ અખરોટ | ૨૨૦૦ |
| જમ્બો સુપર વ્હાઈટ અખરોટ | ૨૪૦૦ |
| એપ્રીકોટ (જરદાળુ) રેગ્યુલર | ૮૦૦ |
| 2A એપ્રીકોટ (જરદાળુ) | ૧૦૦૦ |
| 3A એપ્રીકોટ (જરદાળુ) | ૧૨૦૦ |
| જમ્બો એપ્રીકોટ (જરદાળું) | ૧૪૦૦ |
| સુપર જમ્બો એપ્રીકોટ (જરદાળું) | ૧૬૦૦ |

| | |
|---|---|
| A અંજીર | ૧૪૦૦ |
| 2A અંજીર | ૧૬૦૦ |
| 3A અંજીર | ૧૮૦૦ |
| 4A અંજીર | ૨૦૦૦ |
| 5A અંજીર | ૨૪૦૦ |
| 6A અંજીર | ૨૮૦૦ |
| 7A અંજીર જમ્બો | ૩૬૦૦ |
| પીસ્તા મગજ | ૨૮૦૦ |
| મોટા પીસ્તા મગજ | ૩૦૦૦ |
| A મોટા પીસ્તા મગજ | ૩૨૦૦ |
| જમ્બો પીસ્તા મગજ | ૩૪૦૦ |
| પિશોરી પીસ્તા | ૪૨૦૦ |
| પીસ્તા સ્લાઈસ | ૨૮૦૦ |
| સોલ્ટેડ પીસ્તા | ૧૬૦૦ |
| 2A સોલ્ટેડ પીસ્તા | ૧૮૦૦ |
| 3A સોલ્ટેડ પીસ્તા | ૨૦૦૦ |
| અકબરી સોલ્ટેડ પીસ્તા | ૨૨૦૦ |
| પબડી ગોટા | ૧૦૦૦ |
| પબડી ફાડચા | ૮૦૦ |
| કીમીયા કાળી ખજૂર (૫૦૦ ગ્રામ) | ૨૪૦ |
| ઓમાન કાળી ખજૂર | ૫૬૦ |
| ઓમાન કાળી ખજૂર સીડલેસ | ૬૦૦ |
| કલમી ખજૂર | ૯૦૦ |
| કલમી ખજૂર સીડલેસ | ૧૦૦૦ |
| કલમી ખજૂર સીડલેસ જમ્બો | ૧૦૦૦ |
| મજદૂલ ખજૂર (લૂજ) | ૧૨૦૦ |
| મજદૂલ ખજૂર જમ્બો (લૂજ) | ૧૫૦૦ |

| | |
|---|---|
| જમ્બો મજદૂલ ખજૂર | ૧૮૦૦ |
| સુપર જમ્બો મજદૂલ ખજૂર | ૨૦૦૦ |
| અજવા ખજૂર | ૧૨૦૦ |
| લાલ ખજૂર | ૧૬૦ |
| સીડલેસ લાલ ખજૂર | ૨૦૦ |
| પમ્પકીન સીડસ | ૬૦૦ |
| રોસ્ટેડ પમ્પકીન સીડસ | ૭૦૦ |
| સનફલાવર સીડ | ૩૨૦ |
| રોસ્ટેડ સનફલાવર સીડ | ૪૦૦ |
| ચીયા સીડસ | ૩૬૦ |
| ક્યુનોવા | ૨૮૦ |
| કલીંગર સીડસ | ૬૮૦ |
| ફ્લેક્સ સીડસ (અળસી) | ૧૬૦ |
| રોસ્ટેડ ફ્લેક્સ સીડસ (અળસી) | ૨૦૦ |
| રોસ્ટેડ ૭ સીડસ | ૭૦૦ |
| ધાણાદાળ | ૪૪૦ |
| ગોટલી મુખવાસ | ૬૦૦ |
| બદામ ડ્રાયફ્રુટ મુખવાસ | ૧૨૦૦ |
| સ્વીટ ડ્રાયફ્રુટ ભેળ | ૧૨૦૦ |
| સ્પાઈસી ડ્રાયફ્રુટ ભેળ | ૧૨૦૦ |
| ચારોલી | ૨૪૦૦ |
| ગ્રીન ઈલાયચી | ૪૦૦૦/૪૪૦૦/૪૮૦૦ |
| ઈલાયચી પાવડર | ૪૦૦૦ |
| કેનબેરી | ૬૮૦ |
| કેનબેરી આખી | ૮૦૦ |
| બ્લ્યુ બેરી | ૧૬૦૦ |
| ડ્રાય કિવી | ૬૦૦ |
| ડ્રાય માંગો / ડ્રાય પાઇનએપલ | ૬૮૦ |
| બ્રાઝિલ નટસ | ૩૬૦૦ |

| | |
|---|---|
| હેઝલ નટ | ૨૫૦૦ |
| પ્રુન્સ | ૮૦૦ |
| મીક્ષ ડ્રાયફ્રુટ | ૧૨૦૦ |
| પ્રોટીન બુસ્ટર | ૬૮૦ |
| જાંબુન સ્લાઈસ | ૩૨૦૦ |
| પીકન નટ | ૨૨૦૦ |
| મેકેડેમીયા નટસ | ૩૦૦૦ |
| ચીલગોઝા | ૬૦૦૦ |
| A મખાના | ૧૨૦૦ |
| 2A મખાના | ૧૪૦૦ |
| જમ્બો મખાના | ૧૮૦૦ |
| ટર્કીશ એપ્રીકોટ (આલુચા) | ૧૮૦૦ |
| સૂકી ખજૂર (ખારેક) | ૪૮૦ |
| તજ પાવડર | ૬૦૦ |
| ગુંદર કણી | ૨૮૦/૩૨૦ |
| જીરાગોળી | ૨૮૦ |
| મીઠા આમળા | ૨૦૦ |
| હની આમળા | ૩૬૦ |
| ઈરાની કેસર (૧ ગ્રામ) | ૨૫૦ |
| કાશ્મીર કેસર (૧ ગ્રામ) | ૪૦૦ |
| સ્પેનીશ કેસર (૧ ગ્રામ) | ૪૫૦ |
| ભીમસેની કપુર | ૧૨૦૦ |
| કાળા મરી | ૧૦૦૦/૧૧૦૦/૧૨૦૦ |
| જાવત્રી | ૩૬૦૦ |
| બાદયાન | ૧૨૦૦ |
| જાયફળ | ૧૪૦૦ |

| | |
|---|---|
| નવા લોકવાન ઘંઉ | ૪૪ |
| નવા બેસ્ટ સરબતી એમપી સિહોર | ૬૪ |
| નવા એમપી સિહોર | ૫૨/૬૦ |
| જુના પરિમલ | ૪૦ |
| સુરતી કોલમ | ૬૦/૭૫ |
| જુના લચકારી વાડા કોલમ | ૮૦ |
| જુના આંબામોર | ૨૧૦ |
| જુના કાળી મુછ | ૯૦ |
| નવા કાળી મુછ | ૯૦ |
| નવી રેંટીયો તુવેર દાળ | ૧૭૦ |
| અંગુર તુવરદાળ | ૧૬૦ |
| લક્ષ્મી તુવેરદાળ | ૧૫૦ |
| કોરી તુવર દાળ લાતુર | ૧૪૦ |
| કોરી તુવર દાળ ગુજરાત મઢી | ૧૬૦ |
| દામજી પાસુ તુવરદાળ | ૨૦૦ |
| જુના બાસમતી | ૧૨૦/૧૪૦ |
| જાડા પૌંઆ | ૬૫ |
| મંગલમ જાડા પૌંઆ | ૭૬ |
| પાતળા પૌંઆ | ૬૮ |
| બારીક સાકર | ૬૪ |
| જાડી સાકર | ૬૬ |
| મધુર સાકર | ૬૦ |
| ખડી સાકર | ૧૦૦ |
| ઠાકોરજીની મિશ્રી | ૧૨૦ |

| | |
|---|---|
| બુરુ સાકર | ૮૦ |
| ધાગા સાકર | ૧૪૦ |
| રાવલગાવ ચોરસ સાકર | ૯૦ |
| મોગરદાળ રેગ્યુલર | ૧૩૦ |
| જાડી મોગરદાળ | ૧૪૦ |
| મોગરદાળ રજવાડી | ૧૬૦ |
| નવી મસુરદાળ | ૯૦ |
| અળદ દાળ | ૧૪૦/૧૬૦ |
| ચણા દાળ | ૮૪/૯૦ |
| ગ્રીન છીલટી મગ દાળ | ૧૨૦/૧૪૦ |
| જાડી ગ્રીન છીલટી મગ દાળ | ૧૬૦ |
| મગ બારીક | ૧૨૦ |
| મગ મિડીયમ | ૧૬૦ |
| જાડા મગ દેશી | ૨૨૦ |
| મઠ | ૧૨૦ |
| આખા મસુર | ૧૨૦ |
| સફેદ વટાણા | ૧૦૦/૧૨૦ |
| લીલા વટાણા | ૧૬૦ |
| કાળા વટાણા | ૧૬૦ |
| વાલ સુરતી | ૨૦૦ |
| ચોરા | ૧૨૦ |
| જાડા ડોલર ચોરા | ૧૪૦ |
| બારીક ચોરા | ૨૪૦ |
| બીબી પાપડી વાલ | ૧૬૦ |
| લાલ ચણા નાના | ૯૦ |
| લાલ મોસંબી ચણા | ૧૪૦ |

| | |
|---|---|
| કાબૂલી ચણા | ૧૨૦/૧૪૦/૧૬૦ |
| વાલની દાળ | ૨૪૦ |
| ચોળાની દાળ | ૧૬૦ |
| રાજમા | ૧૬૦ |
| જમ્બો રાજમા | ૧૬૦ |
| સફેદ ચિત્રા રાજમા | ૧૬૦ |
| લાલ તુવર | ૨૦૦ |
| કબૂતર જુવાર | ૩૮ |
| સોલાપુર જુવાર | ૮૦ |
| બાજરી | ૬૦ |
| ખાવાની પીળી મકાઈ | ૬૦ |
| પોપકોર્ન મકાઈ | ૧૪૦ |
| લાપસી રવો | ૫૨ |
| જાડો / બારીક રવો | ૪૮ |
| મેંદો | ૪૮ |
| જીરૂ | ૩૨૦/૩૬૦/૪૦૦/૪૮૦ |
| જુવારનો લોટ | ૯૦ |
| નાચણીનો લોટ | ૮૦ |
| મકાઇનો લોટ | ૮૦ |
| રાજગીરાનો લોટ | ૧૮૦ |
| ઢોકળાનો લોટ | ૧૨૦ |
| હાંડવાનો લોટ | ૧૬૦ |
| ચોખાનો લોટ | ૮૦ |

| | |
|---|---|
| સામો | ૨૬૦ |
| કુટી દાળો | ૨૪૦ |
| કુટી લોટ | ૨૮૦ |
| સીંગોડાનો લોટ | ૪૦૦ |
| એમપી ઘઉંનો લોટ | ૬૫ |
| ઘઉંનો લાડુ લોટ | ૭૦ |
| સીંગદાણા | ૧૬૦/૧૭૦/૧૮૦ |
| આખા સીંગ (ભુતડા) | ૧૪૦ |
| સાબુદાણા | ૮૦ |
| નવો દેશી ગોળ | ૭૫ |
| બરફી ગોળ | ૬૫ |
| ગોળ પાવડર | ૧૪૦ |
| ગોળ ક્યુબ્સ ૫૦૦ ગ્રામ બરણી | ૭૫ |
| મેથી | ૧૨૦/૧૬૦ |
| જમ્બો જાડી મેથી | ૨૦૦ |
| લીલી વરિયાળી | ૪૦૦/૪૮૦/૫૨૦ |
| લખનૌ વરિયાળી ગ્રીન | ૪૮૦ |
| ધાણા દાળ | ૪૪૦ |
| તલ | ૨૪૦/૨૮૦ |
| કાળા તલ | ૩૬૦ |
| સુવા | ૩૬૦ |
| આજમો | ૩૬૦/૪૪૦ |
| જાડો આજમો | ૬૦૦ |
| રતલામ ખસખસ | ૨૨૦૦ |

| | |
|---|---|
| તજ | ૪૦૦/૬૮૦ |
| લવીંગ | ૧૨૦૦/૧૪૦૦ |
| રાઈ | ૧૨૦/૧૪૦/૧૬૦ |
| લોનાવલા કોક્મ | ૬૦૦ |
| રાઇ કુરીયા | ૨૦૦ |
| મેથી કુરીયા | ૨૮૦ |
| ધાણા કુરીયા | ૩૨૦ |
| ~~~હોમમેડ મસાલા~~~ | |
| સ્પેશ્યલ દુધનો મસાલો | ૨૮૦૦ |
| ઓરગૈનીક સૂઠ પાવડર | ૬૦૦ |
| ઓરગૈનીક પીપરામુળ પાવડર | ૧૦૦૦ |
| પ્યોર ચાનો મસાલો | ૧૨૦૦ |
| પ્યોર ગરમ મસાલો | ૧૨૦૦ |
| પ્યોર આમચૂર પાવડર | ૬૦૦ |
| ખોપરા ખમણ | ૪૦૦ |
| સેલમ હળદર પાવડર | ૩૨૦ |
| મિરચી પાવડર | ૪૮૦ |
| કશ્મિર મિરચી પાવડર | ૮૦૦ |
| માલવણી મસાલા | ૪૦૦ |
| ધાણા પાવડર | ૨૮૦ |
| ધાણા જીરૂ પાવડર | ૩૬૦ |
| સિંધેવ મીઠુ (પિન્ક સોલ્ટ) | ૬૦ |
| સાદુ લસણ મોટી સાઈઝ | ૩૬૦ |

FREE HOME DELIVERY
Add: ૭, જે બી શાહ માર્કેટ, પ્રભુ હોટલ સામે, સ્ટેશન નજીક, મસ્જિદ બંદર (પ.), મુંબઈ - ૯. Payment: Cash on Delivery, GPay, PayTM, Bank Transfer & Credit Card
મિનીમમ ઓર્ડર ૨,૦૦૦/- થાણા થી આગળ ૩,૦૦૦/- દહીસર થી વિરાર ૪,૦૦૦/- Sunday Closed Rates per kg.
S. Arts

# નાશિકમાં ખાડાને કારણે થયેલા મૃત્યુ સામે સદોષ માનવવધના કેસની માગણી

નાશિકઃ શિવસેનાના નેતા સંજય રાઉતે સોમવારે નાશિકમાં ખાડાઓ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સમસ્યા અંગે મહારાષ્ટ્ર સરકાર પર પ્રહાર કરી વહીવટી તંત્રની બેદરકારીને કારણે ૧૦ લોકોએ જીવ ગુમાવ્યા હોવાનો આરોપ મૂક્યો હતો. પાલિકા અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરો સામે ગુનાહિત હત્યાના કેસ ચલાવવાની માગણી પણ તેમણે કરી હતી. નાશિક મ્યુનિસિપલ કોર્પોરેશન મુખ્યાલય સુધી 'જન આક્રોશ મોરચો'નું નેતૃત્વ કરતા રાજ્યસભાના સંસદ સભ્ય રાઉતે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને કુંભ મેળાના પ્રધાન ગિરીશ મહાજનની ટીકા કરી આગામી ૨૦૨૭ના સિંહસ્થ કુંભમેળા સાથે જોડાયેલા પ્રોજેક્ટ્સમાં ભ્રષ્ટાચારનો આરોપ કર્યો હતો. સેંકડો નાગરિકો અને શિવસેના કાર્યકરોએ મોરચામાં ભાગ લીધો હતો. રાઉતે જણાવ્યું હતું કે 'સિંહસ્થ કુંભ મેળાના નામે શહેરમાં ચાલી રહેલા ખાડાઓ અને કામોને કારણે દસ નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યા છે. આ લોકો (ફડણવીસ અને મહાજન) રસ્તા પરના ખાડાનું સમારકામ નથી કરી શક્યા અને કુંભમેળાનું આયોજન કરવા માંગે છે.'

કુંભ મેળાનું બજેટ ૧૫ હજાર કરોડ રૂપિયાથી વધારીને ૪૫ હજાર કરોડ રૂપિયા કરવામાં આવ્યું છે. પહેલા ૧૫ હજાર શૌચાલય બનાવવાના હતા. હવે પંચાવન હજાર શૌચાલય બનાવવામાં આવશે. તેમાં ૧૦ હજાર વીઆઈપી શૌચાલયનો સમાવેશ થાય છે. શું વીઆઈપી શૌચાલયમાં સોનાના કમોડ હોય છે?

# ઓટીપી મરાઠીમાં બોલવા મુદ્દે કેબ ડ્રાઈવર અને મુસાફર વચ્ચે ઉગ્ર વિવાદ

મુંબઈઃ મહારાષ્ટ્રમાં કેબ અને ઓટોરિક્ષા ચાલકો માટે પ્રેક્ટિકલ મરાઠી ભાષાનું જ્ઞાન ફરજિયાત કરવાના નિર્ણય વચ્ચે સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થયો છે. વીડિયોમાં કેબ ડ્રાઈવર અને મુસાફર વચ્ચે ઓટીપી મરાઠીમાં બોલવા મુદ્દે ઉગ્ર બોલાચાલી થતી જોવા મળે છે.

વીડિયોમાં મુસાફર કેબની આગળની સીટ પર બેઠેલો જોવા મળે છે અને વીડિયો શરૂ કરતાં 'બોલો' કહે છે. ત્યારબાદ ડ્રાઈવર તેને અંગ્રેજીમાં બોલવાનું કહે છે. મુસાફર ચાર આંકડાનો ઘઝડ મરાઠીમાં બોલ્યો હતો, જેના પર ડ્રાઇવરે ફરીથી ઓટીપી કહેવા માટે કહ્યું હતું અને ફોન ડેશબોર્ડ પર રાખીને મુસાફરને જાતે ઓટીપી દાખલ કરવાનો પણ વિકલ્પ આપ્યો હતો. પણ તો પણ મુસાફરે તેની જીદ છોડી નહોતી. આ દરમિયાન ડ્રાઈવરે મુસાફરને સવાલ કર્યો હતો કે, ''એપ અંગ્રેજીમાં છે કે મરાઠીમાં?'' તેના જવાબમાં મુસાફરે કહ્યું હતું કે તે મહારાષ્ટ્રમાં ડ્રાઇવિંગ કરી રહ્યો છે અને રાજ્યએ તેને લાઈસન્સ આપ્યું છે. આ મુદ્દે બંને વચ્ચે બોલાચાલી વધુ ઉગ્ર બનતી જોવા મળી હતી, આ સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થયો હતો અને લોકોએ પણ તે બાબતે મિશ્ર પ્રતિક્રિયા આપી હતી. જોકે, આ ઘટના ક્યારે અને ક્યાં બની હતી તેની ચોક્કસ માહિતી સામે આવી નથી. આ ઉપરાંત કઈ એપ આધારિત કેબમાં આ ઘટના બની હતી તે પણ સ્પષ્ટ નથી. વાયરલ વીડિયોની સ્વતંત્ર રીતે પુષ્ટિ થઈ નથી. મહારાષ્ટ્ર સરકાર ૨૦ ઓગસ્ટ, ગુરુવારથી ઓટોરિક્ષા અને ટેક્સી ડ્રાઇવરો માટે વ્યવહારુ મરાઠી ભાષાના જ્ઞાનના નિયમનો અમલ શરૂ કરી રહી છે. ટ્રાન્સપોર્ટ મંત્રી પ્રતાપ સરનાઈકે ગઈકાલે આ અંગે માહિતી આપી હતી.

મહારાષ્ટ્ર મોટર વ્હીકલ્સ (અમેન્ડમેન્ટ) રૂલ્સ હેઠળ ઘહફ, ગ્બયર્ અને છ્ફાશમજ્ઞ જેવા એપ આધારિત કેબ ડ્રાઇવરો માટે પણ મરાઠીનું પ્રેક્ટિકલ જ્ઞાન ફરજિયાત રહેશે અને એગ્રીગેટર પ્લેટફોર્મ કે તેમના ડ્રાઈવરોને કોઈ છૂટ આપવામાં આવી નથી, જે ચાલકો પરીક્ષામાં સફળ નહીં થાય તેમના લાઈસન્સ પણ રદ્દ કરવાની જોગવાઈ નવા નિયમો હેઠળ છે. તે વચ્ચે હવે આ વિવાદે લોકોને વિચારતા કરી દીધા છે.

# અમરાવતી આશ્રમશાળા વિવાદઃ 'ભૂત'ના ડરથી ગયેલા વિદ્યાર્થીઓ માટે નવી હોસ્ટેલ તૈયાર

અમરાવતીઃ મહારાષ્ટ્રના અમરાવતી જિલ્લામાં આવેલી ચિખલદારા આશ્રમશાળામાં અસામાન્ય વર્તન અને ભૂત-પ્રેતની અફવાઓને કારણે અંધાધૂંધી સર્જાઈ હતી. લગભગ ૬૦૦ વિદ્યાર્થી શાળા છોડીને ઘરે જતા રહ્યા હતા. મનોવૈજ્ઞાનિક કાઉન્સેલિંગ અને અંધશ્રદ્ધા નિર્મૂલન સમિતિની સમજાવટ બાદ હવે તંત્ર દ્વારા વિદ્યાર્થિનીઓને ૧ સપ્ટેમ્બરથી કેમ્પસમાં બનેલી નવી સુસજ્જ હોસ્ટેલમાં ખસેડવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.

ડોમા સ્થિત આશ્રમશાળામાં હાલની છોકરીઓની હોસ્ટેલ લાંબા સમયથી ક્ષમતા કરતાં વધુ વિદ્યાર્થીઓને સમાવી રહી હતી. એડિશનલ આદિવાસી કમિશનર સંદીપ ગોલાઈતે જણાવ્યું હતું કે શાળાના પરિસરમાં છોકરીઓ માટે અલગ નવી હોસ્ટેલ બનાવવામાં આવી છે. પહેલી સપ્ટેમ્બરથી વિદ્યાર્થિનીઓને નવી હોસ્ટેલમાં ખસેડવાની પ્રક્રિયા શરૂ થશે. નવી હોસ્ટેલમાં તમામ વિદ્યાર્થિનીઓને સમાવી શકાય તે માટે બંક બેડની વ્યવસ્થા કરવામાં આવી છે. અગાઉ સત્તાવાળાઓ સામે એક અસામાન્ય પરિસ્થિતિ ઊભી થઈ હતી. આ ઘટના ૨૨ જુલાઈએ શરૂ થઈ હતી, જ્યારે ચાર વિદ્યાર્થિની વિચિત્ર રીતે વર્તવા લાગી હતી. તેઓ સતત રડતી અને હસતી હતી. અધિકારીઓને શંકા છે કે આ વર્તન માનસિક તણાવ સાથે સંબંધિત હોઈ શકે છે.

મહારાષ્ટ્રના ઉત્તરીય ભાગમાં આવેલા મેલઘાટ વિસ્તારમાં આવેલી આ નિવાસી શાળામાં કુલ ૮૧૦ છોકરા-છોકરીઓ અભ્યાસ કરે છે. આ શાળા મુંબઈથી ૭૦૦ કિલોમીટરથી વધુ દૂર છે. કેટલીક વિદ્યાર્થિનીઓના અસામાન્ય વર્તન બાદ અનેક પ્રકારની માન્યતાઓ અને અફવાઓ ફેલાઈ હતી. સત્તાવાળાઓ દ્વારા તૈયાર કરવામાં આવેલા મનોવૈજ્ઞાનિક અહેવાલમાં પણ તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે ત્યાર બાદ ગામની કેટલીક મહિલાઓમાં પણ આવા જ પ્રકારના માનસિક લક્ષણો જોવા મળ્યા હતા. વિદ્યાર્થીઓ અને સ્થાનિક લોકોમાં એવી માન્યતા છે કે આશ્રમ શાળાની જગ્યાએ એક મહુઆનું ઝાડ હતું, જેના પર આત્માઓ રહેતી હતી. શાળા વ્યવસ્થાપને આ ઝાડ કાપી નાખ્યું અને માનવામાં આવ્યું કે તેનાથી આત્માઓ નારાજ થઈ ગયા અને વિદ્યાર્થીઓને પરેશાન કરવા લાગ્યા.

બીજી માન્યતા એવી હતી કે આશ્રમ શાળાની પાછળ આવેલા તેમના દેવતાના મંદિરને શાળાની ડ્રેનેજ લાઇનથી નુકસાન થયું હતું અથવા તેના પર અતિક્રમણ થયું હતું, જેના કારણે દેવતા નારાજ થયા હતા. શાળાની નજીકના ખેતરમાં એક આદિવાસી યુવાનનું મૃત્યુ થયું હતું અને તેની આત્મા ભૂત બની ગઈ હતી. અહેવાલમાં આ સમગ્ર અસામાન્ય પરિસ્થિતિ પાછળ અંધશ્રદ્ધા, ભય, માનસિક તણાવ અને આત્માઓ અંગેની સ્થાનિક માન્યતાઓને કારણભૂત ગણાવવામાં આવી છે.

# ચાકણ ઔદ્યોગિક ક્ષેત્રમાં અવરોધો દૂર કરવા સરકારનો મોટો નિર્ણય

## પુણે જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં ઉચ્ચ સ્તરીય સમિતિની રચના

પુણેઃ ચાકણ એમઆઇડી હાલમાં એક અલગ જ કારણે ચર્ચામાં આવી છે, જેના પર રાજ્યનું રાજકારણ પણ ગરમાયું છે. વિપક્ષોએ પણ આ મુદ્દે આક્રમક વલણ અપનાવ્યું છે. એકંદરે આ તમામ બાબતોને ધ્યાનમાં રાખીને હવે પ્રશાસન દ્વારા કામગીરીમાં ઝડપ લાવવામાં આવી છે. ચાકણ એમઆઇડીસી વિસ્તારમાં રસ્તાઓની મરમ્મત, ટ્રાફિક જામનું નિવારણ અને વાહન વ્યવહારના સંચાલન માટે એક ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરવામાં આવી છે. સાથે જ, ઉદ્યોગ ફરિયાદ નિવારણ સેલની રચના કરવાના સરકારી નિર્દેશો જારી કરવામાં આવ્યા હોવાની માહિતી છે. પુણેના જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપણા હેઠળ આ સમિતિની રચના કરવામાં આવી હોવાની માહિતી છે. દરમિયાન, ચાકણના રસ્તાના વિકાસ માટે ૯૦ દિવસમાં એક્શન પ્લાન તૈયાર કરવામાં આવશે. આમાં ટ્રાફિક જામનો કાયમી ઉકેલ શોધીને સમિતિ દ્વારા નિયમિતપણે સમીક્ષા કરવામાં આવશે. વધુમાં ચાકણના ઉદ્યોગો માટે 'ઉદ્યોગ ફરિયાદ નિવારણ સેલ' સ્થાપિત કરવામાં આવશે. ઉદ્યોગોના પ્રલંબિત પ્રશ્નો પર હવે જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપણા હેઠળ સમિતિની રચના કરવામાં આવી છે. ચાકણના ઉદ્યોગોની ફરિયાદોનો ઝડપી નિકાલ કરવા માટે આમાં વિશેષ સેલ કાર્યરત રહેશે. ઉદ્યોગોની મંજૂરીઓ અને સેવાઓમાં થતા વિલંબ પર 'ફાસ્ટ-ટ્રેક' કાર્યવાહી કરવામાં આવશે. ચાકણના ઔદ્યોગિક વિકાસને વેગ આપવા માટે ૯૦ દિવસમાં કામો પૂર્ણ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. જ્યારે ઉદ્યોગોની ફરિયાદો માટે ૧૪ સભ્યોની સમિતિની રચના કરવામાં આવી છે,

# પારસી મરણ

શ્રીમતી સૂનુ સોરાબશા કરંજિયા (ઉં. વ. ૯૩) તા. ૧૯-૮-૨૬ના રોજ ગુજરી ગયાં છે. મરહુમ સોરબશા અને મરહુમ કૂમીનાં દીકરી. મરહુમ થ્રીટી, મરહુમ પેરિન, ગૂલુનાં બહેન. વિસ્પી, મરહુમ રોહિન્ટન, મરહુમ પૌરુસ્પ, રોશન, ઝરીન, મરહુમ બરુના આન્ટી. ઠે. ૨૦૪, યુસુફ મેન્શન, બી-બ્લોક, ત્રીજે માળે, ફ્લેટ નં. ૪, ખેતવાડી બેક રોડ, કામા બાગ ફાયર ટેમ્પલ, ખેતવાડી- મુંબઇ-૪.

# હિન્દુ મરણ

જયશ્રીબેન પ્રવીણભાઈ વડેરા (ઉં.વ. ૬૬) તા. ૨૦-૮-૨૬ ગુરુવારના અવસાન પામેલ છે. પ્રવીણભાઈ ભાઈલાલભાઈ વડેરાનાં ધર્મપત્ની, નિલેશભાઈ, વિપુલભાઈ, કલાબેન તથા બીનાબેનનાં માતૃશ્રી. મીત તથા શુભમનાં દાદી અને વીનુભાઈનાં ભાભી. સદગતનું ઉઠમણું તા. ૨૧-૦૮-૨૬, શુક્રવારના ૫ થી ૬ ક. નાગેશ્વર મહાદેવ મંદિર, અશોકસમ્રાટ સ્કૂલ, મોરારી નગર મેઈન રોડ ખાતે.

**દશા સોરઠીયા**

કાનપર નિવાસી હાલ મુંબઈ, સ્વ. જયાબેન હેમચંદ સાંગાણીના પુત્રવધૂ. ભાનુમતી (ઉં. વ. ૭૨) સોમવાર તા. ૧૭-૮-૨૬ના રોજ શ્રીજીચરણ પામેલ છે. મધુકાન્તના ધર્મપત્ની. સ્વ. પ્રભાબેન વિનોદરાય વખારીયાના સુપુત્રી. ખ્યાતિ, નીરવ, પ્રણવના માતુશ્રી. અલ્પા, તપન, પુનમના સાસુ. આરુષ, ક્રીષ્ના અભિનવના દાદી. તેમની પ્રાર્થનાસભા તા. ૨૧-૮-૨૬ શુક્રવારના ૪.૦૦ થી ૬.૦૦. સનરાઈઝ પાર્ટી હોલ, સાંઈબાબા નગર, આનંદીબાઈ કોલેજની બાજુમાં, બોરીવલી (વે).

**હાલાઈ લોહાણા**

મૂળ વતન જામ દેવળિયા (રાશણપર) હાલ સાયન મુંબઈ, કાંતિલાલ નરસીદાસ ગોકાણી (ઉં.વ.૯૫) તા. ૨૦-૮-૨૬ના પરમધામ પામ્યા છે. સ્વ. નરસીદાસભાઈ તથા સ્વ. ગુલાબબેન ગોકાણીના સુપુત્ર. સ્વ. હરિભાઈ ગોકાણી તથા સ્વ. રામભાઈ ગોકાણીના ભાઈ. હંસા પંકજ મજીઠિયા, પ્રિયલ નિમિષ ગાંધી, ભાવના નીલેશ કાપડિયા, પ્રીતિ અજય પોપટ અને રાકેશ કાંતિલાલ ગોકાણીના પિતાશ્રી. પ્રતીક્ષા રાકેશ ગોકાણીના સસરાશ્રી તથા નીલ, અમીશા, માલવિક, વિધિ, દિશા, ઊર્જા, ધનવિ, ધ્રુવા અને વ્યોમાના દાદાશ્રી/નાનાશ્રી. શોકસભા રાખવામાં આવેલ નથી.

**સૌરાષ્ટ્ર ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી બ્રાહ્મણ**

મૂળ ગામ ભંડુરી હાલ થાણા સ્વ. રમણીકલાલ નાનાલાલ પંડ્યાના પત્ની સ્વ. હીરાવંતી (ઉં. વ. ૮૦) બુધવાર તા. ૧૯.૮.૨૬ના રોજ કૈલાસવાસ થયેલ છે. તે નિલેશભાઈ, હિતેશભાઈ, પાયલબેન પાઠક, ભાવનાબેન મહેતા, નીલીમાબેન, દીપાબેન, વિપુલભાઈ પાઠકના સાસુજી. મેહુલ, કૃણાલ, અંજલી-સૌરભ શાહુ, સૃષ્ટિ-ઋતુલ વ્યાસ, શ્વેતા, રીમાના દાદીજી. રાજવીરના પરદાદી. જગદીશભાઈ સુરેશભાઈ વ્યાસ, ઉર્મિલાબેનના મોટાબેન. પ્રાર્થનાસભા શનિવાર, તા. ૨૨.૮.૨૬, ૧૦ થી ૧૨. રોડાસ ક્લબ હાઉસ, રોડાસ એન્કલેવ, હીરાનંદાની એસ્ટેટ, થાણા વેસ્ટ.

# જૈન મરણ

વડાલી નિવાસી હાલ કાંદિવલી રજનીકાંત કેવલદાસ પરીખ (ઉં. વ. ૮૬) તે શર્મિષ્ઠાબેનના પતિ. બીનાબેન, આશિષભાઇના પિતાશ્રી. વૈશાલીબેન, જતીનકુમારના સસરા. સંયમ, જીનયના દાદા. ઋત્વી પલાશના નાના. સ્વ. ભીખાભાઇ, સ્વ. બાબુભાઇ, સ્વ. ભીખીબેન, ગં. સ્વ. શર્મિષ્ઠાબેનના ભાઇ. વડાલી નિવાસી સ્વ. ચંદુલાલ જાદવ દોશીના જમાઇ. તા. ૧૮-૮-૨૬ મંગળવારના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી દેરાવાસી જૈન**

વઢવાણ નિવાસી હાલ કાંદિવલી સદ્દ્ગુણાબેન કાંતિલાલ શાહના પુત્ર વિશાલના ધર્મપત્ની ફાલ્ગુનીબેન (ઉં. વ. ૫૨) તા. ૧૭-૮-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે મુકેશભાઇ અને આશિષભાઇના ભાઇ. વિશાલના ધર્મપત્ની. મધુબેન સવાઇલાલ શાહના દીકરી. અતુલ, કિર્તી, સુભાષ અને નિલેશના બેન. ભવ્યા અને દેવમના મમ્મી. આરાધના તા. ૨૨-૮-૨૬ના શનિવારે સવારે ૧૦થી ૧૨. ઠે. દામોદર વાડી, કાંદિવલી (પૂર્વ).

**કચ્છી દશા શ્રીમાળી વણીક જ્ઞાતિ જૈન**

કચ્છ માંડવી નિવાસી હાલે વસઇ મુંબઇ રેખાબેન રમેશચંદ્ર વનેચંદભાઇ મહેતાના સુપુત્ર પંકજભાઇ (ઉં. વ. ૬૨) તા. ૧૯-૮-૨૬ બુધવારના રોજ અરિહંતશરણ પામેલ છે. તે નીતાબેનના પતિ. બીજલ અને ગૌરવના પિતાશ્રી. જય પરેશભાઇ અજમેરાના સસરા. રક્ષાબેન નીતિનભાઇ વોરાના ભાઇ. મધુકાંત પાનાચંદભાઇ શાહ (ભુજ)ના જમાઇ. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ભાવનગર નિવાસી, હાલ મુંબઇ મલાડ દમયંતીબેન હસમુખરાય શાહ (ઉં. વ. ૭૫) તા. ૧૯-૮-૨૬ બુધવારના અરિહંતશરણ પામેલ છે. તે હસમુખરાય નાનાલાલ શાહના ધર્મપત્ની. કમલેશ, કેતન, કવિતાનાં માતુશ્રી. સ્વ. કાંતાબહેન ચુનીલાલ મહેતાના પુત્રી. પૂર્વી, સોનલ તથા જયેશકુમાર દોશીના સાસુ. સ્વ. નિરંજનાબેન જુગલદાસ રાઠોડના ભાભી. પ્રાર્થનાસભા તા. ૨૧-૮-૨૬ શુક્રવારના સાંજે ૪થી ૬. ઠે. વર્ધમાન સ્થાનકવાસી જૈન સેવા સંઘ, (મોટો ઉપાશ્રય) પમે માળે, પારેખ લેન કોર્નર, એસ. વી. રોડ, કાંદિવલી (વેસ્ટ).

**પાટણ દશા શ્રીમાળી જૈન**

ઘાટકોપર નિવાસી કોકાના પાડાના સ્વ. પ્રભાવતીબેન કંચનલાલ શાહના પુત્ર શરદભાઇ કે. શાહ (ઉં. વ. ૭૪) તે ભારતીબેનના પતિ. નિરવ, નેહાના પિતા. વૈશાલી, ભાવિશભાઇના સસરા. સ્વ. ધનેશભાઇ, સ્વ. અશોકભાઇ, ભરતભાઇ, સ્વ. ઉમેશભાઇ, સ્વ. કોકિલાબેન ધીરુભાઇ, પ્રવિણાબેન પ્રકાશભાઇના ભાઇ. અમદાવાદ નિવાસી સ્વ. સુભદ્રાબેન કનુભાઇ શાહના જમાઇ. મંગળવાર, તા. ૧૮ ઓક્ટોબર ૨૦૨૬ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**રાધનપુર તીર્થ જૈન**

રાધનપુર તીર્થ નિવાસી હાલ બોરીવલી (ઇસ્ટ), સ્વ. તારાબેન સારાલાલ મસાલિયાના પુત્ર મહેન્દ્રભાઈ (ગુરુ) (ઉં. વ. ૮૨) સોમવાર તા. ૧૭/૦૮/૨૬ના અરિહંતશરણ પામ્યા છે. તે કૈલાસબેનના પતિ. સ્વ. મિત્તલ વિપુલકુમાર, તૃપ્તિ મિહિરકુમાર, નેહા ચિંતનકુમાર, ભાવિક-ફોરમના પિતા. અરવિંદભાઈ, પ.પૂ.સા.વારીષેણા શ્રીજી, પ.પૂ. સા.વજ્રષેણા શ્રીજીના ભાઈ. સાસરાપક્ષે સ્વ. શાંતાબેન ખેમચંદભાઈ કાલિદાસ મહેતાના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. ૪૦૨, દેવ-કૃપા બિલ્ડીંગ, દોલતનગર રોડ નંબર ૯, બોરીવલી ઇસ્ટ.

**દશા શ્રીમાળી સ્થા જૈન**

ધ્રોલ નિવાસી હાલ સાંતાક્રુઝ, સ્વ. પ્રકાશભાઈ શિવલાલ દોશીના ધર્મપત્ની આશાબેન દોશી (ઉં. વ. ૬૦) ૧૯/૮/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે અતુલ તથા મીનાના ભાભી, પિયરપક્ષે સ્વ. રમણીકલાલ મોહનલાલ દેસાઈ તથા કુસુમબેનના દીકરી, દિપકના બહેન, રાજશ્રીના નણંદ. લૌકિક વ્યવહાર બંધ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી સ્થા જૈન**

બોટાદ નિવાસી હાલ ભાંડુપ, સ્વ. કીર્તિકાંત ચમનલાલ દોશીના ધર્મપત્ની હંસાબેન (ઉં. વ. ૮૨) તે મનીષ-લત્તા, નીપા, જલ્પા કલ્પેશભાઈના માતુશ્રી. જશવંતભાઈ, મનહરભાઈ, બિપીનભાઈ, કિશોરભાઈ, નરેન્દ્રભાઈ, રંજનબેન, કોકિલાબેનના ભાભી. પ્રીતમભાઈ જાધવજી સંઘવી, પ્રભાબેન નગીનદાસ દોશીના બહેન. સાક્ષી, યાંશી, દક્ષ તથા આગમના દાદી. ૧૯/૮/૨૬ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી સ્થા જૈન**

લીંબડી નિવાસી હાલ મીરારોડ, સ્વ. કમળાબેન ઇન્દુલાલ સખીદાસના પુત્ર નરેશભાઈ (ઉં. વ. ૬૩) તે કલ્પનાબેનના પતિ. મિતુલ-સ્તુતિના પિતા. સ્વ. કનુભાઈ, હર્ષદભાઈ, અરૂણભાઈ, સ્વ. નવિનભાઇ તથા જયશ્રી ભરત શાહ, ભારતીબેન મુકેશભાઈ શાહ, નીરુબેન રાજેશભાઈ સંઘવીના ભાઈ, સ્વ. લલિતચંદ્ર જેવંતલાલ મોદીના જમાઈ. ૧૯/૮/૨૬ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૨૧/૮/૨૬ના ૩ થી ૫. સ્વામિનારાયણ મંદિર, સેક્ટર ૧૦, શાંતિનગર, મીરારોડ ઈસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

વિંઝાણના અ.સૌ. કલ્પના મુલચંદ ગડા (ઉં. વ. ૬૪) તા. ૧૯-૮-૨૬ ના અવસાન પામેલ છે. ઝવેરબેન કલ્યાણજી દેવજીના પુત્રવધૂ. મુલચંદના ધર્મપત્ની. કાંડાગરાના ગંગાબાઈ રતનશી કેશવજી ગાલાના સુપુત્રી. વિજય, પ્રવિણ, પ્રફુલ, ઉમેશ, ધનવંતિ વસંત, ચંદન ચંદ્રકાંતના બહેન. પ્રા. શ્રી વ. સ્થા. જૈન શ્રા.સં.સંઘ કરસન લધુ નિસર હોલ, દાદર (વે). ટા. ૨ થી ૩.૩૦.

ગુંદાલાના જયશ્રી દિનેશ વીરજી અને ટોડાના અરૂણાબેન શૈલેષ રાણાવતના જમાઈ આનંદ (ઉં. વ. ૩૮) તા. ૧૮-૮-૨૬ના અવસાન પામ્યા છે. સરોજબેન મુરલીભાઈ રજકના સુપુત્ર. કિંજલના પતિ. જિયાનાના પપ્પા. સંજય, રાજુ, સુનિતાના ભાઈ. પ્રા. સર્વોદય હોલ, એલ. ટી. રોડ, ડાયમંડ ટોકીઝની સામે, બોરીવલી (વેસ્ટ). ટા. ૩ થી ૪.૩૦.

નાના ભાડીયાના વલ્લભજી શીવજી શાહ (ગડા) (ઉં. વ. ૮૯) તા.૧૯-૮-૨૬ના અવસાન પામેલ છે. પાનબાઈ શીવજી ધનજીના પુત્ર. તારાબેનના પતિ. દેવેન્દ્ર, ઉપેન્દ્ર, હીનાના પિતા. નાગજી, ભાણબાઈ રામજી, કસ્તુરબાઈ લક્ષ્મીચંદના ભાઈ. નવાવાસ લાછબાઈ કુંવરજી લાલજી, ચાંપઈબાઈ કુંવરજી, સ.પક્ષે પ.પૂ.ચંદ્રકળાશ્રીજી મ.સા.ના જમાઈ. પ્રા.શ્રી. વ. સ્થા. જૈન શ્રા. સં. સં.કરસન લધુ નીસર હોલ, દાદર (વે). ટા. ૪ થી ૫.૩૦.

છેલ્લા પાનાનું ચાલુ

## મુંબઈ ઍરપોર્ટના

સ્પષ્ટ થઈ શક્યું નથી. સહાર પોલીસે એડીઆર નોંધીને મામલાની તપાસ શરૂ કરી દીધી છે. પોલીસ સીસીટીવી ફૂટેજની પણ તપાસ કરી રહી છે.

પૌઢની આત્મહત્યા બાદ પોલીસ અને એરપોર્ટ ઓથોરિટીના કર્મચારીઓ ઘટનાસ્થળે દોડી ગયા હતા. ઘટનાસ્થળે ફોરેન્સિક ટીમને પણ બોલાવવામાં આવી હતી. પોલીસે આ કેસમાં વધુ તપાસ શરૂ કરી છે.

## ફૂટબોલ ગ્રાઉન્ડ

બીએમસી જનરલ બોડીએ મંગળવારે (૧૮ ઓગસ્ટ) મેદાનની અનામતમાં ફેરફાર કરવાના પ્રસ્તાવને મંજૂરી આપી હતી. અદાલતે ગુરુવારે પાલિકાને સવાલ કર્યો કે મૌખિક ખાતરી છતાં આવો નિર્ણય કેવી રીતે લેવામાં આવ્યો, ત્યારે બીએમસી તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ ગિરીશ ગોડબોલેએ કહ્યું હતું કે કમિશનર અને અન્ય સંબંધિત પાલિકા અધિકારીઓ દ્વારા અદાલતને આપવામાં આવેલા આવા આશ્વાસન વિશે તેમને જાણ નથી. (પીટીઆઈ)

## ડ્રગ્સ બનાવતા

કોશિશમાં પણ પાવરધો છે. મોટી માત્રામાં સાયકોટ્રોપિક પદાર્થોનું ઉત્પાદન સૂચવે છે કે આરોપી સૌથી મોટી સિન્ડિકેટનો હિસ્સો હતો જે યુવા પેઢીને માદક દ્રવ્યોની આદત પાડવામાં સંડોવાયેલી હતી. આ કૃત્ય સમાજની જ નહીં, પરંતુ રાષ્ટ્રના હિતની વિરુદ્ધ છે.'

ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઇન્ટેલિજન્સ (ડીઆરઆઈ)ના એક અધિકારીને માહિતી મળી હતી કે ડ્રગ્સના કેસમાં પહેલેથી જ દોષિત મોરે પાલઘર તાલુકા ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટની એક ફેક્ટરીમાં મેફેડ્રોનના ઉત્પાદન અને હેરાફેરીમાં સામેલ છે.

## વાહને સ્કૂટરને

સ્કૂટર ચલાવી રહ્યો હતો અને સસરા સાથે થાણે તરફ જઇ રહ્યો હતો. બંને પવને એમઆઇડીસી ખાતે ખૈરાણે બ્રિજ નજીક પહોંચ્યા ત્યારે પાછળથી પૂરપાટ વેગે આવી રહેલા વાહને તેમના સ્કૂટરને ટક્કર મારી હતી.

વાહનની ટક્કરથી બંને જણ રસ્તા પર પટકાયા હતા અને તેમને ગંભીર ઇજા પહોંચી હતી. તેમને તાત્કાલિક સારવારાર્થે હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા હતા, જ્યાં ડોક્ટરોએ તપાસીને તેમને મૃત ઘોષિત કર્યા હતા.

અકસ્માત બાદ ઘાયલોને મદદ કરવા અને પોલીસને જાણ કર્યા વિના ઘટનાસ્થળેથી ફરાર થઇ ગયો હતો. તુર્ભે પોલીસે વાહનચાલક વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા અને મોટર વેહિકલ એક્ટની સુસંગત જોગવાઇઓ હેઠળ ગુનો દાખલ કર્યો હતો.

## હૉસ્પિટલના વોર્ડથી

કાપવો, ઝીણા મણકા પરોવવા અને સજાવટ કરવી જેવી ચોક્કસ શારીરિક ક્રિયાઓ હાથના સૂક્ષ્મ સ્નાયુઓના સંકલન અને હાથની કુશળતામાં સુધારો કરે છે. સાથે સાથે, પેટર્ન પસંદ કરવી અને સૂચનાઓનું પાલન કરવાથી એકાગ્રતા, યાદશક્તિમાં વધારો થાય છે.

''આ મહિલાઓ દ્વારા તૈયાર કરવામાં આવેલી રાખડીઓ દેશ પ્રત્યેનો તેમનો સ્નેહ અને આપણા સૈનિકો પ્રત્યેની હૃદયપૂર્વકની કૃતજ્ઞતા વ્યક્ત કરે છે,'' તેમ મેડિકલ સુપરિન્ટેન્ડેન્ટ ડો. નેતાજી મુલિકે જણાવ્યું હતું. ''આ પહેલ સમાજને એક મહત્વપૂર્ણ સંદેશ આપે છે કે માનસિક સ્વાસ્થ્યની સમસ્યાઓ ધરાવતી વ્યક્તિઓમાં પણ ઊંડી સંવેદનશીલતા, મૂલ્યવાન કૌશલ્યો અને સમાજમાં અર્થપૂર્ણ યોગદાન આપવાની ક્ષમતા હોય છે.''

ક્લિનિકલ પુનર્વસનને રાષ્ટ્રીય પરંપરા સાથે જોડીને, હોસ્પિટલના ઓક્યુપેશનલ થેરાપી વિભાગે એ સાબિત કરી બતાવ્યું કે યોગ્ય સમર્થન, સંવેદના અને તક મળે તો દરેક વ્યક્તિ સમાજમાં ગૌરવ પૂર્વક સહભાગી થઈ શકે છે.

## શિવસેનાના શિંદેના

ટ્વિન ટનલ પ્રોજેક્ટ માટે ખોદકામ દરમિયાન રહેણાક વિસ્તારોની નજીક મોટા પ્રમાણમાં કાદવ અને પથ્થરોનો જથ્થો જમા થયો છે. ગણેશ નાઈકે થાણે મહાનગરપાલિકાના અધિકારીઓને ૧૫ દિવસની અંદર પર્યાવરણીય ધોરણો અનુસાર વસ્તુનો નિકાલ કરવા સૂચના આપી હતી. અન્યથા ટનલનું કામ સંપૂર્ણપણે સ્થગિત કરી દેવામાં આવશે. ત્યારબાદ મહાનગરપાલિકાના અધિકારીઓએ સ્થળનું નિરીક્ષણ કર્યું હતું.

## ગણેશોત્સવ માટે

વચગાળાના આદેશની લેખિત નકલ ઉપલબ્ધ ન હોવાથી ચોક્કસ ચિત્ર સ્પષ્ટ નહોતું. ઉપરાંત અંતિમ ચુકાદો આવે ત્યાં સુધી સરકારનો અભિપ્રાય હતો કે કુદરતી જળસ્રોતોમાં છ ફૂટથી વધુ ઊંચાઈની પીઓપી મૂર્તિઓનું વિસર્જન કરવાની મંજૂરી આપવી જોઈએ. એટલે રાજ્ય સરકાર વતી રાજ્યના એડવોકેટ જનરલ મિલિંદ સાઠેએ બુધવારે હાઇકોર્ટને સ્પષ્ટતા આપવા વિનંતી કરતી અરજી દાખલ કરી હતી.

ગુરુવારે ખંડપીઠે આ અંગે ટૂંકી સુનાવણી હાથ ધરી હતી. ત્યારબાદ એડવોકેટ જનરલ સાઠેએ ખંડપીઠનું ધ્યાન દોર્યું હતું કે હાઇકોર્ટે ગયા વર્ષે ૨૪ જુલાઈએ વચગાળાના આદેશ દ્વારા ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધી કુદરતી જળાશયોમાં છ ફૂટથી વધુ ઊંચાઈની પીઓપી મૂર્તિઓનું વિસર્જન કરવાની મંજૂરી આપી હતી. ત્યારબાદ, ખંડપીઠે એક વચગાળાનો આદેશ પસાર કરીને સ્પષ્ટ કર્યું કે ૯ જૂન, ૨૦૨૫ નહીં પણ ૨૪ જુલાઈ, ૨૦૨૫નો વચગાળાનો આદેશ અંતિમ ચુકાદા સુધી અમલમાં રહેશે. મતલબ કે ચુકાદો ન આવે ત્યાં સુધી કુદરતી જળાશયોમાં છ ફૂટથી વધુ ઊંચાઈની પીઓપી મૂર્તિઓનું વિસર્જન કરવાનો માર્ગ મોકળો થઈ ગયો છે. જોકે, કૃત્રિમ તળાવોમાં છ ફૂટથી નીચે તમામ પીઓપી મૂર્તિઓનું વિસર્જન ફરજિયાત રહેશે.

## ઑનલાઇન ગેમિંગ

કલમ ૩૫ (૩) હેઠળ નોટિસ આપવામાં આવી હતી.

પોલીસે ત્રણેય આરોપી પાસેથી ૭૦ ડેબિટ કાર્ડ, વિવિધ બૅંકની ૪૨ પાસબૂક, ૨૩ મોબાઇલ, ત્રણ લેપટોપ, ૧૨ બૅંક કિટ અને કાર સહિત પચાસ લાખ રૂપિયાની મતા જપ્ત કરવામાં આવી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

ડોંગરી પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર કાનવડેને ૨૯ જુલાઇ, ૨૦૨૬ના રોજ માહિતી મળી હતી કે મુંબઈમાં અલગ અલગ બૅંકમાં ખોલવામાં આવેલા ખાતાંની માહિતી અને સિમકાર્ડ સેન્ડહર્સ્ટ રોડ રેલવે સ્ટેશન નજીક એક વ્યક્તિ પાસે લાવવામાં આવે છે અને તેને એક્ટિવ કર્યા બાદ અન્યત્ર મોકલવામાં આવે છે. આવા બૅંક ખાતાંનો ઉપયોગ ઑનલાઇન ગૅમિંગ અને સાયબર ફ્રોડ માટે થાય છે. આ માહિતી મળ્યા બાદ ઘટનાસ્થળે જઇને નિખિલ જસવાનીને તાબામાં લીધો હતો અને તેની વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. પોલીસે બાદમાં નિખિલ જસવાનીના બે સાથીદારને પણ ઝડપી પાડીને લોકઅપભેગા કરી દીધા હતા. ગુનાની તપાસનો રેલો ડોંગરી ઉપરાંત નવી મુંબઈના બેલાપુર, પનવેલ અને ઉસ્માનાબાદ સુધી પહોંચ્યો હતો.

પોલીસે જણાવ્યું હતું કે આર્થિક રીતે જરૂરતમંદો, ગરીબોને નજીવી આર્થિક મદદ કરીને તેમના નામે બૅંક ખાતાં ખોલવાં, તે ખાતાંની પાસબૂક, ડેબિટ કાર્ડ, ચેકબૂક અને સિમકાર્ડ કબજે લઇને સાયબર ઠગાઇ માટે તેનો ઉપયોગ કરવામાં આવતો હોવાનું તપાસમાં સામે આવ્યું હતું.

પોલીસે સીઝ કરેલા ૧૧૦ બૅંક ખાતાંમાંથી ૧૭ ખાતાંની માહિતી સંબંધિત બૅંક પાસેથી મગાવી હતી અને તેમાં કરાયેલા આર્થિક વ્યવહારો તથા અન્ય બાબતોની તપાસ કરતાં વિવિધ રાજ્યોમાં ૩૮ સાયબર ગુના/ફરિયાદો દાખલ હોવાનું જાણવા મળ્યું હતું. આ ગુના મહારાષ્ટ્ર, કર્ણાટક, તેલંગણા, દિલ્હી, મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ, કેરલમ, તમિળનાડુ, ગુજરાત, જમ્મુ-કાશ્મીર, પશ્ચિમ બંગાળમાં દાખલ હોવાનું પોલીસે જણાવ્યું હતું.

## વરલી પ્રૉમિનાડ

હતું. નહેરુ સાયન્સ સેન્ટર મેટ્રો સ્ટેશને ઊતરીને મહાલક્ષ્મી રેસકોર્સ પરિસરમાંથી લાલા લજપતરાય માર્ગ નીચેથી સીધા વરલી પ્રૉમિનાડ અને કૉસ્ટલ ગાર્ડન સુધી નાગરિકો પહોંચી શકે તે માટે આ સબવૅ બનાવવામાં આવશે, જે અંદાજે એક કિલોમીટર લાંબો અને ૭.૫ મીટર પહોળો હશે. વળી, ગાર્ડન બની ગયા પછી દેશ-વિદેશના સહેલાણીઓ મોટી સંખ્યામાં અહીં આવવાની સંભાવના જોતાં સબવૅ મહત્ત્વનો માર્ગ સાબિત થશે. સબવૅનું નિર્માણકાર્ય હાથ ધરવાની તૈયારી જૂન, ૨૦૨૫માં મુંબઈ મેટ્રો રેલ કૉર્પોરેશને દાખવી હતી. ત્યાર બાદ ડિસેમ્બર, ૨૦૨૫માં થયેલી સંયુક્ત બેઠકમાં મુંબઈ મહાનગરપાલિકા કમિશનરે આ કામ મુંબઈ મેટ્રો રેલ કૉર્પોરેશન મારફત કરવાની મંજૂરી આપી હતી. આ પ્રોજેક્ટ માટેનું ભંડોળ મહાપાલિકા પૂરું પાડશે, એવું નક્કી થયું હતું.

## દુબઈના સિનિયર

દાગીના ખાનગી બૅન્કની કાંદિવલી પશ્ચિમમાં આવેલી શાખાના લૉકરમાં રાખ્યા હતા. તે સમયે આરોપી કુલદીપ સહાની ડેપ્યુટી મૅનેજરે પદે કાર્યરત હતો. દાગીના લૉકરમાં રાખીને ફરિયાદી દુબઈ જતા રહ્યા હતા. બે વર્ષ પછી ફરિયાદી મુંબઈ પાછા ફર્યા ત્યારે દાગીના લેવા બૅન્કમાં ગયા હતા. બૅન્ક લૉકર ખોલતાં તેમાંના દાગીના ગુમ હોવાનું જણાયું હતું. પરિણામે ભાટિયાએ કાંદિવલી પોલીસ સ્ટેશનમાં ચોરીની ફરિયાદ નોંધાવી હતી.

કાંદિવલી પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર કિરણ સોનકવડેએ તપાસ માટે પોલીસ સ્ટેશનના સાયબર સેલના એપીઆઈ દીપક કાદબાનેની નિયુક્તિ કરી હતી. ચોરી બે વર્ષ દરમિયાન થઈ હોવાથી સીસીટીવી ફૂટેજ તેમ જ અન્ય ટેક્નિકલ પુરાવા મળવા મુશ્કેલ હતા. પરિણામે પોલીસે બૅન્કના સ્ટાફ અને લૉકર આપવાની પ્રક્રિયાની માહિતી મેળવી હતી. એ સિવાય લૉકર રૂમ સુધી જઈ શકે એવા અધિકારીઓના બૅન્ક ખાતાની વિગતો તપાસવામાં આવી હતી.

તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે ફરિયાદીને આરોપી સહાનીએ લૉકર ઉપલબ્ધ કરાવી આપ્યું હતું. સહાનીના બૅન્ક ખાતાની વિગતો તપાસતાં છેલ્લાં બે વર્ષમાં નવ કરોડ રૂપિયાના આર્થિક વ્યવહાર થયા હોવાનું જણાયું હતું. આમાંથી મોટા ભાગનાં નાણાંની લેવડદેવડ ગૉલ્ડ લોન આપનારી કંપની સાથે થઈ હતી. પોલીસે એ કંપનીઓમાં પણ સહાનીના રેકૉર્ડ વિશે તપાસ કરી હતી. તપાસ બાદ સહાની પરની પોલીસની શંકા વધુ દૃઢ બની હતી.

## ગોરેગામમાં ૧૮ લાખમાં

બદલ ગોરેગામ પશ્ચિમમાં મોતીલાલ નગર ખાતે રહેતા સાબુના વ્યાવસાયિક રાકેશ ગુપ્તાએ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદને આધારે ગોરેગામ પોલીસે મંગળવારે કાંદિવલીના દંપતી દિવેશ રામેશ્વર પ્રસાદ અને અંકિતા દિવેશ પ્રસાદ સહિત અનિતા શશિકાંત તલાવડે વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩(૫), ૩૧૬(૨), ૩૧૮(૪) હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

ફરિયાદમાં જણાવાયું હતું કે ગુપ્તા રહે છે એ જ પરિસરમાં આરોપી અનિતા તલાવડે રહેતી હોવાથી તેમની વચ્ચે સારી ઓળખાણ હતી. ગુપ્તાને ફ્લૅટ ખરીદવાની ઇચ્છા હોવાથી અનિતાએ કાંદિવલીમાં રહેતા પ્રસાદ દંપતી વિશે જાણકારી આપી હતી. દંપતી મ્હાડાના ફ્લૅટ સસ્તી કિંમતે અપાવતું હોવાનું તેણે કહ્યું હતું. આ માટે તેણે દંપતી સાથે ફરિયાદીની જુલાઈ, ૨૦૨૩માં મીટિંગ પણ ગોઠવી આપી હતી.

ગોરેગામમાં પ્રેમનગર ખાતેની મ્હાડાની બિલ્ડિંગમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળના મહિલાઓ માટેના વન બીએચકેના ફ્લૅટ માત્ર ૧૮ લાખ રૂપિયામાં અપાવવાની ખાતરી દંપતીએ આપી હતી. જોકે તે માટે દોઢ લાખ રૂપિયા શરૂઆતમાં આપવા પડશે, એવું કહેવામાં આવ્યું હતું. ફરિયાદીએ બે ફ્લૅટ ખરીદવાની તૈયારી દાખવી ત્રણ લાખ રૂપિયાની રોકડ આરોપી દિવેશને આપી હતી, એવું ફરિયાદમાં જણાવાયું હતું. રૂપિયા લીધા પછી દિવેશે ફરિયાદીની પત્નીના નામે મ્હાડાનાં બે ફૉર્મ ભર્યાં હતાં.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - **વ્યવસ્થાપક** |
|---|---|---|

# મહારાષ્ટ્ર દ્વારા ખાનગી યુનિવર્સિટીઓ માટેના નિયમોની સમીક્ષા કરવા સમિતિની રચના

મુંબઈ : ખાનગી યુનિવર્સિટીના નિયમોમાં સુધારા કરવાના ઉદ્દેશ્ય સાથે એક મહત્ત્વપૂર્ણ પગલું ભરતા, મહારાષ્ટ્ર સરકારે ઉચ્ચ-સ્તરીય નિષ્ણાત સમિતિની રચના કરી છે. શુક્રવારે સરકારી ઠરાવ જારી કરવામાં આવ્યો હતો. છ સભ્યોની બનેલી આ સમિતિના અધ્યક્ષપદે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (યુજીસી) ના ભૂતપૂર્વ વાઇસ-ચેરમેન ભૂષણ પટવર્ધન રહેશે.

નવી રચાયેલી સમિતિને રાજ્યમાં ખાનગી યુનિવર્સિટીઓની સ્થાપના અને સંચાલનને નિયંત્રિત કરતા હાલનાં ધોરણોની વ્યાપક સમીક્ષા કરવાનું કામ સોંપવામાં આવ્યું છે. તેમાં જરૂરી માળખાગત જરૂરિયાતો, જેમ કે જમીન, ઇમારતો, પ્રયોગશાળાઓ, ડિજિટલ સંસાધનો, છાત્રાલયો અને અન્ય આવશ્યક સુવિધાઓનું મૂલ્યાંકન કરવાનો સમાવેશ થશે. વધુમાં, સમિતિ એનએએસી માન્યતા, રાષ્ટ્રીય સંસ્થાકીય રેન્કિંગ ફ્રેમવર્ક (એનઆઇઆરએફ) સ્ટેન્ડિંગ, ફેકલ્ટી લાયકાત અને સંશોધન આઉટપુટ જેવાં પરિબળોને ધ્યાનમાં લઈને યુનિવર્સિટીઓ સ્થાપિત કરવા ઇચ્છુક સંસ્થાઓના શૈક્ષણિક પ્રમાણપત્રોનું મૂલ્યાંકન કરશે.

હાલમાં, મહારાષ્ટ્રમાં ખાનગી યુનિવર્સિટીઓ ૨૦૨૪ માં રજૂ કરાયેલા નિયમો સાથે, મહારાષ્ટ્ર ખાનગી યુનિવર્સિટીઓ (સ્થાપના અને નિયમન) અધિનિયમ, ૨૦૨૩ હેઠળ કાર્ય કરે છે. પણ તેમાં રહેલી વિવિધ ખામીઓના કારણે આ નિષ્ણાત સમીક્ષાની જરૂર પડી છે. સમિતિને તેનું મૂલ્યાંકન પૂર્ણ કરવા અને તેની ભલામણો રજૂ કરવા માટે બે મહિનાનો સમય આપવામાં આવ્યો છે. સમિતિ પ્રવેશ પ્રક્રિયાઓ, અનામત નીતિઓ, ફીનું માળખું, ફરિયાદ નિવારણ પદ્ધતિઓ તેમજ શિક્ષણ અને બિન-શિક્ષણ સ્ટાફની ભરતી અને વેતન-ભથ્થાંના નિયમોની તપાસ કરશે. વૈધાનિક સંસ્થાઓના નિયમોનું પાલન થઈ રહ્યું છે કે કેમ તેની પણ ચકાસણી કરવામાં આવશે. ■

# મેડિકલ કાઉન્સિલમાં હોમિયોપેથ માટે રજિસ્ટ્રેશન અટકાવાયું

મુંબઈઃ મુંબઈના તબીબી શિક્ષણ વિભાગે મહારાષ્ટ્ર મેડિકલ કાઉન્સિલ (એમએમસી)ના સંચાલકને અદાલતનો નિશ્ચિત ચુકાદો ન આવે ત્યાં સુધી હોમિયોપેથનું રજીસ્ટ્રેશન અટકાવવાનો નિર્દેશ આપીને એક મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. આ નિર્દેશ ઇન્ડિયન મેડિકલ એસોસિએશન (આઈએમએ) અને મહારાષ્ટ્ર એસોસિએશન ઓફ રેસિડેન્ટ ડોક્ટર્સ (માર્ડ) દ્વારા તાજેતરમાં આયોજિત હડતાળને અનુસરે છે, જેની રાજ્યભરમાં આરોગ્યસંભાળ સેવાઓ પર નોંધપાત્ર અસર પડી છે.

આ જાહેરાત આઝાદ મેદાન ખાતે હોમિયોપેથિક સંગઠનો દ્વારા મોટા પાયે વિરોધ પ્રદર્શન દરમિયાન કરવામાં આવી હતી. દેખાવકારોએ એમએમસી રજીસ્ટ્રેશન તાત્કાલિક ફરી શરૂ કરવાની માંગ કરી હતી. એમએમસીને લખેલા પત્રમાં સરકારે જણાવ્યું હતું કે પરિસ્થિતિનો ઉકેલ ન આવે ત્યાં સુધી, ખાસ કરીને જ્યાં સુધી સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજરને અંતિમ સ્વરૂપ ન મળે અથવા અદાલતનો નિર્ણય ન આવે ત્યાં સુધી રજીસ્ટ્રેશન સર્ટિફિકેટ જારી કરવામાં વિલંબ કરવો સમજદારીભર્યું રહેશે.

આ મહિનાના પ્રારંભમાં એક સરકારી ઠરાવ દ્વારા એમએમસીને ફાર્માકોલોજીમાં એક વર્ષનો સર્ટિફિકેટ કોર્સ પૂર્ણ કરનારા હોમિયોપેથ માટે રજીસ્ટ્રેશન શરૂ કરવાની મંજૂરી આપવામાં આવી હતી, જેનાથી તેમને એલોપેથિક દવા લખી આપવાની મંજૂરી મળે છે. આ નિર્ણયથી તબીબી સમુદાયમાં આક્રોશ ફેલાતા દર્દીઓની સલામતી અંગેની ચિંતાના મુદ્દે રાજ્યવ્યાપી હડતાળ પડી હતી. ■

# મહારાષ્ટ્રમાં ૨.૦૭ કરોડથી વધુ મતદારો એસઆઇઆર હેઠળ બાકાત થવાની શક્યતાઃ ચૂંટણી પંચના આંકડા

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય ચૂંટણી અધિકારી (સીઈઓ)ની કચેરીએ મંગળવારે જાહેરાત કરી હતી કે, ૧૭ ઓગસ્ટના રોજ 'સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન' (એસઆઇઆર) ૨૦૨૬ના પ્રથમ તબક્કાની સમાપ્તિ બાદ, રાજ્યના કુલ મતદારોના ૨૧.૧૫ ટકા એટલે કે આશરે ૨.૦૭ કરોડ મતદારોને આગામી મુસદ્દા મતદાર યાદી માંથી બાકાત કરવામાં આવશે. ૩૦ જૂનથી ૧૭ ઓગસ્ટ, ૨૦૨૬ દરમિયાન હાથ ધરવામાં આવેલી વ્યાપક ઘર-ઘર ગણતરી ઝુંબેશમાં, બૂથ લેવલ ઓફિસર્સ દ્વારા તમામ વિધાનસભા મતવિસ્તારોમાં ઘરોની મુલાકાત લેવામાં આવી હતી.

મહારાષ્ટ્રના ૯.૭૮ કરોડ નોંધાયેલા મતદારોમાંથી, ૭.૭૧ કરોડ (૭૮.૮૫ %) મતદારોએ સહી કરેલા ગણતરીના ફોર્મ સફળતાપૂર્વક જમા કરાવ્યા હતા. જ્યારે, બાકીના ૨.૦૭ કરોડ મતદારોને કાયદાકીય અયોગ્યતા અને સ્થળ-ચકાસણીના તારણોને કારણે એએસડીડી (ગેરહાજર, સ્થળાંતરિત, મૃત, ડુપ્લિકેટ) હેઠળ વર્ગીકૃત કરવામાં આવ્યા છે. એએસડીડી હેઠળ બાકાત રાખવામાં આવેલા કુલ ૨.૦૭ કરોડ લોકોમાંથી ૨૮.૬૧ લાખ થાણેના, ૨૬.૬૩ લાખ મુંબઈ ઉપનગર જિલ્લાના, ૨૮.૭૦ લાખ પુણેના, ૧૪.૪૪ લાખ નાગપુરના, ૧૦.૨૯ લાખ નાશિકના અને ૯.૫૨ લાખ મુંબઈ શહેરના છે.

પારદર્શિતા સુનિશ્ચિત કરવા માટે, જિલ્લા સત્તાવાળાઓએ આ ઝુંબેશ પૂર્ણ થવાના ચાર દિવસ પહેલાં જિલ્લા કલેક્ટરની વેબસાઇટ્સ પર કામચલાઉ બાકાત યાદીઓ અપલોડ કરી હતી, જેથી માન્યતા પ્રાપ્ત રાજકીય પક્ષો તેમના બૂથ લેવલ એજન્ટ્સ દ્વારા તેની સમીક્ષા કરી શકે. બીએલઓને સૂચના આપવામાં આવી હતી કે તેઓને મળેલા કોઈપણ રાજકીય પ્રતિભાવની ચકાસણી કરે અને અંતિમ મુસદ્દો તૈયાર કરતા પહેલાં પાત્ર મતદારો તેમના ફોર્મ જમા કરાવે તે સુનિશ્ચિત કરે.

ખરડા મતદાર યાદી ૨૪ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવશે,નાગરિકો દાવા અને વાંધાઓ ૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી રજૂ કરી શકશે. મહારાષ્ટ્ર માટેની અંતિમ મતદાર યાદી ૨૭ ઓક્ટોબરે પ્રકાશિત થવાની છે. ■

# એફડીએના સપાટા બાદ પશ્ચિમ રેલવે એક્શનમાં, બાંદ્રા સ્ટેશનના ૧૧ સ્ટોલ બંધ

મુંબઈઃ મહારાષ્ટ્રમાં હોટેલ-રેસ્ટોરાં સાથે બહારની ખાણીપીણીની ગુણવત્તા અને સ્વચ્છતાને ધ્યાનમાં રાખીને એફડીએ જોરદાર કાર્યવાહી કરી રહ્યું છે, ત્યારે એફડીએ કમિશ્નર આઈએએસ તુકારામ મુંઢેની કાર્યવાહી બાદ હવે પશ્ચિમ રેલવે પણ સતર્ક થઈ ગયું છે. રેલવે સ્ટેશનો પરના ફૂડ સ્ટોલ્સની તપાસ પણ હવે શરૂ થઈ ચુકી છે.

આ કાર્યવાહી અંતર્ગત બાંદ્રા સ્ટેશનની ૧૧ દુકાન બંધ કરવામાં આવી છે. આ સિવાય ગ્રાન્ટ રોડની ૪, લોઅર પરેલની ૩, ચર્ની રોડની ૨ અને મરીન લાઇન્સની ૨ દુકાન સહિત અમુક અન્ય સ્ટેશનના સ્ટોલ પણ બંધ કરવામાં આવ્યા છે. મળતી માહિતી અનુસાર હવે બીજા સ્ટેશનોના ખાણી-પીણીના સ્ટોલ પણ પશ્ચિમ રેલવેના રડાર પર છે અને તેની પણ તપાસ થઈ શકે છે.

**કેમ બંધ થયા રેલવેના સ્ટોલ**

એક અધિકારીના જણાવ્યા અનુસાર જ્યાં છોલે, સમોસા, વડા સહિત અન્ય ખાદ્ય પદાર્થો વેચવામાં આવી રહ્યા છે તેવા મોટાભાગના સ્ટોલ બંધ કરવામાં આવ્યા છે. તપાસ દરમિયાન આ દુકાનોમાં મળતી ખાવાપીવાની વસ્તુઓની ગુણવત્તા તેના ધોરણોની ગેરહાજરી જોવા મળી હતી. અનેક દુકાનોમાં સ્વચ્છતાનો અભાવ જોવા મળ્યો હતો. તપાસમાં એ પણ સામે આવ્યું હતું કે અમુક સ્ટોલ પર કામ કરનારા કર્મચારીઓ પાસે જરૂરી મેડિકલ સર્ટિફિકેટ પણ નહોતા. એક દુકાનમાં ચાર કર્મચારી કામ કરતા જોવા મળ્યા હતા, પરંતુ સર્ટિફિકેટ ફક્ત બે કર્મચારીઓ પાસે જ હતું. આવા મામલાને ગંભીરતાથી લેતા સંબંધિત દુકાનો પર કાર્યવાહી કરવામાં આવી હતી. તેમને તેમની ભૂલ સુધારવા માટે સમય આપવામાં આવ્યો હતો. હાલમાં ફક્ત પેકેજ ફૂડ આઈટમ જ સ્ટોલ પર મળી રહી છે.

**જાન્યુઆરીથી જુલાઈ સુધી ૧,૫૨૩ તપાસ**

પશ્ચિમ રેલવેના અધિકારીના દાવા મુજબ તેમના અધિકારીઓ અને સુપરવાઈઝર થોડા થોડા સમયે સ્ટેશનો પર હાજર ખાણી-પીણીના સ્ટોલની તપાસ કરતા રહે છે. પશ્ચિમ રેલવે અનુસાર જાન્યુઆરીથી જુલાઈ ૨૦૨૬ વચ્ચે ૧,૫૨૩ રેગ્યુલર અને સરપ્રાઈઝ તપાસ કરવામાં આવી છે. આમ છતાં મોટી સંખ્યામાં દુકાનોમાં ગુણવત્તા, સ્વચ્છતા અને કર્મચારીઓના મેડિકલ પ્રમાણપત્રથી જોડાયેલી ખામીઓ મળ્યા બાદ રેલવેની કામગીરી અંગે ગંભીર પ્રશ્નો ઊભા થયા છે.

**સ્વચ્છતા પર વિશેષ ધ્યાન આપવું પડશે**

એક સ્ટોલ પર કામ કરનારા કર્મચારીએ કહ્યું કે તેમને સ્પષ્ટપણે કહેવામા આવ્યું હતું કે આવનારા દિવસોમાં સાફ-સફાઈ અને ખાદ્ય ગુણવત્તા પર વિશેષ ધ્યાન આપવું પડશે. કોઈ પણ પ્રકારની બેદરકારી મળવા પર કાર્યવાહી કરવામાં આવશે. જે દુકાનોમાં નિયમોનું ઉલ્લંઘન થયું તેને બંધ કરાવવામાં આવી હતી. ■

# મહારાષ્ટ્રમાં મરાઠી ના જાણનારા ૧,૨૬૮ ડ્રાઇવરને નોટિસઃ મહિનામાં ભાષા શીખવાનું ફરજિયાત



મુંબઈઃ મહારાષ્ટ્રમાં વ્યાવસાયિક રિક્ષા, ટેક્સી, કેબ ચલાવતા ડ્રાઇવરો માટે હવે વ્યાવહારિક મરાઠી ભાષાનું જ્ઞાન ફરજિયાત બનાવવામાં આવ્યું છે. મુસાફરો સાથે સરળતાથી સંવાદ સાધી શકાય અને મુસાફરી દરમિયાન તેમની સુવિધા તથા સુરક્ષા જળવાઈ રહે તે હેતુથી રાજ્ય પરિવહન વિભાગે આજથી સમગ્ર રાજ્યમાં તપાસ અભિયાન શરૂ કર્યું હતું અને અત્યાર સુધીમાં પરિવહન વિભાગે રાજ્યના ૧,૨૬૮ ડ્રાઇવરોને નોટિસ ફટકારાઈ હતી.

તપાસ દરમિયાન જે ડ્રાઇવરોને વ્યવહારિક મરાઠી ભાષાનું પૂરતું જ્ઞાન ન હોવાનું જણાશે, તેમને નોટિસ ફટકારવામાં આવશે અને એક મહિનાની અંદર મરાઠી ભાષા શીખવી ફરજિયાત રહેશે. જો આ સમયમર્યાદા દરમિયાન ડ્રાઇવર જરૂરી ભાષાકૌશલ્ય પ્રાપ્ત નહીં કરે, તો તેનો ડ્રાઇવર બેજ ત્રણ મહિના માટે સસ્પેન્ડ કરવામાં આવશે, તેવી માહિતી પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈકે આપી છે.મુંબઈ ખખછમાં ૩,૯૯૫ ડ્રાઇવરની તપાસઆજે મુંબઈ મહાનગર ક્ષેત્રમાં હાથ ધરાયેલી તપાસ દરમિયાન કુલ ૩,૯૯૫ વાહનચાલકોની તપાસ કરવામાં આવી હતી. તેમાંથી ૬૦૪ ડ્રાઇવરોને વ્યવહારિક મરાઠીનું પૂરતું જ્ઞાન ન હોવાનું જણાયું, જેના પગલે તેમને નોટિસ ફટકારવામાં આવી છે.બીજી તરફ, મુંબઈ સિવાય રાજ્યના અન્ય વિસ્તારોમાં અત્યાર સુધી ૪,૨૨૨ ડ્રાઇવરોની તપાસ કરવામાં આવી છે.

તેમાંથી ૬૬૪ ડ્રાઇવરોને નોટિસ આપવામાં આવી છે. આ રીતે મુંબઈ મહાનગર ક્ષેત્ર અને રાજ્યના અન્ય વિસ્તારોને મળીને અત્યાર સુધી કુલ ૮,૨૧૭ ડ્રાઇવરોની તપાસ થઈ છે અને ૧,૨૬૮ ડ્રાઇવરોને નોટિસ આપવામાં આવી છે.મહિનામાં મરાઠી શીખવાની તકપરિવહન વિભાગના જણાવ્યા મુજબ, મરાઠી ભાષાનું પૂરતું જ્ઞાન ન ધરાવતા ડ્રાઇવરોને તાત્કાલિક બેજ સસ્પેન્ડ કરવાની જગ્યાએ સુધારાની તક આપવામાં આવશે. નોટિસ મળ્યા બાદ તેમને એક મહિનાનો સમય આપવામાં આવશે, જેથી તેઓ વ્યવહારિક મરાઠી શીખી શકે. ■

# બેસ્ટના કાફલામાં ૧૫૦ ડબલડેકર ઈ-એસી બસનો સમાવેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈના રસ્તા પર ઘટતી બૃહનમુંબઈ ઈલેક્ટ્રિક સપ્લાય એન્ડ ટ્રાન્સપોર્ટ (બેસ્ટ) બસને કારણે બસ સ્ટોપ લાગતી લાઈન અને મુંબઈગરાને થઈ રહેલી હાલાકીનો બહુ જલદી અંત આવવાનો છે. તાજેતરમાં બેસ્ટ ઉપક્રમ દ્વારા તેના કાફલામાં ૧૫૦ ડબલ-ડેકર એર-કન્ડિશન્ડ ઇલેક્ટ્રિક બસનો સમાવેશ કરવાનો નિર્ણય લીધો છે.

બેસ્ટ સમિતિની બેઠકમાં ૧૫૦ ડબલ-ડેકર એર-કન્ડિશન્ડ ઇલેક્ટ્રિક બસના પ્રસ્તાવને બહુમતીએ મંજૂરી આપવામાં આવી છે. તેથી આગામી દિવસોમાં મુંબઈની જાહેર પરિવહન વ્યવસ્થામાં પર્યાવરણને અનુકૂળ બસ સેવાઓને વધુ મજબૂતી મળશે.

બેસ્ટ સમિતિની બેઠકમાં ૧૫૦ ડબલ-ડેકર એર-કન્ડિશન્ડ ઇલેક્ટ્રિક બસોના પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી હતી. આ ઇલેક્ટ્રિક ડબલ-ડેકર બસો પર્યાવરણને અનુકૂળ છે અને અવાજ પણ કરતી નથી અને તેને કારણે વાયુ પ્રદૂષણ પણ થતું નથી. આ એરકન્ડિશન્ડ બસોમાં બંને બાજુ ઓટોમેટિક પ્રવેશદ્વાર હશે, જેનાથી મુસાફરોને ચઢવા અને ઉતરવા માટે વધુ સુવિધાઓ મળશે. મુસાફરોની સલામતી માટે બસોમાં સીસીટીવી સિસ્ટમ પણ પૂરી પાડવામાં આવી છે. ■

# કર્જત-પનવેલ લોકલ માટે માર્ગ મોકળોઃ રેલવે ટ્રેકનું કામ અંતિમ તબક્કામાં

મુંબઈઃ મુસાફરો માટે લોકલ ટ્રેનની મુસાફરી આરામદાયક અને સુરક્ષિત બનાવવા માટે વહીવટીતંત્ર સતત પ્રયાસ કરી રહ્યું છે. નાગરિકોની સુવિધા માટે મુંબઈ રેલવે વિકાસ કોર્પોરેશ (એમઆરવીસી) ને કર્જત અને પનવેલ વચ્ચે એક મહત્વપૂર્ણ પ્રોજેક્ટ હાથ ધર્યો છે.

ઉપલબ્ધ માહિતી અનુસાર, એમઆરવીસી દ્વારા નિર્માણ કરવામાં આવી રહેલી કર્જત-પનવેલ ડબલ સબર્બન રેલવે લાઇનનું કામ હવે ૯૦ ટકા પૂર્ણ થઈ ગયું છે અને આ રૂટ ઓક્ટોબર ૨૦૨૬ સુધીમાં કાર્યરત થઈ જશે. જેથી ટૂંક સમયમાં પનવેલ-કર્જત વચ્ચે સીધી લોકલ ટ્રેન સેવા શરૂ કરવાનો માર્ગ મોકળો થશે.

એકવાર આ રૂટ કાર્યરત થઈ જાય પછી, પનવેલ, થાણે, નવી મુંબઈ અને સમગ્ર આસપાસના વિસ્તારના મુસાફરો માટે અવરજવર સરળ અને ઝડપી બની જશે. જોકે ચોક્કસ તારીખ હજુ સુધી નક્કી કરવામાં આવી નથી,પરંતુ રેલવે વહીવટીતંત્રે ઓક્ટોબર ૨૦૨૬ સુધીમાં તેને શરૂ કરવાનું લક્ષ્ય રાખ્યું છે.

૨૯.૯ કિલોમીટર લાંબી પનવેલ-કર્જત રેલવે લાઇન પર પાંચ સ્ટેશનોનું નિર્માણ કરવામાં આવ્યું છેઃ પનવેલ, ચિખલે, પૌર્યાજે (મોહપે), ચોક અને કર્જત. આ ઉપરાંત, આ પ્રોજેક્ટમાં નાઘલ, વાવરલે અને કિરાવલી એમ ત્રણ ટનલનો પણ સમાવેશ થાય છે, જેની કુલ લંબાઈ આશરે ૩.૨ કિલોમીટર છે. આ ટનલના નિર્માણ પાછળ લગભગ રૂ.૩૦૦ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. ■

# નાશિકમાં પાણીની ટાંકીમાં ડૂબી જવાથી બે સગીર બહેનોનાં મોત

નાશિકઃ મહારાષ્ટ્રના નાશિક શહેરમાં એક ડોક્ટર દંપતીની બે સગીર પુત્રીઓનું તેમના ઘરની પાણીની ટાંકીમાં ડૂબી જવાથી મૃત્યુ થયું હતું. એક અધિકારીએ જણાવ્યું હતું કે આ ઘટના શનિવારે શહેરના પંચવટી વિસ્તારમાં આવેલી શુભમ કોલોનીમાં બની હતી. તેમણે કહ્યું કે ઘટના સમયે બાળકો ઘરે હતા, જ્યારે તેમના તબીબ માતા-પિતા તેમની ક્લિનિક પર હતા.

ઘરે પરત ફર્યા બાદ માતાએ બાળકીઓની શોધખોળ કરી હતી અને ભારે દોડધામ બાદ બંને ઘરની પાછળ આવેલી પાણીની ટાંકીમાંથી મળી આવી હતી. અધિકારીએ જણાવ્યું કે, તેમણે પડોશીઓની મદદથી પોતાની દીકરીઓ, વૃત્તિ વિશાલ સોનાવણે (૮) અને સ્વસ્તિ (૫) ને ટાંકીમાંથી બહાર કાઢી અને તાત્કાલિક ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા , જ્યાં તબીબોએ તેમને મૃત જાહેર કરી હતી. મ્હાસરુલ પોલીસ સ્ટેશનમાં આકસ્મિક મૃત્યુનો કેસ નોંધવામાં આવ્યો છે અને વધુ તપાસ ચાલી રહી છે, તેમ અધિકારીએ ઉમેર્યું હતું. (પીટીઆઈ) ■

# અકસ્માતમાં મૃત્યુ પામેલાં શાકભાજી વિક્રેતાના પરિવારજનોને ૫૧ લાખનું વળતર ચૂકવવાનો આદેશ

થાણેઃ થાણેમાં મોટર એક્સિડન્ટ ક્લેમ્સ ટ્રિબ્યુનલે મે ૨૦૨૩ માં મુંબઈમાં ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે પર અકસ્માતમાં મૃત્યુ પામેલા ૩૨ વર્ષીય શાકભાજી વિક્રેતાના પરિવારને રૂ. ૫૧ લાખ રૂપિયાનું વળતર આપવાનો આદેશ આપ્યો.

સોમવારે એક આદેશમાં, ટ્રિબ્યુનલના પ્રિસાઇડિંગ ઓફિસર આર. વી. મોહિતેએ ટ્રક માલિક રફીક ફકીર મોહમ્મદ મલીમ અને રિલાયન્સ જનરલ ઇન્સ્યોરન્સ કંપની લિમિટેડને અરજી દાખલ કર્યાની તારીખથી રકમ ચૂકવાય ત્યાં સુધી વાર્ષિક ૯ ટકા વ્યાજ સાથે સંયુક્ત રીતે વળતરની રકમ ચૂકવવાનો નિર્દેશ આપ્યો હતો.

આ અકસ્માત ૩૧ મે, ૨૦૨૩ ના રોજ રાતે લગભગ ૯:૩૦ વાગ્યે થયો હતો, જ્યારે શાકભાજી વિક્રેતા, સૂરજ ગુંગારામ પાટિલ, તેના સ્કૂટર પર ઘર તરફ જઈ રહ્યો હતો. ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે પર એક બ્રિજ નીચે, એક ટ્રેલરે તેના સ્કૂટરને પાછળથી ટક્કર મારી, જેના કારણે સૂરજને ગંભીર ઇજાઓ થઈ હતી અને તેને તાત્કાલિક મુંબઈની રાજાવાડી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા, જ્યાં ડૉક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો. ત્યારબાદ નેહરુનગર પોલીસે ટ્રેલર ચાલક વિરુદ્ધ કેસ નોંધ્યો હતો.

રિલાયન્સ જનરલ ઇન્સ્યોરન્સે ડ્રાઇવર પાસે માન્ય લાઈસન્સ, પરમિટ અને ફિટનેસ સર્ટિફિકેટ ન હોવાનું જણાવી તેમજ મૃતકની પણ બેદરકારી હોવાનો આરોપ મૂકી વળતરનો વિરોધ કર્યો હતો. જોકે, આ દલીલો ફગાવતાં ટ્રિબ્યુનલે જણાવ્યું કે મૃતકની કોઈ ભૂલ નહોતી અને અકસ્માત માત્ર ટ્રેલર ચાલકની બેદરકારી અને પૂરઝડપે વાહન ચલાવવાને કારણે જ થયો હતો. ■

# મુમ્બ્રામાં ૧૦,૦૦૦ લિટર પેટ્રોલની ચોરી

મુંબઈઃ પુણેમાં એફડીએની વિતરણ ટીમે મુંબ્રાના રેતી બંદર વિસ્તારમાંથી આશરે ૧૦,૬૦૦ લીટર પેટ્રોલ ભરેલું એક ટેન્કર જપ્ત કર્યુ. આ ટેન્કરને થાણે પોલીસને સોંપી દેવામાં આવ્યું હતું.

એફડીએ વિતરણ ટીમના અધિકારી રોહિત મલ્કરે જણાવ્યું હતું કે, ''અમને માહિતી મળી હતી કે અહીંથી એક ગેરકાયદેસર પેટ્રોલ ભરેલું એક ટેન્કર જઈ રહ્યું છે. અમે તેને રેતી બંદર પાસે રોકી, ડ્રાઇવર પાસે પેટ્રોલ સંબંધિત દસ્તાવેજો માંગ્યા તો તે કોઈ પુરાવા બતાવી શક્યો નહીં. તેથી અમે પોલીસની મદદથી તેને કબ્જે કર્યું હતું. રોહિત માલકરે વધુમાં જણાવ્યું હતું કે ટેન્કર જેએનપીટીથી પેટ્રોલ ભરીને બદલાપુર જઈ રહ્યું હતું. ટેન્કરમાં ૧૦,૬૦૦ લિટર પેટ્રોલ હતું. ■

## દશા શ્રીમાળી જૈન મરણ



લાઠી નિવાસી હાલ બોરીવલી સ્વ. કલાવંતી જયંતિલાલ ભયાણી ના પુત્ર. જયપ્રકાશ ભાઈ, ઉંમર વર્ષ ૭૪, તા. ૨૦-૮-૨૬ ના અરિહંત શરણ પામેલ છે. તે સીમાબેનના પતિ અમિત, મોના ના પિતા કીરીટભાઈ, કેતનભાઈ, સ્વ. ઈલાબેન વૈદ, ચેતનાબેન, બિન્દુબેન, સ્વ. મનીષાબેન ના ભાઈ, ખુશ્બુ, મનનકુમાર ના સસરા, નેમીશ, વિશાલ ના કાકા છે. આશીતા, અમી ના મોટા પપ્પા. કુજ ના દાદા, વ્રિતી ના નાના, વીજલ, વિકાસ ના મામા પ્રાર્થના સભા લૌકીક વ્યવહાર બંધ રાખેલ છે.

# સાયબર ફ્રોડ માટે સિમકાર્ડ પૂરાં પાડનારો યુવક, તેનો સાથીદાર બિહાર અને ઝારખંડથી પકડાયા

મુંબઈઃ સાયબર ફ્રોડ માટે આરોપીઓને સિમકાર્ડ પૂરાં પાડનારા યુવક અને તેના સાથીદારને સાઉથ રિજન સાયબર પોલીસે બિહાર અને ઝારખંડથી ઝડપી પાડ્યા હતા. આરોપીઓ પાસેથી મેગાફોન અને ૧૬૧ સિમકાર્ડ જપ્ત કરવામાં આવ્યાં હતાં.

સાઉથ રિજન સાયબર પોલીસે ધરપકડ કરેલા આરોપીઓની ઓળખ બિહારના આમિર ચાંદમોહંમદ ખાન (૨૨) અને ઝારખંડના સૂરજકુમાર પ્રદીપકુમાર સાવ ઉર્ફે વિશાલ તરીકે થઇ હતી. બંને જણે સાત ગુના આચર્યા હોઇ તેમાંના બે મુંબઈમાં, જ્યારે બાકીના ગુના હરિયાણા, નવી દિલ્હી, પશ્ચિમ બંગાળ અને તમિળનાડુમાં દાખલ છે.

દક્ષિણ મુંબઈમાં આવેલી ખાનગી કંપનીમાં જનરલ મેનેજર (અકાઉન્ટ એન્ડ ટેક્સેશન) તરીકે કામ કરનારા ફરિયાદીને ૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ વ્હૉટ્સઍપ પર અજાણ્યા નંબર પરથી કંપનીના ડિરેક્ટરના નામે મેસેજ આવ્યો હતો અને બૅંક અકાઉન્ટ નંબર આપીને તેમાં ૪૮.૬૦ લાખ રૂપિયા ટ્રાન્સફર કરવાનું તેને કહેવામાં આવ્યું હતું. કંપનીના ડિરેક્ટરે મેસેજ કર્યો હોવાનું માની ફરિયાદીએ રૂપિયા ટ્રાન્સફર કરી દીધા હતા. થોડા સમય બાદ બીજા ૧૮ લાખ રૂપિયા ટ્રાન્સફર કરવાનો મેસેજ એ જ નંબર પરથી આવ્યો હતો. આથી ફરિયાદીએ કંપનીના ડિરેક્ટરનો સંપર્ક સાધ્યા બાદ જાણવા મળ્યું હતું કે અજાણી વ્યક્તિએ ડિરેક્ટરના નામે ઠગાઇ આચરી હતી. આથી ફરિયાદીએ પોલીસનો સંપર્ક સાથી ફરિયાદ નોંધાવી હતી.

પોલીસને તપાસમાં જાણવા મળ્યું હતું કે મેસેજ મોકલવા માટે જે નંબર વાપરવામાં આવ્યો હતો, તેનું સિમકાર્ડ બિહારના સિમકાર્ડ વિક્રેતા આમિર ચાંદમોહંમદ ખાને આરોપીને પૂરું પાડ્યું હતું. તેણે આઠ સિમકાર્ડ એક્ટિવ કરીને તેના સાથીદાર સૂરજકુમારને છ હજાર રૂપિયામાં વેચ્યાં હતાં. આથી પોલીસે પ્રથમ સૂરજકુમારને અને બાદમાં આમિર ખાનની ધરપકડ કરી હતી. ■

# વર્ધામાં પ્રૌઢ પર વાઘનો હુમલોઃ વાઘ સામે નીડરતાથી બાથ ભીડીને બચાવ્યો જીવ

વર્ધાઃ વર્ધા જિલ્લામાં હિંગનઘાટ તાલુકાના ધામનગામ વિસ્તારમાં બકરીઓ ચરાવવા ગયેલા પ્રૌઢ વયના ખેડૂતે વાઘ સામે બાથ ભીડી હોવાનો કિસ્સો બન્યો હતો. પંચાવન વર્ષના પ્રૌઢ ગજાનન સુર્યભાનજી નાગોસે પર અચાનક વાઘે હુમલો કરતા આ વ્યક્તિનો જીવ તાળવે ચોંટી ગયો હતો, પરંતુ સમયસર હિંમત અને સમયસૂચકતાને કારણે તેમણે વાઘનો સામનો કર્યો હતો. જોકે, જોર જોરથી બૂમાબૂમ કરી મૂકતા વાઘ તેને છોડીને જંગલ તરફ દોડી ગયો હતો. મળતી માહિતી અનુસાર વાઘનો સામનો કરી બૂમાબૂમ કરતા વાઘ ગભરાઈ જતા એ શખસને મૂકીને ભાગી નીકળ્યો હતો. આ હુમલામાં નાગોસેની પગ, માથાના ભાગે અને પીઠ પર ઈજા પહોંચી હતી. ઘટના બાદ ઈજાગ્રસ્ત વ્યક્તિને તાત્કાલિક સારવારાર્થે હિંગનઘાટ ઉપજિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. અધિકારીઓએ હુમલાથી સંકળાયેલી પરિસ્થિતિ અને વાઘની ગતિવિધિઓની જાણકારી મેળવવા માટે પ્રયાસ કર્યો હતો. આ ઘટના બાદ ધામનગામ અને આસપાસના વિસ્તારોમાં ગ્રામીણો અને પશુપાલકો વચ્ચે ડરનો માહોલ ઊભો થયો હતો. લોકોને જંગલ અને ખેતરોની તરફ એકલા ન જવા માટે નિર્દેશ આપવામાં આવ્યા હતા. ગ્રામીણોએ વન વિભાગના વિસ્તારોમાં વાઘની હાજરી જોતા સુરક્ષા માટે જરૂરી પગલાં ઉપાડવાની માગ કરી હતી. ■

# લાલબાગમાં છ ગેરકાયદે દુકાન અને ૪૩ ફેરિયાઓ સામે એક્શન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાની 'પેડસ્ટ્રીયન ફર્સ્ટ' ઝુંબેશ હેઠળ લાલબાગ વિસ્તારમાંથી છ અનધિકૃત દુકાનો, ૪૩ ફેરિયાઓને પાલિકાના 'એફ સાઉથ' વોર્ડ દ્વારા કાર્યવાહી કરીને હટાવવામાં આવ્યાં હતાં.

પાલિકાએ ફૂટપાથને અવરોધમુક્ત અને રાહદારીઓ માટે સરળ બનાવવા માટે 'પેડસ્ટ્રીયન ફર્સ્ટ' ઝુંબેશ અમલમાં મૂકી છે. આ ઝુંબેશ અંતર્ગત 'એફ સાઉથ' વૉર્ડે બુધવાર, ઓગસ્ટ, ૨૦૨૬ના લાલબાગ વિસ્તાર અને આસપાસના વિસ્તારોમાં વિવિધ કદની ફૂટપાથમાં અવરોધ ઉભો કરતી દુકાનો સહિત ફેરિયા સામે ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે કાર્યવાહી કરી હતી.

હાઈ કોર્ટના નિર્દેશો અનુસાર પાલિકા કમિશનર અશ્વિની ભીડેએ મુંબઈની ફૂટપાથ પરનાં અનધિકૃત ફેરિયાઓ અને અતિક્રમણોને તાત્કાલિક દૂર કરવાં અને ફૂટપાથને અવરોધ મુક્ત કરવાનો નિર્દેશ આપ્યો છે. તે મુજબ બુધવારે લાલબાગ અને તેની આસપાસના વિસ્તાર તેમજ ડૉ. બાબાસાહેબ આંબેડકર માર્ગ પર ફૂટપાથ પર અવરોધ ઊભો કરતી છ અનધિકૃત દુકાનો, ૨૪ કામચલાઉ તાડપત્રી શેડ, ત્રણ અનધિકૃત કટ્ટા અને ૪૩ ફેરિયાઓને દૂર કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત વિસ્તારમાં સફાઈ પણ કરવામાં આવી હતી. ■

દશમી પુણ્યતિથિએ
નત મસ્તકે ભાવવંદના
લાખાણીસર



સ્વ. ગિરધરલાલ
વનમાળીદાસ લાખાણી
જન્મ : તા. ૦૩-૦૮-૧૯૪૩
સ્વર્ગવાસ : તા. ૨૧-૦૮-૨૦૧૬
દિલમાં તમારી યાદનો, રાજ્યાભિષેક છે...
આજે...
દશક તમારી ભૌતિક વિદાયનો,
શતક તમારી આત્મીય યાદોનો,
શહસ્ત્રક તમારી કેળવણીનો,
અસંખ્યક તમારા ઉપકારોનો,
આખો એક યુગ સંઘરીને અમે સૌ બેઠા છીએ...
લી.
લાખાણી ક્લાસિસ / પરિવારજન
મો. : ૯૯૩૦૩ ૧૧૪૫૦

# લઠ્ઠાકાંડનો મૃતાંક આઠ થયો, ૩૧ સારવાર હેઠળ: ઉજ્જૈનથી મુખ્ય આરોપી પકડાયો, પીઆઈ સસ્પેન્ડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ રાજ્યભરમાં હાહાકાર મચાવનારા લઠ્ઠાકાંડમાં આઠ જણના જીવ ગયા હોવાની માહિતી લો ઍન્ડ ઓર્ડર આઇજીપી મકરંદ ચૌહાણે આપી હતી. તેમના જણાવ્યા અનુસાર ભાવનગર જિલ્લામાં બનેલા બનાવમાં અત્યાર સુધીમાં આઠ નાગરિકના મૃત્યુ નીપજ્યા છે, જ્યારે ૩૧ નાગરિક જિલ્લાની વિવિધ હોસ્પિટલોમાં (તે પૈકી એક દર્દી સુરતની ખાનગી હૉસ્પિટલમાં) સારવાર હેઠળ છે. જોકે બિનસત્તાવાર આંકડો નવ હોવાનું અહેવાલો જણાવે છે.

દરમિયાનમાં તપાસનો દોર સંભાળી રહેલા સ્ટેટ મોનિટરિંગ સેલના એસપી ચાવડાએ આજે પત્રકાર પરિષદ યોજીને આ લઠ્ઠાકાંડમાં પોલીસ ડુપ્લિકેટ દારૂની છેલ્લામાં છેલ્લી બોટલ અને છેલ્લું ટીપું જપ્ત કરવા પ્રયાસ કરી રહી હોવાનું જણાવી મોટાભાગનો ઝેરી દારૂ જપ્ત કરી લેવાયાનું ઉમેર્યું હતું. તેમણે આ કાંડમાં સંકળાયેલા મુખ્ય આરોપી રઇસ દ્વારા છેલ્લા દોઢેક મહિનાથી ભાવનગર ઉપરાંત રાજ્યના જુદા જુદા જિલ્લાઓમાં ઈથેલોન અને મિથેલોન સહિતની સામગ્રીનો ઉપયોગ કરીને ડુપ્લિકેટ દારૂ બનાવવાની પ્રવૃત્તિ થઈ રહી હોવાનું તપાસમાં બહાર આવ્યું હોવાનું જણાવ્યું હતું. મુખ્ય આરોપી રઇસની ઉજજૈનથી ધરપકડ કરાઈ છે. જ્યારે દારૂ બનાવવામાં માહિર અન્ય એક આરોપી નરેન્દ્ર યાદવ ઉર્ફે ડૉક્ટરનું અગાઉ મૃત્યુ થઈ ચુક્યુ છે.

ભાવનગરના વરતેજમાં કેમિકલયુક્ત ઝેરી દારૂ બનાવી અને તેને ગ્રાહકો સુધી પહોંચાડવાની ગેરકાયદે અને ગુનાહિત પ્રવૃત્તિમાં સંકળાયેલા ૨૧ લોકો સામે ગુનો દાખલ થયો છે તે પૈકી પોલીસે અત્યાર સુધીમાં ૧૩ને દબોચી લેવામાં સફળતા મેળવી છે. એસએમસીના એસપી ચાવડાએ જણાવ્યું હતું કે આ ગુનામાં ગૌતમ સોલંકી, સારસ સોલંકી, જતીન, ધર્મેન્દ્રસિંહ, મનદીપસિંહ, પારસ ઉર્ફે પપ્પુ, જયદીપ, ભાર્ગવ, વિવેક, હર્ષ, કેવલ, સુખદેવ અને હાર્દિકને ઝડપી લઈ કોર્ટમાં રજૂ કર્યા હતા. પોલીસે આ ગુનાની ઊંડાણપૂર્વક તપાસ કરવા માટે આરોપીઓના રિમાન્ડની માગણી કરતા, કોર્ટે તમામ ૧૩ આરોપીના આગામી તા. ૩૧ ઑગષ્ટ સુધીના પોલીસ રિમાન્ડ મંજૂર કરવાનો હુકમ કર્યો હતો. સમગ્ર પ્રકરણની તપાસ એસએમસીના પીઆઈ જાડેજાને સોંપાઈ છે. આ સાથે અન્ય રાજ્યોમાં ટીમ મોકલી તપાસ આગળ વધારી છે.

આ સમગ્ર પ્રકરણમાં રાજ્યના ડીજીપી દ્વારા ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચ (એલસીબી)ના પી.આઈ. મયુરધ્વજસિંહ સરવૈયાને સસ્પેન્ડ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. બીજી તરફ, ભાવનગર રેન્જ આઈ.જી. રાજેન્દ્ર અસારી દ્વારા પણ વરતેજ પોલીસ સ્ટેશનના પી.આઈ. એસ.બી. પઢેરિયા સામે આકરા સસ્પેન્શનના હુકમો જારી કરવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે, આ જ કૌભાંડમાં શંકાસ્પદ ભૂમિકા અને બેદરકારી દાખવવા બદલ ગઈકાલે જ સ્થાનિક પાંચ પોલીસ કર્મચારીઓ સામે સસ્પેન્શનની ગાજ પડી હતી. ■

## દારૂકાંડના તાર ભચાઉ સાથે જોડાયા?: શંકાસ્પદ કેમિકલનો જથ્થો ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ભાવનગર જિલ્લાના ખરકડી ગામે બનાવટી દારૂ પીવાથી અત્યાર સુધી સાત વ્યક્તિઓના મોત નિપજતાં રાજ્યનું પોલીસ તંત્ર હરકતમાં આવ્યું છે. આ કૌભાંડના તાર પૂર્વ કચ્છના ભચાઉ સાથે જોડાયેલા હોવાની શંકાના આધારે પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. મળતી વિગતો મુજબ, ગંભીર ઘટના બાદ ગૃહરાજ્ય પ્રધાન હર્ષ સંઘવીએ ઉચ્ચ પોલીસ અધિકારીઓ સાથે બેઠક યોજી સમીક્ષા કરી હતી. દરમિયાન, પૂર્વ કચ્છ પોલીસે ભચાઉના ભવાનીપુર વિસ્તારમાંથી અંદાજે ૨૦૦થી ૩૦૦ લિટર શંકાસ્પદ કેમિકલનો જથ્થો જપ્ત કર્યો હોવાનું સૂત્રોમાંથી જાણવા મળ્યું છે. આ કેમિકલના એફએસએલ પૃથક્કરણ રિપોર્ટ આવ્યા બાદ જ સાચી વિગતો બહાર આવશે. ભૂતકાળમાં પણ ભચાઉમાં લઠ્ઠાકાંડની ઘટનાઓ બની ચૂકી છે તેમજ સુરત લઠ્ઠાકાંડમાં કંડલાથી કેમિકલ મોકલાયું હોવાનું સામે આવ્યું હતું. અંજારના સતાપર પાસે ઝડપાયેલી બનાવટી દારૂની ફેક્ટરીના તાર પણ આ પ્રકરણ સાથે જોડાયેલા છે કે કેમ તે દિશામાં તલસ્પર્શી તપાસની માગ ઉઠી રહી છે. ■

# મુખ્ય પ્રધાનની વોલમાર્ટના એક્ઝિક્યુટિવ વાઈસ પ્રેસિડેન્ટ સાથે વોશિંગ્ટનમાં મુલાકાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમેરિકાના પ્રવાસે ગયેલા મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ વોશિંગ્ટન ડી.સી.માં વોલમાર્ટના એક્ઝિક્યુટિવ વાઈસ પ્રેસિડેન્ટ સાથે મુલાકાત કરી હતી. ગુજરાત મોટા પાયે માઈક્રો, સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝ (એમએસએમઈ) ઉદ્યોગો ધરાવે છે તે સંદર્ભમાં મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ સાથેની આ બેઠકમાં વોલમાર્ટના ગ્લોબલ પબ્લિક પૉલિસી એન્ડ ગવર્નમેન્ટ અફેર્સના એક્ઝિક્યુટિવ વાઈસ પ્રેસિડેન્ટ બ્રાયન્ટે રાજ્યના વિશાળ એમએસએમઈ પુલને સેન્સીટાઈઝ કરીને ગુણવત્તા સુધારણા દ્વારા નિકાસ તકો વધારવા અંગે પરામર્શ કર્યો હતો. વોલમાર્ટ દ્વારા વૃદ્ધિ કાર્યક્રમ અંતર્ગત ૨૦૧૯થી અત્યાર સુધીમાં ૧.૧૫ લાખથી વધુ એમએસએમઈને તાલીમ આપવામાં આવી છે એટલું જ નહિ, ૨૦૨૮ સુધીમાં ૧.૭૦ લાખ એમએસએમઈને તાલીમ પૂરી પાડવાનો લક્ષ્યાંક તેમણે રાખ્યો છે તેની વિગતો બ્રાયન્ટે મુખ્ય પ્રધાન સમક્ષ આપી હતી. ભૂપેન્દ્ર પટેલે વોલમાર્ટ અને રાજ્ય સરકારના સંબંધિત વિભાગો સાથે મળીને વર્કશોપના આયોજનોથી એમએસએમઈની સેક્ટરલ સંભાવનાઓની ઓળખ કરે તે માટે પણ ચર્ચાઓ કરી હતી. સરકાર અને વોલમાર્ટ ૩થી ૪ મહિનામાં આવા એમએસએમઈ અને નાના કારીગરો માટે સંભવિત વૈશ્વિક તકો પર સાથે મળીને કામ કરી શકે તે માટે પરસ્પર વિમર્શ થયો હતો. આગામી વાયબ્રન્ટ સમિટ-૨૦૨૭ દરમિયાન આ અંગે એક સ્પષ્ટ રોડમેપ જાહેર કરવાની દિશામાં પણ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ અને બ્રાયન્ટે તથા ડેલિગેશને મંત્રણાઓ કરી હતી. ■

### મુખ્ય પ્રધાને ગુજરાતી સમુદાય સાથે સંવાદ કર્યો:

# રાજ્યના વિકાસમાં વૈશ્વિક ગુજરાતી સમુદાયની સહભાગિતાની નેમ છેઃ પટેલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે તેમની યુએસ-કેનેડા મુલાકાતના ચોથા દિવસે વોશિંગ્ટનમાં વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના કાર્યક્રમમાં વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમિટ ૨૦૨૭ સંદર્ભમાં ગુજરાતને ભારતના ગ્રોથ એન્જિન તરીકેની પ્રભાવક પ્રસ્તુતિ કરી હતી. વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા વોશિંગ્ટન ખાતે આયોજિત કાર્યક્રમ દરમિયાન તેમણે ગુજરાતી ડાયાસ્પોરા સાથે સંવાદ કર્યો હતો. તેમાં ગુજરાતના સર્વાંગી વિકાસ, નાણાકીય શિસ્ત, નવા રોકાણની તકો તથા ગિફ્ટ સિટી, સેમિકન્ડક્ટર, એઆઈ, ડેટા સેન્ટર્સ અને બાયોટેકનોલોજી જેવા ઉભરતા ક્ષેત્રોની વિપુલ વિકાસ સંભાવનાઓ અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી.

મુખ્ય પ્રધાને ગુજરાત ડેલિગેશનના અમેરિકા પ્રવાસનો હેતુ સ્પષ્ટ કરતાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં વધુ રોકાણ આકર્ષવા, નવા ઉદ્યોગો સ્થાપવા અને ઉભરતા ક્ષેત્રોનો વિકાસ થાય તે માટે વિવિધ બિઝનેસ બેઠકો યોજાઈ રહી છે. ખાસ કરીને સિલિકોન વેલી ખાતે યોજાયેલી બેઠકો સફળ રહી હોવાનું તેમણે જણાવ્યું હતું.

ગુજરાતમાં રોકાણ માટે અનુકૂળ અને વિશ્વસનીય વાતાવરણ અંગે તેમણે કહ્યું કે, ગુજરાતને દેશના આર્થિક વિકાસમાં મહત્ત્વનું સ્થાન મળ્યું છે અને હવે નવા ક્ષેત્રોમાં રોકાણ વધારવા માટે સક્રિય પ્રયાસો થઈ રહ્યાં છે.

મુખ્ય પ્રધાને જણાવ્યું હતું કે, ગુજરાતે આર્થિક વિકાસ સાથે પાયાની સુવિધાઓ પર ફોકસ કર્યું છે. રાજ્યનો વિકાસ માત્ર આર્થિક પ્રગતિ સુધી સીમિત ન રાખતા પાણી, વીજળી, શહેરી સુખાકારી અને અન્ય પાયાની સુવિધાઓ દ્વારા સામાન્ય નાગરિકોના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવાનું રાજ્ય સરકારનું મુખ્ય લક્ષ્ય છે.

લોકશાહીમાં લોકો સરકારનું મૂલ્યાંકન માત્ર આર્થિક આંકડાઓથી નહીં, પરંતુ રોજિંદા જીવનમાં અનુભવાતા પરિવર્તનના આધારે પણ કરે છે. ગુજરાતે વીજળી, પાણી અને રોજગાર સહિતના ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે તેમ તેમણે ઉમેર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, વિશ્વભરમાં ગુજરાતીઓએ મહેનતથી સંપત્તિ અને મૂડી ઊભી કરી છે. આ મૂડી ગુજરાતના વિકાસમાં ઉપયોગી થાય તે માટે ગિફ્ટ સિટીમાં રોકાણથી રોકાણકારોને વ્યક્તિગત લાભ તથા નાણાંકીય અર્થવ્યવસ્થાને વધુ મજબૂતી મળશે, તેમ પણ તેમણે જણાવ્યું હતું. ગુજરાત ઉદ્યોગ, નાણાકીય ક્ષેત્ર, સેમિકન્ડક્ટર, ડેટા સેન્ટર, હૉસ્પિટાલિટી સહિતના વિવિધ ક્ષેત્રોમાં આગળ વધી રહ્યું છે ત્યારે સરકાર, ઉદ્યોગજગત અને વૈશ્વિક ગુજરાતી સમુદાયની ત્રિવેણીથી વિકાસને વધુ મળશે એવો વિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો હતો. ■

# મહેસાણાના વિજાપુરમાં ઘરમાં જ લેપટોપ-પ્રિન્ટરથી લાખોની નકલી નોટો છાપનારા ચાર ગઠિયા ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મહેસાણા જિલ્લાના વિજાપુરમાં રૂ.૫૦૦ની નકલી ચલણી નોટોનો ઉપયોગ કરી તેને બજારમાં ચલાવવાના કથિત રેકેટનો પર્દાફાશ થયો હતો. વિજાપુરમાં આવેલી એચડીએફસી બૅન્કના કેશ ડિપોઝિટ મશીનમાં ૫૦૦ રૂપિયાના દરની ૨૬ જેટલી નકલી નોટો જમા કરાવવાનો પ્રયાસ થતાં સમગ્ર મામલો પ્રકાશમાં આવ્યો હતો. આ ઘટના સંદર્ભે બેન્કના મેનેજરની ફરિયાદના આધારે પોલીસે વિસનગરના આદિલ શકીલભાઈ અકબરભાઈ કુંભાર, જૈનિમકુમાર ઉર્ફે જય મનીષનાથ ચંદુનાથ ગોસ્વામી, અવિ રાકેશકુમાર વિક્રમભાઈ ભાખરીયા પટેલ અને રાધેકુમાર અરવિંદભાઈ કાશીરામ પટેલ વિરુદ્ધ ફરિયાદ નોંધી તમામની ધરપકડ કરી લીધી હતી.

પોલીસ ચોપડે નોંધાયેલી વિગતો અનુસાર, ૧૪ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ બેંકના કેશ ડિપોઝિટ મશીનમાં જમા કરાયેલી રૂ.૫૦૦ની નોટોમાંથી ૨૬ નોટ નકલી હોવાનું બહાર આવ્યું હતું. આ મામલે બેંક મેનેજરની ફરિયાદના આધારે પોલીસે બીએનએસની કલમ ૧૭૮, ૧૭૯, ૧૮૦ અને ૫૪ હેઠળ કાર્યવાહી હાથ ધરી હતી.

પોલીસ ફરિયાદની વિગતો અનુસાર, આ કૌભાંડનો મુખ્ય સૂત્રધાર વિસનગરનો આદિલ શકીલભાઈ કુંભાર છે. આદિલે પોતાના આર્થિક ફાયદા માટે લેપટોપ અને કલર પ્રિન્ટરનો ઉપયોગ કરીને ૫૦૦ રૂપિયાના દરની લાખો રૂપિયાની નકલી નોટો છાપી હતી. ત્યારબાદ તેણે સાત હજાર રૂપિયા લઈને ૬૦ જેટલી નકલી નોટો વિસનગરના જૈનિમકુમાર ઉર્ફે જય ગોસ્વામીને આપી હતી. બીજી તરફ, ભારે દેવામાં ડૂબેલા અવિ ભાખરીયાએ પોતાના મિત્ર ફેનિલને ઉછીના લીધેલા નાણાં પરત ચૂકવવા માટે જય અને રાધેકુમાર પટેલ સાથે મળીને એક કાવતરું ઘડ્યું હતું. આ શખ્સોએ ૫૦ હજાર રૂપિયાની અસલ નોટોના બંડલમાં ૨૬ જેટલી નકલી નોટો મિક્સ કરીને તે બંડલ ફેનિલને પધરાવી દીધું હોવાનું પોલીસ ફરિયાદમાં જણાવાયું છે.

તે ઉપરાંત આ નકલી નોટોવાળું બંડલ લઈને ફેનિલે પોતાના સંબંધી ધ્રૂવને આપ્યું હતું. જ્યારે ધ્રૂવ ગત ૧૪ મી ઓગસ્ટના રોજ વિજાપુરની એચડીએફસી બેન્કના કેશ ડિપોઝિટ મશીનમાં પોતાની પત્નીના ખાતામાં આ નાણાં જમા કરાવવા ગયો, ત્યારે મશીને ૫૦ હજારમાંથી માત્ર ૩૭ હજાર રૂપિયા જ સ્વીકાર્યા હતા. બાકીની ૧૩ હજાર રૂપિયાની નોટો નકલી હોવાનું સામે આવતાં બેન્ક મેનેજરે તાત્કાલિક પોલીસને જાણ કરી હતી. પોલીસે આ મામલે ઊંડાણપૂર્વક તપાસ કરતા સમગ્ર કૌભાંડનો પર્દાફાશ થયો હતો. ■

### સુરત રેગિંગ

# માઇક્રોબાયોલોજીનાં પ્રોફેસર ડૉ. સુમૈયા મુલ્લા ૯૦ દિવસ માટે સસ્પેન્ડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતની સરકારી મેડિકલ કોલેજ ખાતે માઇક્રોબાયોલોજી વિભાગના પ્રથમ વર્ષના રેસિડેન્ટ ડોક્ટર સ્વ. ડો. હર્ષ પંડ્યા રેગિંગનો ભોગ બનવાની ઘટનાએ રાજ્યભરમાં ખળભળાટ મચાવ્યો હતો. પંડ્યાએ પોતાના હોસ્ટેલ રૂમમાં આત્મહત્યા કરી હોવાની ઘટના બાદ કોલેજમાં જુનિયર ડોક્ટરોની રેગિંગ અને તેમના પર કામનો બોજ નાખવામાં આવતો હોવાનું તપાસ સમિતિના અહેવાલમાં પણ બહાર આવ્યું હતું. આ સંદર્ભે રાજ્યના આરોગ્ય પ્રધાન પ્રફુલ પાનશેરિયાએ શરૂઆતથી જ ભારે ગંભીરતા દાખવી પગલાં લીધાં હતાં ત્યારે હવે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા માઇક્રોબાયોલોજી વિભાગના વર્ગ-૧ ના પ્રાધ્યાપક ડો. સુમૈયા મુલ્લાને તત્કાલ અસરથી ૯૦ દિવસ માટે સેવામાંથી ફરજમોકૂફ (સસ્પેન્ડ) કરવાનો નિર્ણય લેવાયો છે.

પ્રફુલ પાનશેરિયાએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, ગુજરાતની કોઈપણ શૈક્ષણિક કે તબીબી સંસ્થામાં રેગિંગ અથવા માનસિક ઉત્પીડન સાંખી લેવામાં આવશે નહીં. રેગિંગ સામે રાજ્ય સરકારની ‘ઝીરો ટોલરન્સ’ નીતિ રહી છે અને આગામી સમયમાં પણ રહેશે. આ ઘટના બાદ પાનશેરિયાએ રાજ્યની તમામ સરકારી મેડિકલ કોલેજોને ‘એન્ટિ-રેગિંગ સમિતિ’ અને ‘એન્ટિ-રેગિંગ સ્ક્વોડ’ને તુરંત વધુ સક્રિય અને સુદ્રઢ કરવાના કડક આદેશ આપ્યા છે.

પાનશેરિયાએ જણાવ્યું હતું કે, ફરજમોકૂફી (સસ્પેન્શન)ના સમયગાળા દરમિયાન ડો. સુમૈયા મુલ્લાનું મુખ્ય મથક સરકારી મેડિકલ કોલેજ, વડોદરા રહેશે. ■

# ખાનગી શાળાના વિદ્યાર્થીઓને હવે ઘરે બેઠાં મળશે પાઠ્યપુસ્તકો

### ગુજરાત બોર્ડ અને એમેઝોન વચ્ચે કરાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા ખાનગી શાળાના વિદ્યાર્થીઓના હિતમાં તેમજ વાલીઓની સરળતા માટે વિદ્યાર્થીલક્ષી પહેલ કરવામાં આવી છે. પાઠ્યપુસ્તકો વધુ સરળતાથી, પારદર્શક રીતે અને ઝડપથી ઉપલબ્ધ થાય તે હેતુથી શિક્ષણ પ્રધાન ડો. પ્રદ્યુમન વાજાની ઉપસ્થિતિમાં આજે ગાંધીનગર ખાતે પાઠ્યપુસ્તક મંડળ અને ઈ-કોમર્સ પ્લેટફોર્મ એમેઝોન સાથે ઐતિહાસિક સમજૂતી કરાર કરવામાં આવ્યા હતા.

‘ફક્ત એક ક્લિકથી પુસ્તકો વિદ્યાર્થી સુધી’ના ઉદ્દેશ્ય સાથે વિદ્યાર્થીઓને ભૌતિક પાઠ્યપુસ્તકો કોઈપણ પ્રકારની હાલાકી વિના પોતાના ઘરઆંગણે જ મળી રહે તેવા આશયથી મંડળે એમેઝોન સાથે આ મહત્ત્વપૂર્ણ કરાર કર્યા હોવાનું સરકારે જણાવ્યું હતું. આ પહેલના પરિણામે વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ જરૂરિયાત મુજબ એમેઝોન પ્લેટફોર્મ પરથી સંબંધિત ધોરણનાં પાઠ્યપુસ્તકો સરળતાથી ઓનલાઇન ઓર્ડર કરી શકશે.

શિક્ષણ પ્રધાન ડો. વાજાએ રાજ્ય સરકારની પહેલને ઐતિહાસિક ગણાવતા જણાવ્યું હતું કે, આ કરાર હેઠળ ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પ્રસિદ્ધ તમામ માધ્યમ અને ધોરણોના પાઠ્યપુસ્તકો એમેઝોન પ્લેટફોર્મ પર ઉપલબ્ધ થશે. વિદ્યાર્થીઓ કે વાલીઓ પાસેથી કોઈપણ પ્રકારનો ડિલિવરી ચાર્જ લીધા વિના માત્ર પુસ્તક પર છાપેલી નિયત કિંમતે જ ઘરે બેઠા પુસ્તકો પહોંચાડવામાં આવશે.

રાજ્ય સરકાર દ્વારા વિનામૂલ્યે અપાતા પાઠ્યપુસ્તકો ઉપરાંત, જે વિદ્યાર્થીઓને પુસ્તકો ખરીદવાની જરૂરિયાત હોય તેઓ હવે બુક સ્ટોર પર ગયા વગર સીધા ઓનલાઇન ઓર્ડર કરી શકશે, તેમ તેમણે જણાવ્યું હતું. ■

# આરોગ્ય વિભાગનો સપાટોઃ ૧૩૭ને તાળાં મારવાનો આદેશ, છ રેસ્ટોરાં સીલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં આરોગ્યની દૃષ્ટિએ હાનિકારક એવા ખાદ્ય પદાર્થો અને ખાદ્ય પદાર્થો વેચતા એકમો પર આરોગ્ય વિભાગ ઘણા સમયથી તૂટી પડ્યું છે. રાજ્યમાં સતત અખાદ્ય સામગ્રીનો જથ્થો પકડાતો આવ્યો છે ત્યારે હવે હોટેલો અને ખાણી-પીણીનાં નાનાં-મોટાં ફૂડપાર્લરોનું પણ ચેકિંગ કરવામાં આવતા ગંભીર ચિત્ર દેખાઈ રહ્યું છે.

સ્પેશ્યલ ડ્રાઈવ અંતર્ગત અત્યાર સુધીમાં કુલ ૧૮૭ રેસ્ટોરેન્ટ્સ પર કરવામાં આવેલી આકસ્મિક તપાસની વિગતો મેળવી હતી. આ તપાસ દરમિયાન ૧૩૭ જેટલી રેસ્ટોરેન્ટ્સમાં ગંભીર કક્ષાની અસ્વચ્છતા અને બિનઆરોગ્યપ્રદ સ્થિતિ જણાતાં જાહેર આરોગ્યના હિતને સર્વોપરી રાખીને તંત્ર દ્વારા આ તમામ રેસ્ટોરેન્ટ્સને તાત્કાલિક અસરથી બંધ કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો.

આ ઉપરાંત, રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નિયમોનો ભંગ કરનાર બે રેસ્ટોરન્ટ્સને રાજકોટ જિલ્લામાં એક અને નડિયાદ જિલ્લામાં ત્રણ રેસ્ટોરેન્ટને એમ કુલ છ રેસ્ટોરેન્ટ્ને સીલ કરવામાં આવી છે, જ્યારે અન્ય ૪૦ રેસ્ટોન્ટ્સને ક્ષતિઓ સુધારવા માટે ઇમ્પ્રુવમેન્ટ નોટિસ આપવામાં આવી છે અને ચાર રેસ્ટોન્ટ્સના લાઇસન્સ તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યાં છે. સુરત મહાનગરપાલિકા (એસએમસી) ના આરોગ્ય વિભાગના ફૂડ સેફ્ટી ઓફિસર અને સેનિટેશન સ્ટાફની સંયુક્ત ટીમો દ્વારા શહેરના તમામ ઝોનમાં ૨૦૯ હોટેલ-રેસ્ટોરેન્ટ અને ૩૪ ઢાબામાં સઘન ઇન્સ્પેક્શન ડ્રાઇવ હાથ ધરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન કિચનની સાફ-સફાઈ, વાસી ખોરાક, મેડિકલ ફિટનેસ સર્ટિફિકેટ અને ડેરી પ્રોડક્ટ્સ અંગેના ડિસ્પ્લે બોર્ડની ચકાસણી કરીને કુલ ૫૪૮ કિલો અખાદ્ય ખોરાકના જથ્થાનો નાશ કરવામાં આવ્યો હતો તેમજ ૧૨૮ હોટેલ-રેસ્ટોન્ટને નોટિસ ઇસ્યુ કરી રૂ. ૪,૪૩,૮૦૦ નો વહીવટી દંડ વસૂલવામાં આવ્યો હતો. આ ઉપરાંત સાફ-સફાઈ અને ગંભીર ખામીઓ ધરાવતી ૪૩ હોટેલ-રેસ્ટોરેન્ટ તાત્કાલિક ધોરણે બંધ કરાવવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે સુરતના વરાછા વિસ્તારમાં ગત ૧૮ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ બનેલી ફૂડ પોઇઝનિંગની ગંભીર ઘટનામાં પાંચ વર્ષની માસૂમ બાળકીનું દુઃખદ અવસાન થતાં રાજ્ય સરકારે આ બાબતને અત્યંત ગંભીરતાથી લીધી છે. આ કરુણ દુર્ઘટનાને પગલે આરોગ્ય પ્રધાન પ્રફુલ પાનશેરિયાએ કડક વલણ અપનાવતા સમગ્ર રાજ્યની તમામ રેસ્ટોન્ટ્સમાં ખોરાકની ગુણવત્તા અને અસ્વચ્છતા અંગે સઘન ચકાસણી હાથ ધરવા માટે ખાસ ડ્રાઇવ યોજવાના આદેશ આપ્યા છે. ■

# વડોદરામાં ટ્રાફિકની સમસ્યા હળવી કરવા ચાર નવા ફ્લાયઓવર બનશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન (વીએમસી) એ શહેરના મુખ્ય ટ્રાફિક-સંભવિત સ્થળોએ ચાર નવા ફ્લાયઓવર બ્રિજ બનાવવાની યોજના શરૂ કરી છે. આ બ્રિજનું આયોજન અલકાપુરી, સુસેન સર્કલ, સોમા તળાવ સર્કલ અને ગોત્રી યશ કોમ્પ્લેક્સ સર્કલ પર કરવામાં આવ્યું છે.

વીએમસીએ ચાર પ્રોજેક્ટ્સ માટે ડિઝાઇન અને પ્રારંભિક ખર્ચ અંદાજ તૈયાર કરવાનું શરૂ કરી દીધું છે. શહેરોમાં સતત વધતી વાહનોની સંખ્યાને કારણે મુખ્ય જંકશન પર ખાસ કરીને પીક અવર્સ દરમિયાન ટ્રાફિકની સમસ્યા સર્જાય છે. તેના ઉકેલ તરીકે આ બ્રિજ બનશે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

પ્રસ્તાવિત અલકાપુરી પુલથી રેલવે સ્ટેશન અને સર્કિટ હાઉસ નજીક ટ્રાફિક જામ, તેમજ ચોમાસા દરમિયાન અલકાપુરી ગરનાળા ખાતે પાણી ભરાવાની સમસ્યા સહિત અનેક સમસ્યાઓનો ઉકેલ આવશે તેવી અપેક્ષા છે. વીએમસીએ આ પ્રોજેક્ટ માટે રેલવે વિભાગ પાસેથી જરૂરી પરવાનગી મેળવવાની પ્રક્રિયા પણ શરૂ કરી દીધી હોવાનું જાણવા મળ્યું છે.

હાઇવે પરથી શહેરમાં પ્રવેશતા વાહનો માટે ભીડ ઓછી કરવા માટે સોમા તળાવ સર્કલ પર એક પુલ બનાવવાની પણ યોજના છે. સુસેન સર્કલ અને ગોત્રી યશ કોમ્પ્લેક્સ સર્કલ પર પણ પ્રોજેક્ટ્સ પ્રસ્તાવિત છે, જ્યાં થોડા વર્ષોથી ટ્રાફિકની સમસ્યા વકરી હોવાની ફરિયાદો થતી રહે છે.

વડોદરામાં છ અન્ય પુલો પર પણ કામ ચાલી રહ્યું છે ત્યારે નવી દરખાસ્તો આવી છે. સમા-સાવલી રોડ પરનો પુલ જાન્યુઆરી ૨૦૨૭ સુધીમાં પૂર્ણ થવાની ધારણા છે, જ્યારે બાકીના પાંચ પ્રોજેક્ટ ડિસેમ્બર ૨૦૨૭ સુધીમાં પૂર્ણ થવાની સંભાવના છે.

અમદાવાદ અને સુરતની જેમ હવે વડોદરામાં પણ ફ્લાયઓવર દ્વારા વાહનચાલકોને સરળતા રહે અને તેમના સમય અને ઇંધણની બચત થાય તે રીતે મનપા શહેરને વિકસાવી રહી છે. ■

# સુરતમાં ચાલુ ટ્રેનમાં મુસાફરો સાથે ઝપાઝપી બાદ આફ્રિકન નાગરિકનું રહસ્યમય મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુંબઈથી દિલ્હી જઈ રહેલી ગોલ્ડન ટેમ્પલ એક્સપ્રેસ ટ્રેનમાં એક ૪૫ વર્ષીય આફ્રિકન નાગરિકના રહસ્યમય સંજોગોમાં મોતથી ચકચાર મચી ગઈ હતી. મળતી વિગતો અનુસાર, બાંદ્રા ટર્મિનસથી દિલ્હી જઈ રહેલી ટ્રેન ગુજરાતમાંથી પસાર થઈ રહી હતી ત્યારે આગળના જનરલ કોચમાં એક વિદેશી નાગરિક મુસાફરો સાથે ઉગ્ર બોલાચાલી કરતો હોવાની માહિતી રેલવે કંટ્રોલ રૂમને મળી હતી. આરપીએફના જવાનો કોચમાં પહોંચ્યા ત્યારે વિદેશી નાગરિક કથિત રીતે આક્રમક વર્તન કરી રહ્યો હતો. તેને સમજાવવાનો પ્રયાસ કરાયો હતો, પરંતુ મામલો વધુ વણસ્યો અને મુસાફરો સાથે ઝપાઝપી થઈ હતી. આ દરમિયાન તેણે ટ્રેનમાં રાખેલું ફાયર એક્સ્ટિંગ્વિશર ઉઠાવી મુસાફરો પર સ્પ્રે કરતાં કોચમાં અફરાતફરી મચી હતી. ત્યારબાદ બે મુસાફરે તેને પકડી માર માર્યો હોવાની પણ માહિતી સૂત્રોએ જણાવી હતી.

સૂત્રો પાસેથી મળેલી વિગતો અનુસાર, મામલો ગંભીર બનતાં સુરત કંટ્રોલ રૂમને જાણ કરવામાં આવી હતી. સુરત રેલવે સ્ટેશન પર ગોલ્ડન ટેમ્પલ એક્સપ્રેસ મોડી રાત્રે પહોંચતાં આશરે ૧૫થી ૨૦ જીઆરપી અને આરપીએફના જવાનો કોચમાં પહોંચ્યા હતા. ભારે મુશ્કેલી બાદ સ્થિતિ કાબૂમાં લેવામાં આવી હતી અને વિદેશી નાગરિક સહિત ઝપાઝપીમાં સામેલ ત્રણ મુસાફરને ટ્રેનમાંથી ઉતારી સુરત આરપીએફ પોસ્ટ પર પૂછપરછ માટે લઈ જવાયા હોવાનું જાણવા મળ્યું હતું. જોકે, પ્રાથમિક પૂછપરછ દરમિયાન વિદેશી નાગરિક અચાનક બેભાન થઈ ઢળી પડ્યો હતો. રેલવેના તબીબે તપાસ કર્યા બાદ તેને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ખાનગી હૉસ્પિટલમાં ખસેડાયો હતો, જ્યાં ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. સુરત રેલવેના પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે દરવાજા પાસે ઊભા રહેવા બાબતે મુસાફરો વચ્ચે ઝઘડો થયો હતો અને ત્રણ લોકોને પૂછપરછ માટે ઉતારવામાં આવ્યા હતા.

આ બનાવ અંગે પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. મૃતક પાસેથી પાસપોર્ટ, વિઝા, ઓળખકાર્ડ કે પર્સ મળ્યું નહોતું, પરંતુ તેનો મોબાઇલ ફોન મળી આવ્યો હતો. મોબાઇલમાં રહેલી માહિતીના આધારે તેની ઓળખ અને રાષ્ટ્રીયતા જાણવા તપાસ શરૂ કરવામાં આવી હતી. બીજી તરફ હૉસ્પિટલમાં ફોરેન્સિક મેડિસિન વિભાગના તબીબોની પેનલે પોસ્ટમોર્ટમ કર્યું હતું. ■

# અમદાવાદના ખેડૂતે ૧૮ કરોડની છેતરપિંડી અને મારી નાખવાની ધમકી મળ્યાની કરી ફરિયાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગોતાના એક ખેડૂતે આરોપ લગાવ્યો હતો કે રાંચરડા જમીન સોદામાં જમીન માલિકો અને દલાલો સહિત સાત લોકોએ કથિત રીતે પૈસા લીધા હતા, પરંતુ વ્યવહાર પૂર્ણ કરવામાં નિષ્ફળ ગયા હતા, જેના કારણે તેમની સાથે ૧૮.૫ કરોડ રૂપિયાની છેતરપિંડી થઈ હતી. તેમણે એવો પણ આરોપ લગાવ્યો હતો કે જ્યારે તેમણે દસ્તાવેજો અથવા રિફંડની માગણી કરી ત્યારે તેમને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી, તેવી માહિતી પોલીસસૂત્રો દ્વારા મળી હતી.

બોડકદેવ પોલીસ સ્ટેશનમાં અશોક વસાણી દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદ મુજબ, તે કચ્છમાં દાડમની ખેતી કરે છે અને અમદાવાદમાં વેપાર સાથે પણ સંકળાયેલા છે. ૨૦૨૩માં, તેણે વ્યવસાય માટે જમીન શોધતી વખતે બ્રોકર્સ ગિરીશ ભરવાડ અને અશોક રબારીનો સંપર્ક કર્યો હતો. ૨૪ કરોડ રૂપિયાનો સોદો નક્કી થયો અને વસાણીએ ૨૫ લાખ રૂપિયા ટોકન રકમ તરીકે ચૂકવ્યા હતા. આરોપીઓએ કથિત રીતે દાવો કર્યો હતો કે બિન-કૃષિ રૂપાંતર પ્રક્રિયા ચાલી રહી છે અને બાદમાં ચેક અને રોકડ દ્વારા ૧૮.૫ કરોડ રૂપિયા એકઠા કર્યા હતા.

વસાણીએ આરોપ લગાવ્યો કે જમીનના ભાવ વધ્યા પછી, આરોપીઓએ પેપરકામમાં વિલંબ કર્યો. જ્યારે તેમણે સોદો પૂર્ણ કરવા અથવા પૈસા પરત કરવાની માગ કરી, ત્યારે તેમણે કથિત રીતે ઇનકાર કર્યો અને શિલજમાં એક મીટિંગ દરમિયાન તેમને કથિત રીતે મારી નાખવાની ધમકી આપી હતી. ■



નિતેશ તિવારીની 'રામાયણ'



એસ. એસ. રાજામૌલીની 'વારાણસી'

# 'રામાયણ' - 'વારાણસી'

## આ બની શકે સિનેમા ક્રાંતિના સૂત્રધાર

**બોલિવૂડ હોય કે હોલિવૂડ, ફિલ્મોમાં હવે ભવ્યતાને વધુ પ્રાધાન્ય અપાતું હોવાથી મોડર્ન ટેકનોલોજી અનિવાર્ય બની રહી છે. એ સંદર્ભમાં આગામી આ બે ફિલ્મ વિશે વાત કરવી જોઈએ.**

આપણને આઝાદી મળી ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭માં. એ દિવસે ફિલ્મિસ્તાનની 'શેહનાઈ' રિલીઝ થઈ હતી. આજે એની વાર્તા, એના કલાકારો અને અન્ય અનેક વાત વિગત સ્મરણમાં નહીં હોય. હા, એમને ફિલ્મનું 'આના મેરી જાન, મેરી જાન સન્ડે કે સન્ડે' જરૂર એની ધૂન સાથે યાદ હશે.

વીસમી સદીના આઝાદ ભારતના ૫૩ વર્ષમાં બનેલી હિન્દી ફિલ્મોમાં વાર્તા તેમ જ ગીત - સંગીતને પ્રાધાન્ય હતું. ફિલ્મો લાગણી પ્રધાન હતી, ઉમંગ આવે એવો રોમેન્સ, પારિવારિક મૂલ્યો, સામાજિક સંઘર્ષ અને નૈતિક મૂલ્યોને પ્રાધાન્ય હતું. પ્રેમ હતો, ધિક્કાર પણ હતો, દોસ્તી હતી તો દુશ્મની સુધ્ધાં હતી, પણ થિયેટરમાંથી બહાર નીકળતો દર્શક લાગણીભીનો જોવા મળતો. છેક 'જબ વી મેટ' સુધી આ પ્રવાહ અવિરત રહ્યો.

એ પછી ૨૦૦૮માં આવી હેરી બાવેજા દિગ્દર્શિત પ્રિયંકા ચોપડા - હર્મન બાવેજાની 'લવ સ્ટોરી' (૨૦૫૦). CGI - Computer Generated Imagery, VFX જેવી મોડર્ન ટેકનિકનો પહેલી વાર હિન્દી ફિલ્મમાં વ્યાપકપણે ઉપયોગ થયો. ફિલ્મ સદંતર ફ્લોપ થઈ, પણ ટેક્નોલોજીએ ફિલ્મમેકરોને ભ્રમિત કરી દીધા. ૨૦૧૧માં આવેલી શાહરુખ ખાનની 'રા.વન' અને બે વર્ષ પછી આવેલી 'ક્રિશ'માં સિનેમેટિક ભવ્યતાને પ્રાધાન્ય મળ્યું. અનુભૂતિ પાછળ ધકેલાઈ અને અનુભવ અગ્રસર થયો. છેલ્લા ૧૫ વર્ષમાં અને વિશેષ કરીને એસ. એસ, રાજામૌલીની 'બાહુબલી' (૨૦૧૫)થી ફિલ્મોમાં માયથોલોજી, સુપરહીરો, વીએફએક્સ જેવાં રસાયણોથી આંખો અંજાઈ જાય, દિલ ધબકારો ચુકી જાય એવી રજૂઆતને પ્રાધાન્ય મળવા લાગ્યું.

પડદા પર ભવ્યતા દર્શાવવા છેલ્લાં કેટલાંક વર્ષથી IMAX camera જેવા ઉપકરણ માટે ઘેલછા વધી છે. રાજામૌલીની જ 'વારાણસી' અને નિતેશ તિવારીની 'રામાયણ'ના શૂટિંગના અમુક હિસ્સામાં આઈમેક્સ કેમેરાના વપરાશને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. આજે ફિલ્મનો હીરો બદલાઈ ગયો છે. ઘર, પરિવારને સાચવવાની - સંભાળવાની જવાબદારી બદલાઈ છે. હવે તેણે સમગ્ર દેશનું - માનવજાતનું રક્ષણ કરવાનું છે. માનવ નહીં, પણ મહામાનવ બનવાનું છે. એટલે સિને રસિકોને ભવ્યાતીત રજૂઆત પડદા પર દેખાડવી અનિવાર્ય છે.

હિન્દી ફિલ્મોની વાત કરીએ તો 'બ્રહ્માસ્ત્ર', 'આદિપુરુષ', 'કલ્કી ૨૮૯૮ એડી' ચહેરો વિસ્ફારિત કરી દેનારા છેલ્લાં કેટલાંક વર્ષના ઉદાહરણ છે. સાઉથમાં 'બાહુબલી'થી શરૂ કરી 'આરઆરઆર', 'કેજીએફ', 'પુષ્પા', 'સલાર' વગેરેનો સમાવેશ થાય છે. ફિલ્મ હવે અનુભવનું સાધન બની રહી છે. આઈમેક્સ કેમેરા એ અનુભવને ઊંચાઈએ લઈ જવાનું મોંઘેરું સાધન બની રહ્યું છે.

તાજેતરમાં ભારત સહિત વિશ્વભરમાં ધૂમ મચાવનારી 'સ્પાઈડર-મેનઃ બ્રાન્ડ ન્યુ ડે'નો કેટલોક હિસ્સો અને ક્રિસ્ટોફર નોલાનની 'ધી ઓડિસી'નું સમગ્ર શૂટિંગ આઈમેક્સ કેમેરાથી કરવામાં આવ્યું હતું. ૨૦૨૬માં આ કેમેરાથી શૂટ થયેલી હોલિવૂડની વીસેક ફિલ્મ દર્શકોને હેરત પમાડવા રિલીઝ થઈ છે કે થવાની છે. જોકે, આ ટેક્નોલોજી મુશ્કેલ અને ખર્ચાળ હોવાથી મોટાભાગના મેકરો ફિલ્મના મહત્ત્વનાં દૃશ્યોનું જ ફિલ્માંકન આ અદ્યતન કેમેરા ટેક્નિકથી કરે છે. 'ધી ઓડિસી' વિશ્વની પહેલી ફિલ્મ છે, જેનું સંપૂર્ણ ફિલ્માંકન શૂટિંગના સ્થળે ૭૦ એમએમ આઈમેક્સ ફિલ્મનો ઉપયોગ કરતા કેમેરાથી કરવામાં આવ્યું છે. રાજામૌલીની 'વારાણસી' પણ આઈમેક્સથી જ શૂટ થઈ છે પણ એમાં ડિજિટલ આઈમેક્સ સર્ટિફાઈડ કેમેરાનો ઉપયોગ થયો છે. બંનેમાં ટેકનિકલ ફરક છે, પણ દર્શકોને સિનેમાનો અલગ જ અનુભવ કરાવવાનો ઈરાદો સ્પષ્ટ છે.

ટૂંકમાં થિયેટરમાં લાકડાની પાટથી ખુરશી અને પુશબેક આરામદાયક ચેરથી યુએસબી પોર્ટ, હિટેડ કુશન, ટ્રે ટેબલ જેવી અત્યાધુનિક સગવડો ધરાવતી રિક્લાઈનર સીટ્સ સુધીની મજલ પછી પડદા પરની નવી ક્રાંતિનો વારો આવ્યો છે. 'પૈસા ફેંકો તમાશા દેખો' સ્લોગનને નવો અર્થ પ્રાપ્ત થયો છે એમ કહી શકાય.




### IMAX Camera ઓળખીએ...

ભારતમાં સ્માર્ટ ફોન ખરીદનારાઓમાં એક મોટો વર્ગ એવો છે જે અન્ય બાબત કરતાં ફોનનો કેમેરા કેટલા રિઝોલ્યુશનનો છે - કેટલા મેગાપિક્સલ છે એને પ્રાધાન્ય આપે છે. મેગાપિક્સલ જેટલા વધારે એટલો ફોટોગ્રાફ શાર્પ આવે. માઉન્ટ આબુ કે સ્વિટ્ઝર્લેન્ડમાં લીધેલી સેલ્ફીમાં બેકગ્રાઉન્ડની ડિટેઈલ્સ નજરે પડે અને સાથે આંખમાં રહેલી ચમક પણ દેખાય.

IMAX - Image Maximum એ ટેકનોલોજી છે, જે ફિલ્મ જોવા આવેલા દર્શકોને વિશાળ પડદા ઉપર હાઈ રિઝોલ્યુશનવાળાં દ્રશ્યો અલગ પ્રકારની સાઉન્ડ ઈફેક્ટ સાથે જોવા મળે છે. આઈમેક્સ કેમેરા અલ્ટ્રા હાઈ રિઝોલ્યુશનનો મોશન પિક્ચર કેમેરા છે. આ પ્રકારના કેમેરાથી શૂટ થયેલી ફિલ્મ પડદા પર ભવ્યતાનો અનુભવ કરાવે છે. યુદ્ધનાં દૃશ્યો, સમુદ્રની સિક્વન્સ કે પછી લાગણીઓના સંઘર્ષના ડાયલોગ સાથેનાં દૃશ્યો અત્યંત પ્રભાવી લાગે છે. પાત્રની ભાવનાનો અનુભવ થાય છે. ૧૯૬૮માં કેનેડામાં આઇમેકસ ફિલ્મ્સનો પ્રારંભ થયો. શરૂઆતમાં ફિલ્મો શૈક્ષણિક બાબતો પૂરતી સીમિત હતી અને મ્યુઝિયમ તેમજ સાયન્સ સેન્ટરમાં દર્શાવવામાં આવતી હતી. ૧૯૭૦માં જાપાનમાં 'ટાઈગર ચાઈલ્ડ' નામની પ્રમોશનલ ફિલ્મ બની. આઈમેક્સ ફોર્મેટમાં ૧૯૯૫ના રજૂ થયેલી પ્રથમ ફીચર ફિલ્મ 'વિંગ્સ ઓફ કરેજ' (૪૦ મિનિટ) હતી અને ૨૦૦૮માં રિલીઝ થયેલી ક્રિસ્ટોફર નોલાનની જ 'ધ ડાર્ક નાઈટ' અમુક એક્શન સીન આઈમેક્સ કેમેરાથી ફિલ્માવાયા હોય એવી પ્રથમ હોલિવૂડ ફિલ્મ હતી. ત્યારબાદ સિલસિલો આગળ ચાલી રહ્યો છે. જોકે, આઈમેક્સ કેમેરાથી શૂટ થયેલી ફિલ્મની અસલી મજા તો આઈમેક્સ થિયેટરમાં જ આવે. આજની તારીખમાં વિશ્વભરમાં આવા થિયેટરની સંખ્યા ઝાઝી નથી અને ભારતમાં તો માંડ ત્રીસેક છે. એવા થિયેટર બાંધવાની બહુ કોશિશ નથી થતી, કારણ કે એ અતિશય ખર્ચાળ છે. એના ટેકનિકલ પાસા પણ ઘણા છે. એટલે 'ધી ઓડિસી'ની જેમ સંપૂર્ણ ભારતીય ફિલ્મ આઈમેક્સ કેમેરાથી શૂટ થાય એ તો આજની તારીખમાં 'મામાનું ઘર કેટલે? દીવો બળે એટલે' જેવી વાત છે. ■

---

**સ્ટાર-ચાર-કલાકાર**

**સંજય છેલ**

# અરીસો કે ભ્રમ?: 'એ સ્ટ્રીટકાર નેમ્ડ ડિઝાયર' નાટક નામે ઉખાણું

*મને વાસ્તવિકતા નથી જોતી... મને જાદુ જોઈએ છે! હા, જાદુ! હું લોકોને એવી જ ચીજો બતાવું છું*
*જે તે લોકો જોવા માગે છે...*

----------------

*સારા નસીબ પર ક્યારેય ભરોસો ન રાખતા, એ તો સાવ આંધળું છે*

----------------

*મૃત્યુ એ જીવનનો દુશ્મન નથી, મૃત્યુ તો જન્મનો દુશ્મન છે... અને સાચો વિરોધી તો પ્રેમ અને જીવન છે.*
*- ટેનેસી વિલિયમ્સ*

----------------

આજે જ્યારે દેશમાં તરુણ તેજપાલ જેવા 'તહેલકા' મેગેઝિનના કોઈ હાઇ-પ્રોફાઇલ ને શક્તિશાળી તંત્રી પર 'સત્તાના દુરુપયોગ અને રેપ'ના ગંભીર આરોપો લાગે છે ત્યારે મોટો સવાલ ઊભો થાય છે કે બૌદ્ધિક વર્તુળોમાં પ્રભાવશાળી દેખાતા આવા ચહેરાઓ પોતાના પ્રભાવ પાછળ કઈ રીતે સ્વચ્છ ઇમાનદાર હોવાનો દંભ રચી શકે છે? અદાલતી તપાસ કે કઠોર સત્ય સામે આવે છે ત્યારે આવા પાવરફૂલ લોકોની ભ્રમની દુનિયા કઈ રીતે ધૂળધાણી થઈ જાય છે?

બરાબર આ જ પ્રકારના સવાલ પરનો પડદો ટેનેસી વિલિયમ્સનું ક્લાસિક નાટક 'એ સ્ટ્રીટકાર નેમ્ડ ડિઝાયર' ખોલે છે.

અમેરિકામાં મિસિસિપી નદીના કિનારે વસેલ, ન્યુ ઓર્લિયન્સ શહેરની ગલીઓમાં નાટકની વાર્તા જન્મે છે. મિસિસ બ્લાન્શ ડુબોઇસ મોટી ઉંમરની ભૂતપૂર્વ અંગ્રેજી શિક્ષિકા છે, જેનું અમીર પરિવાર કરજાને કારણે લગભગ વેચાઈ ચૂક્યું છે. સાવ કંગાળ ને માનસિક રીતે તૂટેલી હાલતમાં પોતાની નાની બહેન સ્ટેલાને મળવા પહોંચે છે. સ્ટેલાના પતિ સ્ટેન્લી સાથે તેનું ઘર્ષણ પહેલાં જ દિવસથી શરૂ થઈ જાય છે. સ્ટેન્લી એક સામાન્ય મિડલક્લાસનો પુરુષ છે, જે પત્ની પર પૂરેપૂરો કાબૂ રાખવા માંગે છે. સ્ટેન્લી ગમેતેમ શોધી કાઢે છે કે બ્લાન્શનું કૅરેક્ટર સારું નહોતું ને ખરાબ વર્તનને કારણે તેને નોકરીમાંથી પણ કાઢી મૂકી હતી. વાર્તામાં મોટો ટર્ન ત્યારે આવે છે જ્યારે સ્ટેન્લીનો મિત્ર મિચ બ્લાન્શના પ્રેમમાં પડે છે, પણ સ્ટેન્લી બ્લાન્શની બધી સચ્ચાઈ મિચને કહી દે છે. હવે મિચ લગ્ન કરવાની ના પાડી દે છે ને છેલ્લે સ્ટેનલી પત્નીની સગી મોટી બહેન બ્લાન્શ સાથે બળજબરી કરે છે જેનાથી બ્લાન્શનું મગજ હંમેશ માટે હચમચી જાય છે ને નાટકના અંતે બ્લાન્શને પાગલખાને લઈ જવામાં આવે છે.

આ નાટકની વાર્તા માત્ર એક સ્ત્રીના પતનની કથા નથી, પણ તે માનવમનના એવા પડળો ખોલે છે, જ્યાં સત્ય ને ભ્રમ વચ્ચે જંગ ચાલે છે. કેટલીકવાર જે માણસ સૌથી વધુ ભ્રમમાં જીવતો દેખાય છે, તે હકીકતમાં એવો જ હોય છે જે વાસ્તવિકતા સ્વીકારવા તૈયાર નથી હોતો જેને માટે હવે એ જીવવી સાવ અસહ્ય બની ગઈ હોય. બ્લાન્શ આ નાટકમાં પોતાની એક એવી ઇમેજ લઈને આવે છે, જેને આસપાસની દુનિયા હવે સ્વીકારવા તૈયાર નથી. તે શિષ્ટ ને ભદ્ર લોકો જેવી ભાષા બોલે છે, જ્યારે સામે પક્ષે સ્ટેન્લી એક એવો કઠોર માણસ છે જે માત્ર પોતાની તાકાત, પૈસા અને પ્રેક્ટિકાલિટી પર જીવે છે. ટૂંકમાં, બ્લાન્શ પોતાની જાત સાથે જૂઠું બોલે છે ને સ્ટેન્લી દુનિયાને જેવી છે તેવી જુએ છે. બ્લાન્શ પોતાના ભ્રમને લીધે પોતાનો ભૂતકાળ છુપાવે છે ને કાલ્પનિક દુનિયા બનાવીને વાસ્તવિકતા બદલવાનાં ફાંફા મારે છે.

જોકે આ નાટક આપણને સીધા સરળ જવાબો નથી આપતું. સ્ટેન્લી જે રીતે બ્લાન્શની પોલ ખોલે છે તેની પાછળ કોઈ સત્યવાદીતા કે ઇમાનદારી નથી હોતી. એમાં સ્ટેનલીની પોતાના ઘરમાં પોતાનું જ રાજ ચલાવવાની જીદ હોય છે એટલે બ્લાન્શનો વિનાશ એ એક પ્રકારની ક્રૂર તાકાતની નબળાઈ સામે થયેલી જીત છે. બ્લાન્શ પોતાની આબરૂ બચાવવાનો અસહાય પ્રયાસ કરે છે, જ્યાં તેને સાથ આપનાર કોઈ સામાજિક વ્યવસ્થા બચી નથી. દયા કે માફી નથી. જ્યારે કાઈ નાનકડું છૂપાવેલું સત્ય કોઈના જીવનના છેલ્લા સહારાને પણ ઘા કરે, ત્યારે શું સાચું બોલવું એ સારું કહેવાય કે પછી દયા ખાઈને અમુક ભ્રમને જીવતા રાખવા જરૂરી છે , જે માણસને કમસેકમ જીવવા માટે શ્વાસ લેવામાં મદદ કરતા હોય?



અદ્ભુત અદાકાર માર્લોન બ્રાન્ડો




આજના સોશ્યલ મીડિયાના યુગમાં પણ, જ્યાં દરેક જણ ફિલ્ટર લગાડેલી જિંદગી જીવે છે અને પોતાનું એક ખોટું રૂપ પેશ કરે છે ત્યાં બ્લાન્શ આપણી આસપાસ જ કશેક ફરે છે. સોશ્યલ મીડિયાની એ બનાવટી ચમક એ બ્લાન્શનો એ જ 'જાદુ' છે, જે અસલી દુનિયાની કઠોરતાથી બચવા માટે ઊભો કરવામાં આવે છે. જ્યારે કોઈ અલ્ગોરિધમ કે પબ્લિક ટ્રાયલ એ બનાવટી પડદો ફાડી નાખે છે અને સાચી હાલત બહાર લાવે છે ત્યારે માનસિક રીતે ભાંગી જતા લોકોની હાલત બ્લાન્શ જેવી જ થઈ જાય છે. બીજી બાજુ, સ્ટેન્લી જેવો સમાજ આજે પણ એટલો જ અસંવેદનશીલ છે. એ નબળાઈ સ્વીકારવા તૈયાર નથી હોતો, તેને માત્ર તાકાત અને પાવર જોઈએ છે.

આ નાટક લખનાર ટેનેસી વિલિયમ્સની જિંદગી પણ કોઈ ફિલ્મી સ્ટોરીથી કમ નહોતી. એમનું બાળપણ પારિવારિક ઝઘડાઓ ને માનસિક રીતે અસ્થિર બહેન રોઝની છાયામાં વીત્યું હતું, જેની મગજની સર્જરીએ તેમને આજીવન ડંખતા રાખ્યા. આ પીડામાંથી બ્લાન્શનું પાત્ર જન્મ્યું. જ્યારે આ નાટક ૧૯૫૧માં હોલિવૂના પડદે આવ્યું ત્યારે મહાન અમેરિકન ડિરેક્ટર એલિયા કઝાને યુવાન અભિનેતા માર્લોન બ્રાન્ડોને સ્ટેન્લીના રોલ માટે લીધા. બ્રાન્ડોનું સિલેક્શન પણ એક મજેદાર કિસ્સો છે; એ જ્યારે ટેનેસી વિલિયમ્સના ઘરે પહોંચ્યા ત્યારે વિલિયમ્સ ઘરનો ફ્યુઝ રિપેર કરી રહ્યા હતા. બ્રાન્ડોએ કીધા વગર જ તરત ફ્યુઝ જાતે ઠીક કરી દીધો અને પોતાના આ જ રફ-ટફ અંદાજથી વિલિયમ્સને એવા પ્રભાવિત કર્યા કે એમને તરત જ સ્ટેન્લી માટે ફાઇનલ કરી દેવામાં આવ્યા.

ફિલ્મ ને નાટકની સૌથી મોટી જાન બ્લાન્શ અને સ્ટેન્લી વચ્ચેનું ગજબનું શારીરિક આકર્ષણ હતું. સ્ટેન્લીનો પરસેવાથી તરબોળ, પશુ જેવો રફટફ દેખાવ ને બ્લાન્શનો નખરાળો તથા ડરથી ધ્રૂજતો સ્પર્શ દર્શકોના શ્વાસ રોકી દેતો. બ્રાન્ડોએ સ્ટેન્લીના પાત્રમાં એવી કાચી તાકાત અને ગુસ્સો ભર્યો કે સિનેમામાં ઇતિહાસ બની ગયો. એનું ટાઈટ ટી-શર્ટ અને ફાટેલા અવાજે 'સ્ટેલા...! ઓ સ્ટેલા...!' બૂમો પાડવી નાટકના સ્ટેજ પર કે પડદા પર એટલી ગાજી ગઈ કે એણે હીરોની વ્યાખ્યા જ બદલી નાખી. આ ફિલ્મે વિવિયન લી અને માર્લોન બ્રાન્ડો બન્નેને વૈશ્વિક સ્ટાર બનાવી દીધા. તે જમાનામાં પડદા પર આવી કોઈ દંભ વગરની ને કાચીસાચી માનવીય વાતો ક્યારેય નહોતી આવી.

આ નાટક યાદ કરાવે છે કે આજે ભલે સમય બદલાઈ ગયો હોય, પણ પાવરની માનસિકતા ને એકબીજા પર હુકમ ચલાવવાની ભૂખ, માનસિક-શારીરિક રીતે આજે પણ જરાય બદલાઈ નથી. જેન-ઝીમાં પણ નહીં ને ૭૦ વરસના લોકોની પેઢીમાં પણ નહીં!

માટે જ આજે પણ 'એ સ્ટ્રીટકાર નેમ્ડ ડિઝાયર' એટલું જ જીવંત છે. ■

હેન્રી શાસ્ત્રી

## ફ્લેશ બેક

# બલરાજ સાહની - અશોક કુમાર ડિરેક્ટર?

### હિન્દી ફિલ્મ ઉદ્યોગના આ બે કદાવર કલાકારોએ દિગ્દર્શનમાં પણ હાથ અજમાવ્યો તો હતો, પણ બંને ફિલ્મ ફ્લૉપ થઈ!



'આઠ દિન'માં ડિરેક્ટર તરીકે નામ હતું દત્તારામ પઈનું, પણ દિગ્દર્શન અશોક કુમારે કર્યું હતું

હિન્દી ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં કેટલાક અભિનેતાઓએ એક્ટિંગ સિવાય અન્ય જવાબદારી પણ નિભાવી છે. કેટલાકને સફળતા મળી છે તો અમુક લોકો માટે પ્રથમ ગ્રાસે મક્ષિકા જેવો ઘાટ થતા જ પહેલો પ્રયાસ અંતિમ પ્રયાસ સાબિત થયો છે. એક્ટર - સિંગરનો એક દોર હતો. જોકે, એ તત્કાલીન સમયની જરૂરિયાત હતી. એક્ટર ડિરેક્ટર બન્યા હોય એવા પણ કેસ છે જેમાં ક્યારેક જરૂરિયાત તો ક્યારેક નવું ક્ષેત્ર અજમાવવાની કોશિશ જોવા મળી હતી. અભિનેતા દિગ્દર્શક બન્યા હોય એવી યાદીમાં બે નામ એવા છે કે જેમણે ડિરેક્ટરની જવાબદારી નિભાવી હતી એ જાણ્યા પછી આશ્ચર્ય ચોક્કસ થાય. કઈ ફિલ્મ અને ક્યારે એવા સવાલો પણ પૂછાય. એ બે જણ છે અવ્વલ અભિનેતા તરીકે છાપ પાડનારા અશોક કુમાર અને બલરાજ સાહની. અશોક કુમારે ૧૯૪૬માં આવેલી 'આઠ દિન' (એઈટ ડેઝ) અને બલરાજ સાહનીએ ૧૯૫૭ની 'લાલ બત્તી' ફિલ્મ ડિરેક્ટ કરી હતી. જોકે, આ બંને ફિલ્મ બોક્સ ઓફિસ પર ભફાંગ થઈ હતી અને એટલે જ કદાચ ફરી વાર કેમેરા પાછળ જવાની હિંમત તેમણે નહીં કરી હોય એવું અનુમાન છે.

'આઠ દિન' ફિલ્મના કથા - પટકથા લેખક સઆદત મન્ટોએ ૧૯૬૨માં લખેલા લેખમાં ખુલાસો કર્યો છે કે તેણે લખેલી સ્ક્રિપ્ટ અશોક કુમારને કોમેડી અવતારમાં ધ્યાનમાં રાખીને લખવામાં આવી હતી. આ ફિલ્મનું દિગ્દર્શન ખુદ અશોક કુમારે જ કર્યું હતું, પણ દિગ્દર્શક તરીકે ક્રેડિટ ડી. એન. પઈ તરીકે એ સમયે ઓળખાતા દત્તારામ એન.પઈને આપી હતી. આવી ઉદારતા દેખાડવા પાછળ કારણ હતું, લાગણીનો સંબંધ હતો. વાત એમ હતી કે મૂળ ગોવાના દત્તારામજીએ ફિલ્મીસ્તાન કંપનીની 'અછૂત કન્યા'થી માંડી અનેક ફિલ્મોનું સંકલન - એડિટિંગ કરવાની જવાબદારી અનેક વર્ષો સુધી સંભાળી હતી. કોઈ પણ ફિલ્મમાં એડિટરની જવાબદારી ખૂબ જ મહત્ત્વની હોય છે. ડિરેક્ટરે શૂટ કરેલી વિસ્તારિત ફિલ્મમાં સમજદારીપૂર્વકની કાપકૂપ ફિલ્મને વધુ સચોટ બનાવી શકે છે. બિમલ રોયની કેટલીક ફિલ્મોમાં એડિટરની જવાબદારી સાંભળનારા ઋષિકેશ મુખરજી એનું ઉત્તમ ઉદાહરણ માનવામાં આવે છે. આમ પણ એડિટર દિગ્દર્શકના વિઝનને વધુ સઘન ને સચોટ બનાવતો હોય છે. પઈ સાહેબના એડિટિંગના કસબે ફિલ્મિસ્તાનની ફિલ્મોને વધુ અર્થપૂર્ણ બનાવી હતી. એટલે શિરપાવ રૂપે દિગ્દર્શક તરીકે દત્તારામ પઈનું નામ આપવામાં આવ્યું હતું. જોકે 'એટ ડેઝ' (આઠ દિન) બોક્સ ઓફિસ પર ફ્લોપ સાબિત થઈ હતી. એ સમયે દિગ્દર્શન અશોક કુમારનું છે એ વાત જાણીતી ન હોવાથી તે ટીકામાંથી ઉગરી ગયા હતા, પણ ફિલ્મની પછડાટને કારણે જ ફરી ક્યારેય તેમણે દિગ્દર્શન કરવાનો વિચાર નહીં કર્યો હોય.

આને મળતો કિસ્સો 'નવકેતન'ની દેવ આનંદના ડબલ રોલવાળી ફિલ્મ 'હમ દોનો'નો છે. મિસ્ટર અમરજીત નામની વ્યક્તિ 'નવકેતન'ના બેનરની સ્થાપનાના સમયથી એની સાથે જોડાયેલી હતી. શરૂઆતમાં તે ફિલ્મના પ્રચારનું-પબ્લિસિટીનું કામ સંભાળતા હતા. એ સમયે વિશ્વાસુ અને થોડી આવડત ધરાવતી વ્યક્તિને એકથી વધુ જવાબદારી સોંપી એની કાબેલિયત ચકાસવાની કોશિશ થતી હતી. ચેતન આનંદે આસિસ્ટન્ટ ડિરેક્ટર તરીકે નાના ભાઈ 'ગોલ્ડી' વિજય આનંદ અને અમરજીતને મોકો આપ્યો. પછી અમરજીતએ ગોલ્ડીના સહાયક તરીકે પણ કામ કર્યું. 'હમ દોનો' શરૂ થઈ એ પહેલા વિજય આનંદ માંદા પડ્યા અને તેમને હૉસ્પિટલમાં દાખલ કરવા પડ્યા હતા. અહીં અમરજીતએ ખડે પગે હાજર રહ્યા. સાજા થયા પછી ફિલ્મ ડિરેક્ટ કરવાનો ચાન્સ આપીશ એવું પ્રોમિસ વિજય આનંદએ અમરજીતે આપ્યું હતું. 'હમ દોનો'ના નિર્માણ વખતે ગોલ્ડીએ વચન પાળી દિગ્દર્શનની જવાબદારી અમરજીતને સોંપી. જોકે, ફિલ્મની માવજત જોતા અને ખાસ તો સોન્ગ પિક્ચરાઈઝેશન જોતા એ કમાલ વિજય આનંદની હોય એવું જ લાગે છે.



'લાલબત્તી': બલરાજ સાહની દિગ્દર્શિત એકમાત્ર ફિલ્મ

હવે વાત કરીએ બલરાજ સાહનીની. લોકો એમને એક અફલાતૂન અભિનેતા તરીકે ઓળખે છે. નાટક તેમજ ફિલ્મોમાં તેમની ઘણી ભૂમિકા લોકો આજે પણ નહીં ભૂલ્યા હોય. 'વક્ત'ના લાલા કેદારનાથ, 'દો બીઘા ઝમીન'ના શંભુ મહતો, 'ગર્મ હવા'ના સલીમ મિર્ઝા, 'કાબુલીવાલા'ના માયાળુ પઠાણ, 'અનુરાધા'ના ડો. નિર્મલ ચૌધરી...

જોકે, શૈક્ષણિક ડિગ્રી મેળવ્યા ઉપરાંત તેમનું લેખન કાર્યમાં પણ યોગદાન હતું. માતબર નાટ્ય સંસ્થા 'ઈપ્ટા' સાથે જોડાયા અને અભિનય ઉપરાંત લેખન - દિગ્દર્શન પણ કર્યું. ૧૯૪૬ની 'ધરતી કે લાલ' ફિલ્મથી ચિત્રપટ અભિનયની શરૂઆત થઈ. ગુરુ દત્તની ડિરેક્ટર તરીકેની પ્રથમ ફિલ્મ 'બાઝી'ની કથા - પટકથા બલરાજજીના જ હતા. સર્જનાત્મક પ્રક્રિયાને વિસ્તારવા ૧૯૫૭ની 'લાલ બત્તી'માં ફિલ્મ દિગ્દર્શન કરવાની હિંમત કરી. આ ફિલ્મ બે દિગ્દર્શકનું જોઈન્ટ વેન્ચર હતું. બીજા દિગ્દર્શક હતા કૃષ્ણ ચોપડા. ભારતને આઝાદી મળી એ સમયમાં રેલવે પ્લેટફોર્મ પર રાત ગુજારનારા લોકોની કથા આ ફિલ્મમાં હતી. જોકે, ફિલ્મ લોકોને આકર્ષી ન શકી. મજરૂહ સુલતાનપુરી - સલિલ ચૌધરીની જોડી એક પણ હિટ ગીત ન આપી શકી. બલરાજ સાહનીની દિગ્દર્શક તરીકે પહેલી ફિલ્મ છેલ્લી ફિલ્મ સાબિત થઈ. કૃષ્ણ ચોપડાએ ત્યારબાદ 'હીરામોતી', 'ચાર દીવારી' અને 'ગબન' ફિલ્મો ડિરેક્ટ કરી, પણ બલરાજજીને જાણે કે લાલા બત્તી દેખાઈ ગઈ.■

મનોરંજનનું મેઘધનુષ
ઉમેશ ત્રિવેદી

## યશ

# એક સમયે રોજના ₹ ૫૦ કમાતો અત્યારે બોલિવૂડની સૌથી મોંઘી ફિલ્મ સાથે આવી રહ્યો છે આ અભિનેતા

સાઉથની ફિલ્મોમાં અનેરી નામના ધરાવતા યશ અત્યારે ફૂલ ફોર્મમાં છે. આમ તો આજે દક્ષિણની અને હિન્દી ફિલ્મો વચ્ચેની ભેદરેખા હવે ઓછી થઈ ગઈ છે. યશ અત્યારે બોલિવૂડની સૌથી મોંઘી ફિલ્મ 'રામાયણ'માં રાવણની ભૂમિકા ભજવી રહ્યો છે અને આવતા શુક્રવારે તેની 'ટોક્સિક' ફિલ્મ રિલીઝ થઈ રહી છે. આ ફિલ્મ અનેક ભાષામાં એક સાથે રિલીઝ થવાની છે.

'ટોક્સિક'માં યશ સાથે એક-બે નહીં, પણ પાંચ-પાંચ હીરોઈનો છે. આ બધી અભિનેત્રીઓની ભૂમિકા યશ જેટલી જ મહત્ત્વની છે. એક મહિલા ગીતુ મોહનદાસ દ્વારા દિગ્દર્શિત આ ફિલ્મમાં કિયારા અડવાણી, નયનતારા, તારા સુતરિયા, રુક્મિણી વસંત અને હુમા કુરેશી છે. આ ફિલ્મની ટેગલાઇન આ ફિલ્મ વિશે ઘણું કહી જાય છે.'ટોક્સિકઃ એ ફેઅરી ટેલ ફોર ગ્રોન અપ્સ'.

ફિલ્મમાં યશ 'ડબલ રોલ'માં છે અને ફિલ્મને એના નામ પ્રમાણે જ 'એડલ્ટ'નું સર્ટફિકેટ મળ્યું છે. આ ફિલ્મની રજૂઆત બે-ત્રણ વાર પાછી ઠેલાઈ છે અને હવે ૨૬ ઑગસ્ટે આ ફિલ્મ કન્નડ, હિન્દી અને અંગ્રેજી ભાષામાં રિલીઝ થઈ રહી છે.

ફિલ્મમાં કિયારા અડવાણીનાં દશ્યો સામે લોકોએ વાંધો ઉઠાવ્યો છે. આ સિવાય યશનાં અમુક ફાઇટ દશ્યો સામે ખ્રિસ્તી સમાજે વાંધો ઉઠાવ્યો છે. ફિલ્મમાં 'તબાહી' નામનું ગીત છે. તેમાં ભરપૂર અશ્લીલતા છે, એવા આરોપને નકારતા યશે તાજેતરમાં એક મુલાકાતમાં જણાવ્યું હતું કે આ ફિલ્મમાં દર્શાવાયેલાં દશ્યો ફિલ્મની વાર્તા અને પાત્રોના સ્વભાવ પર છે. આ ફિલ્મની દિગ્દર્શિકા એક મહિલા છે એટલે તેણે એ ધ્યાન રાખ્યું છે કે ફિલ્મમાં નક્કામી અશ્લીલતા ન દર્શાવવામાં આવે.

૮ જાન્યુઆરી ૧૯૮૬નાં કર્ણાટકમાં નવીનકુમાર ગોવડા તરીકે જન્મેલાં યશની ફિલ્મ કારકિર્દી ૨૦૦૭માં શરૂ થઈ છે. એ અગાઉ તેણે કેટલીક ટેલિવિઝન સિરિયલોમાં અભિનય કર્યો છે. તેણે મોટાભાગે કન્નડ ફિલ્મમાં અભિનય કર્યો છે. ૨૦૦૮માં આવેલી 'રોકી' ફિલ્મથી લોકો તેને ઓળખતા થયા છે. આ ફિલ્મે તેને નામ- દામ અપાવ્યા હતા. ૨૦૦૪થી ૨૦૦૭ સુધી તેણે ઈ-ટીવી કન્નડ માટે કેટલીક સિરિયલોમાં અભિનય કર્યો હતો.

૨૦૦૭થી ફિલ્મોમાં પ્રવેશ કર્યા પછી દર વર્ષે તેની ત્રણથી ચાર ફિલ્મો રિલીઝ થતી આવી છે. ૨૦૧૮માં પ્રશાંત નીલ દ્વારા દિગ્દર્શિત 'કે.જી.એફ. ચેપ્ટર વન'થી તે દુનિયાભરમાં અને ખાસ કરીને હિન્દી બેલ્ટમાં છવાઇ ગયો હતો. જોકે 'કે.જી.એફ. ચેપ્ટર વન' પછી તેણે પોતાની કામ કરવાની રીતમાં ફેરફાર કરી નાખ્યો છે. એક સમયે વર્ષમાં ચાર ફિલ્મ કરનારા યશ હવે ચાર વર્ષે માંડ એકાદ ફિલ્મમાં દેખાય છે. કે.જી.એફ. ચેપ્ટર વન-૨૦૧૮માં આવી હતી. ત્યાર પછી કે.જી.એફ. ચેપ્ટર-ટુ ચાર વર્ષે એટલે ૨૦૨૨માં આવી હતી. આ ફિલ્મમાં દક્ષિણના કલાકારોની સાથે જ બોલિવૂડના કલાકારો હતા. સંજય દત્ત, રવિના ટંડનની સાથે સાઉથના અનેક કલાકારોવાળી આ ફિલ્મને બોકસ ઑફિસ પર જબરદસ્ત સફળતા મળી હતી. ત્યાર પછી ફરી ચાર વર્ષે યશની 'ટોક્સિક' ફિલ્મ આવી રહી છે. જોકે યશની અત્યાર સુધીની આ બધી જ ફિલ્મો કન્નડ ભાષાની છે. 'કે.જી.એફ.'ના બે ભાગ હિન્દીમાં પણ રજૂ થયા હતા. ત્યારથી જ તેને રાષ્ટ્રીય સ્તરે સફળતા મળી છે.



યશે પહેલી જ વાર બોલિવૂડની કહી શકાય એવી ફિલ્મ 'રામાયણ' સાઇન કરી છે. ફિલ્મમાં રણબીર કપૂર, સન્ની દેઓલ, રવિ દુબે, અનુપમ ખેર, વિવેક ઓબેરોય, અરુણ ગોવિલ, લારા દત્તાની સાથે દક્ષિણની અભિનેત્રીઓ સાઇ પલ્લવી, કાજલ અગરવાલ અને રાકુલ પ્રીત સિંહ છે. લગભગ ૪,૦૦૦ કરોડના ખર્ચે બે ભાગમાં બનનારી આ ફિલ્મના દિગ્દર્શક નિતેન તિવારી છે અને નિર્માતા તરીકે નમિત મલહોત્રા અને યશ છે.

આ ફિલ્મ સાથે સંકળાયા પછી યશે 'રામાયણ'ના આટલા મોટા બજેટ વિશે જણાવ્યું હતું કે હોલિવૂડની ફિલ્મો પોતાના પ્રચાર માટે ખૂબ જ મોટું ભંડોળ ફાળવે છે અને વિશ્વભરમાં તે રિલીઝ કરવામાં આવે છે. એ જ રીતે 'રામાયણ'નું પણ આયોજન કરવામાં આવ્યું છે. 'રામાયણ'નો પહેલો ભાગ આ વર્ષે દિવાળીની આસપાસ રજૂ થશે અને બીજો ભાગ આવતા વર્ષે એટલે ૨૦૨૭માં દિવાળી દરમિયાન રજૂ કરવાની યોજના ઘડવામાં આવી છે.

આમ, યશની આ વર્ષે બે ફિલ્મ રજૂ થશે એક 'ટોક્સિક' અને બીજી 'રામાયણ.' બંને ફિલ્મમાં યશની ભૂમિકા એકદમ અલગ છે.

યશના જન્મ પછી બે નામ પાડવામાં આવ્યા હતા, જેમાં નવીન અને યશવંતનો સમાવેશ થાય છે. પોતાની અભિનેતા તરીકે કારકિર્દી શરૂ કરતાં અગાઉ જ અનેક લોકોએ તેને નામ બદલવાની શીખામણ આપી હતી. તેનાં પગલે તેણે યશ નામ પસંદ કર્યું હતું.

યશના પિતા અરુણકુમાર કર્ણાટક સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (કેએસઆરટીસી) અને પછી બેંગલોર મેટ્રોપોલિટન ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનની બસના ડ્રાઇવર તરીકે એમને રોજના રૂ. ૧૪ મળતા હતા. યશને નાનપણથી જ અભિનયમાં રસ હતો. યશના કુટુંબનો એક સ્ટોર હતો, તેમાં તે ઘણી વાર બેસતો હતો, પણ તેને શાળા છોડી અભિનયમાં જ જવું હતું. યશના પિતા એમ ઈચ્છતા હતા કે તે સરકારી નોકરી કરે. ૨૦૦૩માં યશને એક ફિલ્મમાં સહાયક દિગ્દર્શક તરીકેની ઓફર આવી, ત્યારે યશના પિતાએ તેની સામે શરત મૂકી હતી કે જો કોઇ કારણસર તે બેંગલોરથી પાછો આવશે તો તેને ફરી જવા દેવામાં નહીં આવે.

યશ એ વાતે કબૂલ થયો, પણ બદ્નસીબે બે દિવસના શૂટિંગ પછી એ ફિલ્મ અભેરાઈએ ચડાવી દેવામાં આવી. યશ પાસે ત્યારે માત્ર રૂ. ૩૦૦ હતા, પણ તે પાછો જવા માગતો નહોતો એટલે તેણે થિયેટર ગ્રૂપ જોઇન્ટ કર્યું. બી. વી. કારંથના તેણે બેકસ્ટેજ પર કામ કર્યું અને તે સમયે તેને દિવસના રૂ. ૫૦ મળતા હતા. ૨૦૦૪થી યશને અભિનય કરવાની તક મળી. તે સમયે તે 'બેકઅપ આર્ટિસ્ટ' એટલે કે કોઈ કલાકાર આવ્યો ન હોય તો એની જગ્યાએ કામ કરવા લાગ્યો અને પહેલી જ વાર તેને બલરામની ભૂમિકા મળી અને ૨૦૦૫માં તેને ટેલિવિઝન સિરિયલમાં કામ કરવાની તક મળી. બસ તે દિ પછી યશને હવે પાછળ ફરીને જોવાની ફુરસદ નથી.

એક સમયે દરરોજના ૫૦ રૂપિયા મેળવતો આ કલાકાર અત્યારે ભારતની સૌથી મોંઘી ફિલ્મનો નિર્માતા છે અને તે ફિલ્મમાં અભિનય પણ કરી રહ્યો છે.■

OTTનું હોટસ્પોટ

## ૨૨થી ૨૮ ઑગસ્ટ દરમિયાન શું જોશો?

**નેટફિલક્સઃ** આ ઓટીટી ચેનલ માટે ૨૮ ઑગસ્ટનો દિવસ ખાસ રહેવાનો છે. ૨૮ ઑગસ્ટે આદિત્ય ચોપરા નિર્મિત, શિવ રવૈલ દિગ્દર્શિત અને આલિયા ભટ્ટ, શર્વરી વાઘ, બોબી દેઓલ અને અનિલ કપૂર અભિનીત એક્શન ફિલ્મ 'આલ્ફા' રજૂ થશે. ૨૮મીથી જ જે.ડી. મજીઠિયા નિર્મિત, આતિષ કાપડિયા લિખત - દિગ્દર્શિત સિરીઝ 'ચુંબક'નું પ્રસારણ શરૂ થવાનું છે. એમાં સંદીપ ધર, દેવેન ભોજાણી, અમાયશ દસ્તુર, હેલી શાહ, નીના ગુપ્તા, માનસી પારેખ અને સુમિત રાઘવન જેવાં કલાકારો છે.

૨૮ ઑગસ્ટે જ આ ચેનલ પર સાયકોલોજિકલ ક્રાઇમ થ્રીલર 'ધ વ્હીસપર મેન' રજૂ થશે. જેના મુખ્ય કલાકારો રોબર્ટ દી નીરો અને આદમ સ્કોટ. ૨૮ ઑગસ્ટે અહીં ઇમોશનલ - રોમાન્ટિક, કૉમેડી ડ્રામા સિરીઝ 'ઑલ ધ ટ્રુથ ઇન માય લાઇઝ' રજૂ થશે.

**જિયો હોટસ્ટારઃ** આ ઓટીટી ચેનલ પર ૨૪ ઑગસ્ટથી યુ.એસ.ઓપન ટેનિસ સ્પર્ધાનું જીવંત પ્રસારણ જોઈ શકાશે. ૨૮ ઑગસ્ટે અહીં સિરીઝ 'જંગલ ટેલ્સ વિથ મોગલી' (હિન્દીમાં) રજૂ થશે અને ૨૯ ઑગસ્ટે માઇકલ જેકસનના જીવન પર આધારિત 'માઇકલ'નું જીવંત પ્રસારણ જોઈ શકાશે.

**એમેઝોન પ્રાઇમઃ** ૨૬ ઑગસ્ટે એમેઝોનની ઓરિજિનલ સિરીઝ 'ધ લાસ્ટ સનરાઇઝ', ૨૭ ઑગસ્ટે 'નિકલ બોટઝ' અને ૨૮ ઑગસ્ટે એમેઝોનની બીજી ઓરિજિનલ સિરીઝ 'બેટ્ટી લા ફિઆ'નું પ્રસારણ શરૂ થશે. ■

ક્લેપ એન્ડ કટ..!
સિદ્ધાર્થ છાયા

## 'ક્રાઇમ પેટ્રોલ'માં હવે સિંઘમની સાવધાની!


અજય દેવગન

કાયમ 'સાવધાન રહો, સતર્ક રહો' કહેતા અનૂપ સોનીનો અવાજ સાંભળવાની આપણને એટલી આદત પડી ગઈ છે કે હવે 'ક્રાઇમ પેટ્રોલ'માં અજય દેવગન આવશે એટલે આપણને એમાં બાજીરાવ સિંઘમ જ દેખાશે!

વાત એમ છે કે 'ક્રાઇમ પેટ્રોલ'ની નવી સીઝનમાં અજય દેવગન હોસ્ટ તરીકે જોવા મળવાના છે એટલે કે લાંબા સમયથી આ શોની ઓળખ બની ગયેલા અનૂપ સોનીની જગ્યાએ હવે બોલિવૂડના 'સિંઘમ'ની એન્ટ્રી થઈ રહી છે. અજય દેવગન આ શોના માધ્યમથી ટેલિવિઝન પર હોસ્ટ તરીકે નવી ઇનિંગ શરૂ કરશે.

અજય દેવગન અને ક્રાઇમ? આ તો જાણે મેકર્સે એકદમ ગણતરી કરીને કૉમ્બિનેશન બનાવ્યું હોય! પડદા પર પોલીસવાળા બનીને ગુનેગારોની ધોલાઈ કરનારા અજય હવે લોકોને ગુનાથી સાવધાન કરશે. એટલે 'સિંઘમ'ની સ્ટાઇલમાં ક્રાઈમની વાર્તાઓ સાંભળવાનો અનુભવ થોડો અલગ તો રહેવાનો જ.

બીજી તરફ અનૂપ સોનીએ પણ આ પરિવર્તનને લઈને કોઈ નારાજગી વ્યક્ત કરી નથી. તેમણે અજયને શુભેચ્છા પાઠવી છે અને કહ્યું છે કે ajay આ શોમાં પોતાની સ્ટાઇલ અને પોતાનો દૃષ્ટિકોણ લાવશે એવી તેમને ખાતરી છે. રસપ્રદ વાત એ છે કે અનૂપ અને અજય અગાઉ પ્રકાશ ઝાની 'ગંગાજલ' અને 'અપહરણ'માં સાથે કામ કરી ચૂક્યા છે.

હવે જોવાનું એ છે કે અજય 'ક્રાઇમ પેટ્રોલ'ને નવી ઓળખ અપાવે છે કે પછી દર્શકો અનૂપ સોનીને યાદ કરીને જ કહે છે 'સાવધાન... અનૂપભાઈની ખોટ વર્તાઈ રહી છે!'

## ઝિંદગી અબ જરૂર 'મિલેગી' દોબારા!


હૃતિક રોશન - અભય દેઓલ - ફરહાન અખ્તર

કેટલીક ફિલ્મો એવી હોય છે કે એની સિક્વલની ઉતાવળ ફિલ્મના મેકર્સ કરતાં દર્શકોને વધારે હોય! 'ઝિંદગી ના મિલેગી દોબારા' પણ એવી જ ફિલ્મ છે. ૨૦૧૧માં આવેલી આ ફિલ્મને આજે પંદર વર્ષ થઈ ગયાં, છતાં અર્જુન, કબીર અને ઈમરાનની દોસ્તી માટે દર્શકોનો પ્રેમ જરાય ઓછો થયો નથી. હવે આ ફિલ્મનાં ફૅન્સ માટે એક સારા સમાચાર છે કે ઝોયા અખ્તરે ફિલ્મની સિક્વલ પર કામ ચાલી રહ્યું હોવાનું કન્ફર્મ કર્યું છે.

હવે આ સમાચાર સાંભળીને સૌથી પહેલાં તો હૃતિક રોશન, ફરહાન અખ્તર અને અભય દેઓલને તેમના રીએક્શન માટે સોશ્યલ મીડિયામાં શોધવાનું શરૂ કરશો નહીં! કારણ કે ફિલ્મ બનશે ત્યારે જ તેની સ્ટાર કાસ્ટની સત્તાવાર જાહેરાત થશે. ઝોયાએ અગાઉ પણ કહ્યું હતું કે સિક્વલ માત્ર એટલા માટે ન બનવી જોઈએ કે પહેલી ફિલ્મ હિટ થઈ હતી. નવી ફિલ્મ માટે એવી વાર્તા હોવી જોઈએ જે આ ત્રણેય પાત્રને યોગ્ય રીતે આગળ લઈ જાય.

જોકે ૨૦૨૫માં ત્રણેય કલાકારો એક જાહેરાતમાં ફરી સાથે દેખાયા ત્યારે ચાહકો એટલા ખુશ થઈ ગયા હતા કે તેમને લાગ્યું, 'લ્યો, આવી ગઈ 'ઝિંદગી ના મિલેગી દોબારા ૨!' પછી ખબર પડી કે એ તો જાહેરાત હતી અને ચાહકોનો ઉત્સાહ સીધો નિરાશામાં ફેરવાઈ ગયો હતો.

હવે સાચે જ સિક્વલ બનવાની તૈયારી છે એટલે ચાહકોને એટલું જ કહેવાનું આ વખતે જાહેરાત આવે ત્યારે પહેલાં ઘોષણા છે કે એડ, એ ચકાસી લેજો!

## લલિત મોદી 'ધ રિયલ બિગ બૉસ'!


લલિત મોદી

સલમાન ખાનના મોસ્ટ અવેટેડ શો 'બિગ બૉસ ૨૦'નું કાઉન્ટડાઉન શરૂ થતાં જ અફવાઓનું બજાર ચોમાસામાં વેચાતાં ભજીયાં જેવું ગરમ થઈ ગયું છે. સોશ્યલ મીડિયા પર અચાનક એવા 'બ્રેકિંગ ન્યૂઝ' ફરતા થયા કે આઇપીએલના જનક અને લંડનવાસી લલિત મોદી હવે બિગ બૉસના ઘરમાં 'વાઇલ્ડ કાર્ડ' બનીને કચરા-પોતાં અને રસોડાની ડ્યુટી સંભાળતા જોવા મળશે!

લોકો તો મનોમન સલમાન અને લલિતભાઈના 'વીકેન્ડ કા વાર'નાં સપનાં પણ જોવા માંચા હતા, પરંતુ આ વાત લલિત મોદી સુધી પહોંચતાં જ તેમણે મોટો બૉમ્બ ફોડ્યો. લલિત મોદીએ સોશ્યલ મીડિયા 'X' પર રોષે ભરાઈને લખ્યુંઃ ફેક ન્યૂઝ! મને કોઈએ એપ્રોચ કર્યો નથી, મારો આવો કોઈ ઇરાદો પણ નથી. આજકાલ કોઈને પૂછ્યા વગર જ ન્યૂઝ બની જાય છે!

જોકે વાત અહીં જ પૂરી ન થઈ. મની માઇન્ડેડ લલિતબાબુએ તો આ ફેક ન્યૂઝ ફેલાવનારાઓ અને સોશ્યલ મીડિયા એકાઉન્ટ્સ પર પોતાના વકીલો મારફત કાયદેસરની લીગલ નોટિસ જ ફટકારી દીધી!

ખેર, લલિત મોદી લંડનમાં બેસીને આલીશાન જિંદગી માણે છે ત્યારે એ બિગ બૉસના ઘરમાં એક-એક ઈંડા અને ટામેટાં માટે લડવા થોડા આવવાના હતા? અફવા ફેલાવનારાઓને લલિતભાઈએ ચોખ્ખી ચેતવણી આપી દીધી છે કે હવે પછી એમના વિશે કંઈ પણ છાપતાં પહેલાં ખરેખરો 'બિગ બૉસ' કોણ છે એ ૧૦૦ વાર વિચારજો! ■

## કટ એન્ડ ઓકે...

***એક સમાચાર :*** *રવીના ટંડન, પરિણીતી ચોપરા, એલ્વિશ યાદવ અને રાજપાલ યાદવ બાદ હવે ફરદીન ખાન તથા મહેશ માંજરેકર 'માલામાલ વીકલી ૨'ની કાસ્ટમાં જોડાઈ ગયાં છે.*

શો-શરાબા

દિવ્યકાંત પંડ્યા

# સ્ટારડમની સાથે હવે ડિરેક્ટરડમનો જલવો

## બોલિવૂડમાં હવે માત્ર ઍક્ટર નહીં, ડિરેક્ટરની પણ પોતાની બ્રાન્ડ છે!

એક સમય હતો જ્યારે ફિલ્મ્સ લગભગ સંપૂર્ણપણે સ્ટાર્સના નામે વેચાતી હતી. લોકો એવું નહોતા કહેતા કે આજે કોઈ ચોક્કસ ડિરેક્ટરની ફિલ્મ જોવા જઈ રહ્યા છીએ. અલબત્ત, તેનો અર્થ એવો નથી કે પહેલાં ડિરેક્ટર્સનું કોઈ મહત્ત્વ નહોતું.


સંજય લીલા ભણસાલી


રોહિત શેટ્ટી


રાજામૌલી


ઈમ્તિયાઝ અલી


રાજકુમાર હિરાણી


સંદીપ રેડ્ડી વાંગા

ભારતીય સિનેમાના ઇતિહાસમાં મનમોહન દેસાઈ, ગુરુ દત્ત, રાજ કપૂર, હૃષિકેશ મુખર્જી, વિજય આનંદ અને યશ ચોપરા જેવા ફિલ્મમેકર્સ એવા હતા જેમની પોતાની આગવી ઓળખ હતી, પણ ફિલ્મના પોસ્ટર પર સૌથી મોટું નામ હીરોનું જ હોય. મૅગેઝિનના કવર પર સ્ટાર્સ હોય. ટેલિવિઝન ઇન્ટરવ્યૂમાં સ્ટાર્સ હોય.

આજે પણ સ્ટાર્સનું મહત્ત્વ ઓછું થયું નથી. શાહરુખ ખાન, સલમાન ખાન, આમિર ખાન, રણબીર કપૂર કે હૃતિક રોશન જેવા કલાકારોની લોકપ્રિયતા હજુ પણ વિશાળ છે, પરંતુ હવે દર્શકો એક વધારાનો પ્રશ્ન પણ પૂછે છે કે 'ફિલ્મ કોણે ડિરેક્ટ કરી છે?' ઘણી વખત ફિલ્મની જાહેરાત થાય ત્યારે કાસ્ટ પછી તરત જ ડિરેક્ટરનું નામ ચર્ચામાં આવે છે. કેટલીક ફિલ્મ્સમાં તો ડિરેક્ટરનું નામ જ ઉત્સુકતા ઊભી કરવા માટે પૂરતું હોય છે.

સંજય લીલા ભણસાલી તેનું સૌથી મોટું ઉદાહરણ છે. 'હમ દિલ દે ચૂકે સનમ', 'દેવદાસ', 'બ્લૅક', 'ગોલિયોં કી રાસલીલા રામ-લીલા', 'બાજીરાવ મસ્તાની', 'પદ્માવત' કે 'ગંગુબાઈ કાઠિયાવાડી' જેવી ફિલ્મ્સ જોતાં પહેલાં જ દર્શકોને અંદાજ હોય છે કે ભવ્ય સેટ્સ, ભવ્ય સંગીત અને વૈભવ જોવા મળશે. ઘણા લોકો ફિલ્મના સ્ટાર્સ કરતાં પહેલાં એવું કહેતા સાંભળવા મળે છે કે ભણસાલીની નવી ફિલ્મ આવી રહી છે. વર્ષો દરમિયાન તેમનું નામ પોતે જ એક બ્રાન્ડ બની ગયું છે.

રાજકુમાર હિરાણીનો કિસ્સો પણ આવો જ છે. 'મુન્નાભાઈ એમ.બી.બી.એસ.', 'લગે રહો મુન્નાભાઈ', '૩ ઇડિયટ્સ', 'પીકે' અને 'સંજૂ' જેવી ફિલ્મ્સે તેમને એવી ઓળખ આપી કે દર્શકો તેમના નામ સાથે જ એક પ્રકારની વાર્તાની અપેક્ષા રાખવા લાગ્યા. હાસ્ય હશે, લાગણી હશે, કોઈ સામાજિક મુદ્દો હશે અને અંતે કંઈક હૃદયને સ્પર્શી જાય એવી વાત હશે.

હિરાણીની ફિલ્મમાં કોણ હીરો છે તે મહત્ત્વનું છે, પરંતુ હિરાણી ડિરેક્ટ કરી રહ્યા છે તે પણ એટલું જ મહત્ત્વનું બની ગયું છે. ઇમ્તિયાઝ અલી એક અલગ પ્રકારનું ઉદાહરણ છે. 'જબ વી મેટ', 'લવ આજ કલ', 'રોકસ્ટાર', 'હાઇવે', 'તમાશા' અને 'અમર સિંહ ચમકીલા' જેવી ફિલ્મ્સ એકબીજાથી અલગ છે છતાં તેમાં ઇમ્તિયાઝ અલીની એક ઓળખ દેખાય છે.

આ બધા વચ્ચે રોહિત શેટ્ટીનું બ્રાન્ડિંગ કદાચ સૌથી રસપ્રદ છે. કોઈ કાર હવામાં ઊડતી હોય, મોટા ઍક્શન સીન હોય, મસાલા મનોરંજન હોય તો ઘણા દર્શકો તરત સમજી જાય કે આ રોહિત શેટ્ટીની દુનિયા છે. 'ગોલમાલ', 'સિંઘમ', 'સિમ્બા', 'સૂર્યવંશી' અને આખું કોપ યુનિવર્સ તેની સાબિતી છે.

જોકે છેલ્લાં થોડાં વર્ષોમાં આ ટ્રેન્ડ વધુ ઝડપથી આગળ વધ્યો છે. સંદીપ રેડ્ડી વાંગાને જ જુઓ. 'અર્જુન રેડ્ડી', 'કબીર સિંહ' અને 'એનિમલ' પછી તેમની ફિલ્મ્સ વિશે જેટલી ચર્ચા થાય છે એટલી જ ચર્ચા વાંગા વિશે પણ થાય છે. તેના વિચારો, પાત્રો પ્રત્યેનો અભિગમ, સંબંધોની રજૂઆત અને ફિલ્મ્સની ભાષા વિશે સતત ચર્ચા ચાલે છે. ફિલ્મ ગમે કે ન ગમે, પરંતુ આ સંદીપ રેડ્ડી વાંગાની ફિલ્મ છે એ પોતે જ ચર્ચાનો વિષય બની ગયું છે.

અમર કૌશિકનું ઉદાહરણ પણ હૉરર-કૉમેડી ફિલ્મ્સ માટે એટલું જ મહત્ત્વનું છે. આદિત્ય ધર કદાચ સૌથી રસપ્રદ તાજેતરનું ઉદાહરણ છે. 'ઉરી' અને 'ધુરંધર' પછી તેની ચર્ચા માત્ર ડિરેક્ટર તરીકે નહીં પરંતુ એક મોટી બ્રાન્ડ તરીકે થવા લાગી છે. આ ટ્રેન્ડ માત્ર હિન્દી સિનેમા પૂરતો મર્યાદિત નથી. દક્ષિણ ભારતીય સિનેમામાં તો કદાચ આ વધુ સ્પષ્ટ છે. એસ.એસ. રાજામૌલીની ફિલ્મ રિલીઝ થાય ત્યારે લોકો માત્ર પ્રભાસ, રામ ચરણ અથવા એન.ટી.આર.ને જોવા નથી જતા. તેઓ રાજામૌલીનું વિઝન જોવા જાય છે. 'બાહુબલી' અને 'આરઆરઆર' તેનું સૌથી મોટું ઉદાહરણ છે. એ જ રીતે લોકેશ કનાગરાજ, સુકુમાર, મણિ રત્નમ અને પ્રશાંત નીલ જેવા ફિલ્મમેકર્સ પણ પોતે જ બ્રાન્ડ બની ગયા છે.

અહીં એક વાત ખાસ નોંધવા જેવી છે. આ લેખનો મુદ્દો એવો નથી કે ડિરેક્ટર્સ સ્ટાર્સ કરતાં મોટા થઈ ગયા છે. હજુ પણ સ્ટાર પાવરનું મહત્વ ખૂબ મોટું છે, પરંતુ હવે ફિલ્મ્સ માત્ર સ્ટાર્સની રહી નથી. તે ડિરેક્ટર્સની પણ બની ગઈ છે. 'જવાન' માત્ર શાહરુખ ખાનની ફિલ્મ નહોતી, તે એટલી જ એટલીની ફિલ્મ પણ હતી. 'એનિમલ' માત્ર રણબીર કપૂરની ફિલ્મ નહોતી, તે સંદીપ રેડ્ડી વાંગાની ફિલ્મ પણ હતી.

ગયા વર્ષે આવેલી 'સૈયારા' તેનું ઉદાહરણ છે. ફિલ્મમાં તાજા ચહેરાઓ હતા, પરંતુ ઇન્ડસ્ટ્રીમાં ફિલ્મ વિશેની મોટી ચર્ચા મોહિત સુરીની વાપસી વિશે હતી. ઘણા દર્શકો ફિલ્મ જોવા ગયા, કારણ કે તેમને મોહિત સુરીની રોમેન્ટિક ફિલ્મ્સથી એક ખાસ અપેક્ષા હતી.

આ પરિવર્તન પાછળનું કારણ પણ રસપ્રદ છે. આજના સમયમાં દર્શકો ફિલ્મ બનાવવાની પ્રક્રિયા વિશે પહેલાં કરતાં વધુ જાણે છે. પોડકાસ્ટ, યુટ્યૂબ ઇન્ટરવ્યૂ, બિહાઇન્ડ-ધ-સીન્સ વીડિયો અને સાશ્યલ મીડિયા દ્વારા તેઓ ફિલ્મમેકર્સની સ્ટાઇલને ઓળખે છે અને કદાચ એ જ ભારતીય સિનેમાના બદલાતા સમયની સૌથી રસપ્રદ વાત છે!

### લાસ્ટ શોટ

*'આનંદ', 'ગુડ્ડી', 'પ્યાસા', 'કાગઝ કે ફૂલ', 'મેરા નામ જોકર' કે 'અમર અકબર એન્થોની' જેવી ફિલ્મ્સ આજે પણ તેમના ડિરેક્ટર્સના નામ સાથે યાદ કરવામાં આવે છે.*

# ક્વિક ફિલ્મી ક્વિઝ

નીલા સુનીલ મહેતા

## ક્વિઝ (૧૯૫)

**આ ફિલ્મમાં કલાકારો પર ફિલ્માવામાં આવેલું કોમેડી ગીત કયું છે?**

૧) આશા પારેખ, જીતેન્દ્ર - કારવાં
૨) કિશોર કુમાર, સુનિલ દત્ત - પડોસન
૩) અમિતાભ બચ્ચન, ધર્મેન્દ્ર - ચુપકે ચુપકે
૪) જોય મુખરજી,આઈ એસ જોહર - શાગીર્દ
૫) મેહમુદ, અરુણા ઈરાની - ઔલાદ
૬) ગોવિંદા, કાદર ખાન - દુલ્હે રાજા
૭) અનિલ કપૂર, અમૃતા સિંહ - ચમેલી કી શાદી

## ક્વિઝ (૧૯૬)

**આ ફિલ્મોમાં ત્રણ મિત્રના પાત્ર ભજવનાર કલાકાર કોણ હતા?**

૧) ઝીંદગી ના મિલેગી દોબારા
૨) દિલ ચાહતા હૈ
૩) કાઈ પો છે
૪) પ્યાર કા પંચનામાં
૫) ચશ્મે બદ્દુર (જૂનું)
૬) નો એન્ટ્રી
૭) મસ્તી

જવાબ માટે જુઓ 'ફન વર્લ્ડ'




**એકાએક ખ્યાલ આવ્યો કે પોતે એક છોકરી છે. આવી નિર્જન રાતે જો કદાચ કોઈની દાનત બગડી તો પોતાને બચાવશેય કોણ?**

કાર ચલાવી રહેલા વરુ જેવા ભેરુજીથી ધ્રુજતી બેઠેલી સોનલે હેડલાઈટના શેરડામાં જોઈ લીધું કે બોલેરો પાસે બે જણ ઊભા છે. તે સનતને ઓળખી ગઈ. બે ક્ષણ તેનું હૃદય ધબકારો ચુકી ગયું. સનતનું અહીં આવવું તેના માટે ચિંતાજનક જ નહીં, નવાઈભર્યું હતું. સનત જાનની પરવા કર્યા વગર કૂદી પડ્યો હતો. શું તે સાચે જ મારા પ્રેમમાં પડી ગયો હશે? જો માત્ર ક્ષણિક ખેંચાણ હોત તો તે પોતાની જાન જોખમમાં મુકત ખરો? તેને યાદ આવ્યું, સનતે છેલ્લે ફોનમાં તેને કહેલું કે તેની પાસે હથિયાર છે. ક્યાંથી આવ્યું હશે હથિયાર? શું કોઈ ગન હશે કે સામાન્ય ચાકુ-છરીને સનત હથિયાર કહેતો હશે? ભેરુજી કારમાંથી ઉતર્યો ત્યારે તેને થયું કે તે ઊતરીને સનતની બાજુમાં ઊભી રહે. પણ અચાનક તેના દિમાગે એકદમ ધક્કો માર્યો. ગાડીના ઈગ્નીશનમાં લટકતી ચાવી જોઈ તેની છઠ્ઠી ઈન્દ્રીએ કહ્યું, સોનલ ભાગ. તારા કિસ્મતે જ ભેરુજી પાસે ભૂલ કરાવી છે. આ તક છે. જો અહીંથી છૂટી જઈશ તો સનતને પણ બચાવી શકીશ. જો પેલા વરુના હાથમાં આવી જઈશ તો તારું તો જે થવાનું હશે તે થશે પણ સનત કારણ વગર જીવ ખોશે.

સોનલ ધીમેથી ડ્રાઈવર સીટ પર બેસી ગઈ. ભેરુજી હજુ સલીમ સાથે કંઈ વાત કરે તે પહેલા તો તેણે ફૂલ ટર્ન લીધો અને ગાડી મારી મૂકી. તેને ખબર હતી કે ભેરુજી રઘવાયો થઈને પીછો કરશે. સોનલ માટે ગાડી અજાણી હતી. રસ્તો અજાણ્યો હતો. વળી રાત હતી. પણ તેના મગજ પર મોતનો ભય સવાર હતો. તેને થોડીવારમાં જ સમજાઈ ગયું કે આ ગાડી નવી છે. કદાચ બોલેરો તેને આંબી નહીં શકે. તેણે મૂર્ખની જેમ કાર દોડાવ્યે રાખી. બેક વ્યૂ મીરરમાં પાછળ માર માર આવતી બોલેરોની હેડલાઈટ પરથી તેણે અંદાજ બાંધ્યો કે એ ગાડી કેટલી પાછળ દોડી રહી છે. રસ્તામાં આવતી ફેક્ટરી છોડ્યા પછી અચાનક બોલેરોની લાઈટ દેખાતી બંધ થઈ. સોનલે તરત સ્પીડ વધારી. આગળ મુખ્ય રોડમાંથી એક રસ્તો ફૂટતો દેખાયો. તેને થયું ભેરુજી કદાચ સીધું જવાનું જ પસંદ કરશે. તેણે ક્ષણભરમાં નિર્ણય લીધો અને જમણી તરફ ફૂટતા સાંકડા રસ્તે ગાડી દોડાવી મૂકી. વીસેક કિલોમીટર કાપ્યા પછી તેણે જોયું કે પોતાની પાછળ કોઈ વાહન આવતું નથી. તેને પોતાના નિર્ણય ઉપર આનંદ થયો. તેણે ગાડી બંધ કરી રાતના સન્નાટામાં કાન માંડ્યા. તેને બરોબર સમજાયું કે એ અવાજ બોલેરોનો જ છે અને તે સીધી જઈ રહી છે. તે થોડીવાર સ્ટિયરિંગ પર માથું ઢાળી બેસી રહી. સોનલને નવાઈ લાગી કે પોતાનામાં આટલી હિંમત ક્યાંથી આવી? રસ્તા વચ્ચે બે ત્રણ ટ્રકની આંજી નાખતી હેડ લાઈટ વચ્ચેથી કઈ રીતે કાર નીકળી ગઈ કંઈ સમજાયું નહોતું. પોતે કંઈ કુશળ ડ્રાઈવર નહોતી. આટલાં વર્ષોમાં પહેલીવાર ભયજનક સ્પીડથી કાર ચલાવી હતી. ગાડીની એસેસરીઝ અત્યંત આધુનિક હતી. તેણે અંદરની બત્તી ચાલુ કરી જોઈ લીધું કે ભેરુજી બીજું શું શું ભૂલ્યો છે. આગળના ખાનાં ખોલી જોયા. એક ખાનામાં સિગારેટનું પાકિટ પડેલું જોઈ તેને સનત યાદ આવ્યો. તે ધીમેથી દરવાજો ખોલી બહાર ઊભી રહી. અચાનક તેને કંઈક યાદ આવ્યું. તેને થયું કે પોતે કંઈક ભૂલી રહી છે. એ ખાનામાં બીજું પણ કંઈક હતું. તેણે ફરી કારનો દરવાજો ખોલ્યો. ખાનું ખોલી ઝડપથી બે કવર ઉપાડ્યા. એક વજનદાર હતું. એ કવર નીચે જ એક સાદો મોબાઈલ ફોન પડેલો દેખાયો. સોનલે એ ફોન પણ ઉપાડી લીધો. પોતાની હેન્ડબેગ પણ લઈ લીધી. બેય કવર ખુલ્લા હતા. પહેલા તેણે મોબાઈલ ઓન કરી જોયો. પણ મોબાઈલ સ્વીચ ઓફ હતો. જાડા કવરની ધાર દબાવીને જોઈ એ કવરમાં પાંચસોની નોટોના બે અકબંધ બંડલ હતા. તેને એકાએક પોતાની કિસ્મત ઉપર હસવું આવ્યું. તેને યાદ આવ્યું કે પોતાની પાસે પૈસા નહોતા. ઈશ્વર હજુ સુધી પોતાની સાથે છે એવું વિચારતાં તેનામાં હિંમત આવી. બીજા કવરમાં કોઈ જાડો કાગળ હોય તેવું લાગતાં પછી જોઈશ એવું વિચારી ત્રણેય ચીજો પોતાની શોલ્ડર બેગમાં મૂકી અને તે બાજુના માઈલ સ્ટોન ઉપર બેસી ગઈ.

તેને હસવું આવ્યું. આ બધું શું થઈ રહ્યું હતું? પોતાની સરળ જિંદગીમાં આવું કંઈ થઈ શકે તે કલ્પના બહારનું હતું. દાદાનું વિલ કરી જવું, તે પછીના ભાઈઓના ઉધામા અને પોતાને આમ ગુનેગારની જેમ છુપાઈ રહેવું પડ્યું. તેને સનતનું આશ્ચર્ય થતું હતું. તે ખરેખર બહાદૂર છે કે પછી ફક્ત ભાવુકતાથી જ અનાયાસે જોડાઈ ગયો છે. પણ સનત હશે ક્યાં? તેણે પેલા રસ્તા પર જ રાત વિતાવી દીધી હશે કે કોઈ વાહનમાં બેસીને ચાલ્યો ગયો હશે? સોનલને એક જુદો જ વિચાર આવ્યો અને એ વિચારે તેને ધ્રુજાવી દીધી. એકાએક ખ્યાલ આવ્યો કે પોતે એક છોકરી છે. આવી નિર્જન રાતે આમ ચાલી તરફ જશે? કોણ પોતાની વાત પર વિશ્વાસ કરશે? અને જો કદાચ કોઈની દાનત બગડી તો પોતાને બચાવશેય કોણ? તેને પોતાની મા યાદ આવી. રણના પુષ્પ જેવી મા! તે સાથે કેટલાંય સ્મરણો ઊમટી પડ્યાં. આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં. તેને લાગ્યું જાણે આ આખાય વિશ્વમાં તે એકલી છે. સાવ એકલી. કોઈ પોતાનું નથી. ધોધમાર રુદન ગળા સુધી આવીને અટકી જતું હતું. પોતાને આવા દિવસોનો સામનો કરવાનો આવશે એવું તો તેણે વિચાર્યુંય ન હતું. મુંબઈની ઝવેરીશોપની માલિક, કરોડોની આસામી મારે આમ અજાણી જગ્યાએ ભટકવાનું? સોનલને પોતાની અસહાય સ્થિતિ ઉપર દયા આવતી હતી. સવાર પડે ત્યાં સુધી સંતાવાનું જ હતું.

ચોમેર રાત જામી ગઈ હતી. આસપાસ સીમમાંથી નિશાચર જંતુઓના અવાજ આવતા હતાં. તેણે જે તરફ સડક જતી હતી તે તરફ જોયું. અચાનક એ દિશામાં એક તારો ખર્યો. ઘટ્ટ અંધકારમાં થોડીવાર સફેદ લીસોટો ચમકી રહ્યો. સોનલને લાગ્યું જાણે સનત તેની બાજુમાં ઊભો રહી ગયો છે. ભયની મારી તે ઊભી થઈને સનતને વળગી પડી છે. સનત તેને બાથમાં લઈને ભીંસી નાખતાં કહે છે, 'હું હંમેશાં તારી સાથે જ રહીશ હોં.'

સોનલે ઝબકીને પાંપણ પટપટાવી. દૂરથી ક્યાંકથી કૂતરાં ભસવાનો અવાજ વહી આવ્યો. મનમાં ઉદાસી ફરી વળી. તેણે પોતાને જ પૂછ્યુંઃ 'સોનલ તું સનતને પ્રેમ કરવા લાગી છો કે શું? સનત અત્યારે આવી જાય, તારા પડખે ઊભો રહે એવા વિચાર કેમ આવે છે? જાણે સનત ત્યાં આવવાનો હોય.' તેમ તેણે આંખો તાણી રસ્તા સામે જોયે રાખ્યું. રાત સમ સમ વહેતી જતી હતી. થાક અને ભૂખથી શરીર ભયંકર થાક્યું હતું. તેણે વિચાર્યું આ કાર અહીં છોડીને સામે જે ઝાડ જેવું દેખાય છે ત્યાં રાત પસાર કરી નાખું. સવારે કોઈ દિશા મળશે. અચાનક તેને ભેરુજી યાદ આવ્યો. તેને ખબર હતી કે એને માત્ર સોંપાયેલા કામમાં જ રસ નહોતો. એની સળવળતી ઈચ્છાઓ જુદી હતી. જો અત્યારે ભેરુજી આવી ચડશે તો? આમેય તે છંછેડાયેલો તો છે જ. સોનલનું શરીર કંપી ઉઠ્યું. તેને થયું સવાર પડશે ત્યાં સુધીમાં તો ભેરુજી અને તેણે જેમના ઈશારે પોતાને દિલ્હીમાંથી શોધી લીધી એ લોકો આખું રાજસ્થાન ખુંદી નાખશે. હજુ એમની પાસે પાંચ કલાક પડ્યા છે. પાંચ કલાકમાં એ લોકો જે ધારશે તે કરી લેશે. હું હવે ઝડપાઈ ગઈ તો આવેલી તક વેડફી નાખવાનો પસ્તાવો કરવાનોય સમય નહીં રહે. અત્યારે ભાગી છૂટવા માટે નવીનક્કોર કાર હાથમાં છે. મારે અત્યારે જ ભાગી છુટવું જોઈએ. એને અંદરથી અવાજ આવ્યો. ભાગી છૂટ સોનલ, ભાગી છૂટ. કાર ચાલુ કર અને ભાગી છૂટ. સોનલના ચિત્તમાંથી એક સાથે પડઘા પડ્યા. તે ઝડપથી કાર પાસે આવી ચોમેર જોયું. ક્યાંયથી કોઈ અવાજ આવતો ન હતો. ભેરુજીની જીપ જે રસ્તે ગઈ તે રસ્તા સામે જોયું. કોઈ વાહન આવી રહ્યાનો અવાજ કે અજવાળું ન હતું. તેણે કાર સ્ટાર્ટ કરી અને ભૂત સવાર થયું હોય તેમ ટાયરની ડિઝાઈન ઘસાઈ જાય તેવો ટર્ન લીધો. સોનલ જ્યારે ભાગી ત્યારે ક્યાં જવું તે નક્કી ન હતું પણ હવે તેને ખબર હતી કે ક્યાં જવું છે. તેણે ક્ષણભરમાં વિચારી લીધું કે પહેલા તો ત્યાં જ જવું જ્યાં સનત હતો. જો સનત મળી જાય તો તેને લઈને દિલ્હી જ પહોંચવું રસ્તામાં વિચારી લેવું કે શું કરવું.

પવનવેગે કાર ચલાવતી સોનલને આછું આછું યાદ હતું કે કયા રસ્તેથી પોતે આવી હતી. તે સાથે તેની નજર બેક વ્યૂ મીરર ઉપર પણ હતી. તેને એક ભય હતો કે ભેરુજીએ પોતાના તમામ સાગરીતોને એલેર્ટ કરી દીધા હશે. રસ્તામાં કોઈ ભેરુજીની કાર ઓળખી જશે તો હાથોહાથ આવી જઈશ. એક સાથે કેટલાય વિચારો ઝડપભેર આવતા હતા. રસ્તામાં ફેક્ટરી આવી ત્યારે તેને યાદ આવ્યું કે અહીં જ ભેરુજીની જીપ ધીમી પડી અને પોતાને તક મળી ગઈ. તેણે યાદ કર્યું કે એ જગ્યા કઈ હતી જ્યાં સનત હતો. જ્યાંથી થોડો સમય પહેલા આ કાર લઈને ભાગી હતી. અચાનક યાદ આવ્યું કે ભેરુજીએ કારનો યુ ટર્ન લીધો ત્યારે એક રસ્તો ઉત્તર તરફ જતો દેખાયો હતો અને કોઈ મોટું ઝાડ પણ દેખાયું હતું. તેણે મગજ પર જોર આપ્યું. જગ્યા યાદ આવી પણ હવે ત્યાં સનત હશે? એ નહીં હોય તો એટલો સમય નથી કે એને શોધી શકાય. વિચારોમાં કાર ચલાવતી સોનલને એ પણ યાદ ન રહ્યું કે એ જગ્યા આવી ગઈ. તેણે ટર્ન લીધો અને કાર માંડ થોડું ચાલી કે એની છઠ્ઠી ઈન્દ્રીયે ઝાટકો આપ્યો કે તારી જગ્યા આવી ગઈ. તેણે ધીમેથી કાર રીવર્સમાં લીધી. ધબકારા વધવા લાગ્યા. માણસ છળી મરે એવો સન્નાટો હતો. તેને થયું કે પોતે કારમાંથી ઊતરે. સનતના નામની બૂમ મારે. પણ એવું કરવું જોખમકારક લાગ્યું. કદાચ સનત આસપાસ હશે તો કારમાં હું છું એ તેને કેવી રીતે ખબર પડશે. તેણે કાર બંધ કરી ભયથી ચારેતરફ જોઈ રહી. અચાનક તેણે અંદરની બત્તી કરી અને ઓલવી નાખી.

કારને ધીમી પડતી, રીવર્સમાં આવતી જોઈ સનતને અચાનક ખ્યાલ આવ્યો કે આ કાર તો એજ છે જેને સોનલ ભગાવી ગઈ હતી. સનતના ધબકારા વધી ગયા. પેલો જલ્લાદ જેવો માણસ તો નહીં હોય ને? તેણે પિસ્ટલ હાથમાં લીધી. પણ કારની બત્તીના અજવાળામાં સોનલ દેખાઈ અને તેણે પિસ્ટલનો ઘા કરી બેય બેગ ઉપાડી દોટ મૂકી. સોનલ સમજી ગઈ કે સનત જ છે. તેણે નમીને સાઈડનો દરવાજો ખોલ્યો. સનતે બેય બેગ પાછળ ઘા કરી દરવાજો બંધ કરીને બેસી ગયો. જાણે તેની વાચા હરાઈ ગઈ હોય. સોનલને પણ શબ્દો મળતા ન હતો. સનતે અંધારામાં સોનલ સામે જોયું અને તેને વળગી પડ્યો. બે ચાર ક્ષણ વિતી ગઈ. સોનલે સનતની પીઠ ઉપર હાથ ફેરવતા કહ્યું, 'મૂરખ માણસ. આવું આંધળુંકિયું કરાતું હશે? ચાલો હજુ જોખમ ટળ્યું નથી. હવે જો ઝડપાઈ ગયા તો મારી સાથે જે થશે તે તમે જોઈ નહીં શકો. આપણે અજવાળું થાય તે પહેલાં દિલ્હીની હદમાં પહોંચી જવું છે.'

કાર દિલ્હીની દિશામાં ભાગવા માંડી. (ક્રમશઃ)■

# લૉર્ડ્સની બાલ્કનીમાં ટી-શર્ટ કાઢીને સેલિબ્રેશનઃ ગાંગુલી જેવું ભારતના આ ક્રિકેટરોએ પણ કર્યું



લંડનઃ શારીરિક રીતે અક્ષમ (દિવ્યાંગ) ક્રિકેટરો માટે અહીં બુધવારે ઐતિહાસિક લૉર્ડ્સના ક્રિકેટ ગ્રાઉન્ડ પર રમાયેલી મૅચમાં ભારતે યજમાન ઇંગ્લૅન્ડને હરાવીને મેદાન પર તો જોરદાર સેલિબ્રેશન કર્યું જ હતું, પરંતુ એ ઉપરાંત ખાસ કરીને લૉર્ડ્સની આઇકૉનિક બાલ્કનીમાં પણ (૨૪ વર્ષ પહેલાં સૌરવ ગાંગુલીએ ટી-શર્ટ કાઢીને કર્યું હતું એ રીતે) ભારતીય ખેલાડીઓનું યાદગાર સેલિબ્રેશન પણ થયું હતું. બુધવારની આ મૅચ માટેની ભારતીય ટીમમાં એક ગુજરાતી ખેલાડીનો પણ સમાવેશ હતો.

**દિવ્યાંગોની મૅચમાં શું બન્યું?**

આ મૅચ ભારતની અને ઇંગ્લૅન્ડની મિક્સ્ડ ડિસઍબિલિટી ટીમ વચ્ચેની હતી જેમાં ભારતના દિવ્યાંગ ક્રિકેટરોની ટીમનો ૧૧૮ રનથી વિજય થયો હતો. ભારતીય ટીમે બ્રિટિશ ખેલાડીઓ પર સંપૂર્ણ વર્ચસ્વ રાખ્યું હતું. ભારતે આ ટી-૨૦ મૅચમાં ચાર વિકેટે ૨૦૬ રન બનાવ્યા હતા જેમાં કૅપ્ટન માજિદ મૅગ્રે (૧૯ બૉલમાં અણનમ ૬૩) અને અર્જુન ગાવરે (૪૪ બૉલમાં ૬૮ રન)ની હાફ સેન્ચુરી ઉપરાંત ઓપનર સાઇ પ્રકાશ (૩૮ બૉલમાં ૪૮ રન)નું પણ મહત્ત્વનું યોગદાન હતું.

ઇંગ્લૅન્ડની ટીમ માત્ર ૧૩.૪ ઓવર રમી શકી અને એમાં એનો દાવ ૮૮ રનમાં સમેટાઈ ગયો હતો. ભારતના હિલાલ અહમદ વાની (ચાર ઓવરમાં ૨૧ રનમાં ચાર વિકેટ) અને ગુજરાતી ખેલાડી જયેશ પરમાર (બે ઓવરમાં ૧૪ રનમાં ત્રણ વિકેટ)ના શાનદાર બોલિંગ પર્ફોર્મન્સને લીધે ઇંગ્લૅન્ડની ટીમ ૧૦૦ રન સુધી પણ નહોતી પહોંચી શકી. ઓપનર જૉની ગેલે ૧૬ બૉલમાં ૧૯ રન અને ઍન્ગસ બ્રાઉને ૧૧ બૉલમાં ૧૬ રન બનાવ્યા હતા.

ભારતે વિજય મેળવ્યો ત્યાર બાદ લૉર્ડ્સના સ્ટેડિયમની બાલ્કનીમાં ઊભેલા ભારતીય ખેલાડીઓમાંથી એક પ્લેયરે ટી-શર્ટ કાઢ્યું હતું અને એ ફરકાવીને સેલિબ્રેશન કર્યું હતું. બીજા ખેલાડીએ બ્લેઝર કાઢીને ફરકાવ્યું હતું અને પ્રેક્ષકોનું અભિવાદન ઝીલ્યું હતું. આખી ટીમ અને અધિકારીઓએ સેલિબ્રેશનમાં જબરદસ્ત જોશ અને ઉત્સાહ બતાવ્યા હતા.

**નૅટવેસ્ટની ફાઇનલમાં શું બનેલું?**

૨૦૦૨માં ૧૩મી જુલાઈની ફાઇનલમાં ઇંગ્લૅન્ડે માર્કસ ટ્રેસ્કોથિકના ૧૦૯ રન, કૅપ્ટન નાસિર હુસૈનના ૧૧૫ રન તેમ જ ફ્લિન્ટૉફના ૪૦ રનની મદદથી ૫૦ ઓવરમાં પાંચ વિકેટે ૩૨૫ રન બનાવ્યા હતા. ઝહીર ખાને સૌથી વધુ ત્રણ વિકેટ લીધી હતી. ભારતે જવાબમાં કૅપ્ટન ગાંગુલીના ૬૦ રન, વીરેન્દર સેહવાગના ૪૫ રન તેમ જ યુવરાજ સિંહના ૬૯ રન અને મોહમ્મદ કૈફના અણનમ ૮૭ રન, હરભજન સિંહના ૧૫ રન તેમ જ ૧૦મા નંબરના બૅટ્સમૅન ઝહીર ખાનના અણનમ ચાર રનની મદદથી ૪૯.૩ ઓવરમાં આઠ વિકેટે ૩૨૬ રન બનાવીને (ત્રણ બૉલ તથા બે વિકેટ બાકી રાખીને) રોમાંચક વિજય મેળવ્યો હતો. કૈફને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર અપાયો હતો.

**ગાંગુલીની પત્ની ડોનાએ શું કહ્યું?**

૨૦૦૨માં નૅટવેસ્ટ ટ્રોફીની ઇંગ્લૅન્ડ સામેની ફાઇનલ જીત્યા બાદ સૌરવ ગાંગુલીએ લૉર્ડ્સની બાલ્કનીમાં ઊભા રહીને ટી-શર્ટ કાઢીને ફરકાવ્યું હતું અને ઍન્ડ્રયુ ફ્લિન્ટૉફ સહિતના બ્રિટિશ ખેલાડીઓને જડબાતોડ જવાબ આપ્યો હોવાનો ઇશારો કર્યો હતો. જોકે ગાંગુલીની પત્ની ડોના ગાંગુલીએ વર્ષો બાદ એક મુલાકાતમાં કહ્યું હતું કે 'સૌરવને પછીથી એવું લાગ્યું હતું કે તેણે સેલિબ્રેશન દરમ્યાન ટી-શર્ટ નહોતું કાઢવું જોઈતું.' ■

# અમ્પાયરે આઉટ આપ્યો, પણ બૅટ્સમૅને ક્રીઝ છોડવાની ચોખ્ખી ના પાડી દીધી!



ટૉરન્ટો (કૅનેડા): અહીં ૧૩ દેશના વેટરન ક્રિકેટરો વચ્ચે ચાલી રહેલા 'ઓવર-૬૦ વર્લ્ડ કપ'માં ભારતનો ઇંગ્લૅન્ડ સામે સોમવારની મૅચમાં આઠ રનથી પરાજય થયો હતો, પરંતુ આ પરિણામ કરતાં વધુ ચર્ચા એમાં બનેલા એક બનાવ બાબતમાં થઈ રહી છે.

કોઈ ખેલાડીને અમ્પાયરે આઉટ જાહેર કર્યો હોય એમ છતાં તે ક્રીઝમાંથી નીકળવાની ના પાડે અને અમ્પાયરને નિર્ણય બદલવાની ફરજ પાડવાનો પ્રયાસ કરે એવું દરેક ક્રિકેટપ્રેમીએ ભૂતકાળમાં ગલી ક્રિકેટમાં એકાદ વખત તો અનુભવ્યું જ હશે. 'ઓવર-૬૦ વર્લ્ડ કપ'માં ભારત-ઇંગ્લૅન્ડ મૅચમાં પણ આવું જ બન્યું.

ઇંગ્લૅન્ડની ૨૦મી ઓવર મયંક ખાંડવાલાએ કરી હતી અને ઇંગ્લૅન્ડના તેમૂર આલમ ૩૦ રન પર બૅટિંગમાં હતા. તેઓ લેફ્ટ-આર્મ સ્પિનર ખાંડવાલાના બૉલને સ્વીપ કરવાનો પ્રયાસ કરવા જતાં બૉલ તેમના પૅડ પર વાગ્યો હતો અમ્પાયરે તેમને એલબીડબ્લ્યૂ જાહેર કર્યા હતા. જોકે તેમૂરે ક્રીઝ છોડીને જવાની ચોખ્ખી ના પાડી દીધી હતી. તેમની દલીલ હતી કે તેમના બૅટની કટ લાગી હતી. એ સાંભળીને અમ્પાયર અને ભારતીય ખેલાડીઓ ડઘાઈ ગયા હતા.

બન્ને અમ્પાયરે ચર્ચા કરી હતી અને ભારતીય ખેલાડીઓ તેમને ઘેરી વળ્યા હતા. કૉમેન્ટેટર બોલ્યા, 'ભાઈ, તમે અમ્પાયરના નિર્ણય સાથે સહમત નથી તો પણ તમારે પાછા જવું જ પડશે. આવું ચાલે જ નહીં.' જોકે ૧૫ મિનિટ સુધી રમત અટકી હતી અને લેગ અમ્પાયરના મંતવ્યને છેવટે અપનાવવામાં આવ્યું હતું. લેગ અમ્પાયરનો મત હતો કે તેમૂરના બૅટની કટ લાગી હતી. તેમૂરને રમવા દેવામાં આવ્યા બાદ તેમણે ૧૦ રન ઉમેર્યા હતા અને છેવટે ખાંડવાલાએ તેમને ક્લીન બોલ્ડ કર્યા હતા અને ડગઆઉટનો રસ્તો બતાવ્યો હતો. ૪૫ ઓવરમાં ઇંગ્લૅન્ડે સાત વિકેટે ૧૬૭ રન બનાવ્યા બાદ ભારત ૪૨ ઓવરમાં ૧૫૯ રનમાં આઉટ થઈ જતાં પરાજિત થયું હતું.

આ મૅચની વિવાદાસ્પદ ઘટનાના વીડિયોમાં મહત્ત્વની ફૂટેજ સ્પષ્ટ નહોતી. આ બનાવ સંબંધમાં તપાસ શરૂ કરવામાં આવી છે. ■

# વરસાદ નહીં, પણ હીટવેવને લીધે ફૂટબૉલનું મેદાન ખરાબ થયું! મૅચ બીજે રાખવામાં આવી

પૅરિસઃ ક્રિકેટમાં તેમ જ ફૂટબૉલ સહિતની આઉટડૉર રમત માટેનું મેદાન સામાન્ય રીતે વરસાદને કારણે ખરાબ થઈ જાય તો ત્યાં રમાનારી મૅચ અન્યત્ર મેદાન પર રાખવામાં આવતી હોય છે, પણ પૅરિસમાં એવું બન્યું છે જે માનવું થોડું કઠિન છે.

ફ્રેન્ચ લીગમાં ડિફેન્ડિંગ ચૅમ્પિયન પૅરિસ સેન્ટ-જર્મેઇન (પીએસજી)ની પ્રારંભિક મૅચ રવિવારે પાર્ક ડેસ પ્રિન્સેસ નામનાં સ્ટેડિયમનાં મેદાન પર રમાવાની હતી. જોકે અસહ્ય ગરમીના પ્રકોપને કારણે આ મેદાન રમવાલાયક ન હોવાથી રવિવારની મૅચ અન્ય ગ્રાઉન્ડ પર રમાશે. આ મૅચ પીએસજી અને રેન ક્લબની ટીમ વચ્ચે રમાશે અને મૅચ હવે રેનના ગ્રાઉન્ડ પર રમાશે.

યુરોપમાં હીટવેવ ચાલે છે. ખાસ કરીને ફ્રાન્સમાં કાળઝાળ ગરમી હોવાથી પાર્ક ડેસ પ્રિન્સેસ ગ્રાઉન્ડને ખૂબ નુકસાન થયું છે. મેદાન એટલી હદે ખરાબ થઈ ગયું છે કે એના પર મૅચ રમી શકાય એમ નથી. ખાસ કરીને ખેલાડીઓની એના પર સલામતી ન હોવાનું જણાવાયું છે. મેદાન ખરાબ થઈ જતાં ખેલાડીઓ પડી જવાથી તેમને ગંભીર ઈજા થવાની સંભાવના છે.

મૅચને ત્રણ જ દિવસ બાકી છે એવામાં એનું સ્થળ અન્યત્ર નક્કી થઈ જતાં પાર્ક ડેસ પ્રિન્સેસ સ્ટેડિયમ માટે ટિકિટો ખરીદનારા પ્રેક્ષકોને રિફંડ આપવામાં આવશે અને રેનના સ્ટેડિયમની મૅચ માટે ટિકિટોનું વેચાણ શરૂ કરી દેવામાં આવ્યું હોવાનું મનાય છે. ■

# સાત્વિક-ચિરાગ ક્વૉર્ટરમાં

નવી દિલ્હીઃ બૅડમિન્ટનની વર્લ્ડ ચૅમ્પિયનશિપમાં સાત્વિકસાઇરાજ રૅન્કીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીની જોડીએ મલયેશિયાના જુનૈદી આરિફ તથા યૅપ રૉય કિંગને હરાવીને ક્વૉર્ટરમાં પ્રવેશ કર્યો હતો. જોકે મહિલાઓમાં પી. વી. સિંધુ અને પુરુષોમાં આયુષ શેટ્ટીએ પરાજય જોવો પડ્યો હતો. ■

# ભારતની મહિલા હૉકી ટીમે ઇંગ્લૅન્ડને બહાર કરાવ્યું

ઍમ્સ્ટલ્વીનઃ ભારતની મહિલા હૉકી ટીમે અહીં ગુરુવારે ઇંગ્લૅન્ડની ચડિયાતી ટીમને છેલ્લી લીગ મૅચને ૦-૦થી ડ્રૉમાં લઈ જવાની ફરજ પાડીને બીજા રાઉન્ડમાં પ્રવેશ કરી લીધો હતો. એ સાથે, ઇંગ્લૅન્ડની ટીમ ટૂર્નામેન્ટની બહાર થઈ ગઈ છે, કારણકે ગ્રૂપ-ડીમાંથી ટોચની બે ટીમ બીજા રાઉન્ડમાં જાય છે અને એમાં ભારત ઉપરાંત ચીનની ટીમ પણ પહોંચી ગઈ છે. ભારતની ગોલકીપર સવિતા પુનિયા અને બિચ્છુ દેવીએ ઇંગ્લૅન્ડના ૧૧ પેનલ્ટી કૉર્નરને નિષ્ફળ બનાવ્યા હતા તેમ જ મૅચની અંતિમ પળોમાં આવેલા ભારે માનસિક દબાણમાં પણ મૅચ ડ્રૉ કરાવી હતી. ■

# બીજી ટેસ્ટમાં કુલદીપને પડતો મૂકીને કદાચ સારાંશને અજમાવાશે

કોલંબોઃ ભારતે બુધવારે શ્રીલંકા સામે મૂળ રાજસ્થાનના યુવાન સ્પિનર માનવ સુથારની (બન્ને દાવ મળીને) કુલ ૧૦ વિકેટની તેમ જ દેવદત્ત પડિક્કલના પ્રથમ દાવના ૧૬૭ રનની મદદથી સિરીઝની પ્રથમ ટેસ્ટ જીતી લીધી ત્યાર બાદ હવે રવિવાર, ૨૩મી ઑગસ્ટથી રમાનારી બીજી ટેસ્ટ પણ જીતીને ભારત ૨-૦થી ક્લીન સ્વીપ કરવા કોઈ કસર બાકી નહીં રાખે, પરંતુ એ માટે ટીમમાં એક ફેરફાર થશે એવી સંભાવના છે. લેફ્ટ-આર્મ રિસ્ટ સ્પિનર કુલદીપ યાદવના સ્થાને ૩૩ કદાચ વર્ષીય નવા રાઇટ-આર્મ ઑફ સ્પિનર સારાંશ જૈનને અજમાવવામાં આવશે. શ્રીલંકાના ટૉપ-ઑર્ડરમાં ઘણા લેફ્ટ-હૅન્ડ બૅટ્સમેન છે એટલે તેમની સામે મધ્ય પ્રદેશનો ઑફ-સ્પિનર સારાંશ સારી અસર પાડી શકે એવું ભારતીય ટીમ મૅનેજમેન્ટનું માનવું છે. રાઇટ-હૅન્ડ બૅટ્સમૅન સામે બૉલ બહારથી અંદર લાવવામાં માહિર હોય એવો સ્પિનર મૅનેજમેન્ટ ઇચ્છે છે. બીજું, હેડ-કોચ ગૌતમ ગંભીર ટીમમાં ઑલરાઉન્ડર રાખવાનું વધુ પસંદ કરતો હોય છે. સારાંશ નીચલા ક્રમે બૅટિંગમાં ઉપયોગી પણ થઈ શકે એમ છે. ■

# નકવીના નાટકનું પુનરાવર્તન થશે?

## સૂર્યકુમાર જેવું હરમનપ્રીત કૌર સાથે પણ બની શકે

દુબઈઃ આગામી ૨૮મી ઑગસ્ટે દુબઈમાં મહિલાઓનો ટી-૨૦ એશિયા કપ શરૂ થશે જેમાં ભારત અને પાકિસ્તાનને એક જ ગ્રૂપમાં રાખવામાં આવ્યા છે અને આ ટૂર્નામેન્ટમાં કુલ આઠ દેશ ભાગ લેશે એટલે જોરદાર સ્પર્ધા થવાની પાકી સંભાવના છે, પરંતુ જો ભારત ફાઇનલમાં પહોંચશે તો બીસીસીઆઇ માટે ફરી એક વખત મૂંઝવણભરી સ્થિતિ સર્જાશે. આ ટૂર્નામેન્ટ એશિયન ક્રિકેટ કાઉન્સિલ (એસીસી)ના નેજા હેઠળ રમાશે અને પાકિસ્તાનના નામચીન અધિકારી મોહસિન નકવી હજી પણ એસીસીના પ્રમુખપદે છે. જો ભારતીય મહિલા ટીમ ફાઇનલમાં પહોંચશે (જેની સંભાવના છે) તો ટ્રોફી એનાયત કરવા નકવી જ મંચ પર ઊભા હશે એટલે તેના હાથે ટ્રોફી ન સ્વીકારવાના ભારતના નિર્ણયની ફરી એક વખત ચર્ચા થશે. હરમનપ્રીત કૌર ભારતની કૅપ્ટન છે.

નકવી ભારતના દુશ્મન-દેશ પાકિસ્તાનના ક્રિકેટ બોર્ડના ચૅરમૅન છે. ગયા વર્ષે ટી-૨૦ વર્લ્ડ કપ પહેલાંના દુબઈમાં ટી-૨૦ એશિયા કપ વખતે નકવીની નફ્ફટાઇને લીધે ભારતીય ટીમ ટ્રોફીથી વંચિત રહી ગઈ હતી. ભારત ચૅમ્પિયન બન્યું હતું અને એ સમયના ટી-૨૦ કૅપ્ટન સૂર્યકુમાર યાદવે (કાશ્મીરના પહલગામના પાકિસ્તાન-પ્રેરિત આતંકવાદી હુમલાને કારણે) નકવીના હાથે ટ્રોફી સ્વીકારવાની ના પાડી હતી. યુએઇ ક્રિકેટ બોર્ડના કોઈ ટોચના અધિકારીના હસ્તે ભારતીય ટીમ ટ્રોફી સ્વીકારવા તૈયાર હતી, પણ નકવીએ અવળચંડાઈ કરી હતી અને ભારતના હકની ટ્રોફી તેમણે ગાયબ કરાવી દીધી હતી. ■

---

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ફન વર્લ્ડ

### ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| दौरा | ઝડપી |
| दोपहर | જમાનો |
| दौर | ગમાર |
| द्रुत | બપોર |
| देहाती | પ્રવાસ |

### જાણવા જેવું

રાજ કપૂરની ફિલ્મોમાં પાર્શ્વગાયક તરીકે મુકેશ, મન્ના ડે અને રફી સાંભળવા મળ્યા છે, પણ કિશોર કુમાર? ૧૦૫૦માં આવેલી વી. એમ. વ્યાસ નિર્મિત અને દિગ્દર્શિત 'પ્યાર' (મુખ્ય કલાકાર રાજ કપૂર અને નરગીસ) એકમાત્ર ફિલ્મ છે જેમાં કિશોર કુમારે રાજસાબને પ્લેબેક આપ્યું છે. ફિલ્મમાં મુકેશ, રફી કે મન્ના ડેનું એક પણ ગીત નથી.

### ગુજરાત મોરી મોરી રે

પ્રફુલ દવે - સુમન કલ્યાણપુરનું સુપરહિટ ગુજરાતી ગીત 'મણિયારો તે હલુ હલુ થઈ વિયો રે' કઈ ફિલ્મમાં જોવા મળ્યું હતું?

અ) શેતલને કાંઠે
બ) લાખો ફુલાણી
ક) જીગર અને અમી
ડ) માડીના જાયા

### નોંધી રાખો

*ક. મા. મુનશીની 'ધ્રુવસ્વામિની' પરથી રામચંદ્ર ઠાકુર ફિલ્મ બનાવવા માગતા હતા, પણ પછી વિચાર પડતો મૂકવો પડ્યો હતો.*

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | | | ૪ | ૫ | | ૬ |
| | | | | | ૭ | | | | |
| | ૮ | | | | | | | ૯ | |
| ૧૦ | | | | ૧૧ | | | ૧૨ | | |
| | | ૧૩ | ૧૪ | | | ૧૫ | | | |
| | ૧૬ | | | | | | | | ૧૭ |
| | | | | ૧૮ | | | | ૧૯ | |
| ૨૦ | | | ૨૧ | | | ૨૨ | | | |
| | | ૨૩ | | | | | | | |
| ૨૪ | | | | | | ૨૫ | | | |

**આડી ચાવી**

૧. નકામી માથાફોડ, ટકટક (૪)
૪. સહનશક્તિ (૪)
૭. કીર્તિ, ખ્યાતિ (૩)
૮. ખુલાસો (૩)
૯. રાખ, ભસ્મ (૨)
૧૦. ચડસાચડસી, ચર્ચા (૨)
૧૧. દુશ્મન (૨)
૧૩. અહંકાર, ગર્વ (૨)
૧૫. લયલાનો પ્રેમી (૩)
૧૬. નગર (૩)
૧૮. કાવ્યના રચયિતા (૨)
૧૯. સરિતા (૨)
૨૦. જેની આગળ શાણપણ નકામું છે (૨)
૨૨. નાની બહેન, પછીથી જન્મેલી (૩)
૨૩. ભાઈ (૩)
૨૪. સાત ખૂણાવાળું (૪)
૨૫. નવું (૪)

**ઊભી ચાવી**

૨. વાદવિવાદને પાત્ર (૪)
૩. સાધુ તો --- ભલા (૩)
૪. સર્વ, તમામ (૩)
૫. મેંદી (૨)
૬. તાર નારનાર, રક્ષક (૩)
૧૦. દુર્ગંધ (૨)
૧૨. એક શિકારી પક્ષી (૨)
૧૩. સુગંધ, ફોરમ (૩)
૧૪. ભાવ કિંમત (૨)
૧૫. એક તેજાનો (૨)
૧૭. પહેલું, પ્રારંભનું (૨) (જો.છૂ.)
૧૯. નાજુકાઈ (૪)
૨૦. સમાવેશ (૩)
૨૧. રાંધવાનું કામ (૩)
૨૨. શાંતિ (૩)
૨૩. છેલબટાઉ (૨)

**ગયા વખતનો ઉકેલ**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ અ | ૨ ને | ડું | | | ૩ મ | ૪ જ | ૫ મુ | |
| ૬ વ | નિ | તા | | ૭ દિ | | | ૮ મા | લ | મ |
| | વા | | ૯ અ | વા | વ | ડું | | ત | |
| ૧૦ આ | ર્ય | | | ક | | | | ૧૧ વી | ણા |
| ભ | | ૧૨ આ | ૧૩ ધા | ર | | ૧૪ ના | ૧૫ ના | | |
| | | ૧૬ શ | ક | | ૧૭ હા | ડ | કું | | ૧૮ પો |
| ૧૯ પીં | ૨૦ છ | | | | ડ | | | ૨૧ શિ | રા |
| | ત્ર | | ૨૨ દ | સ્તા | વે | જ | | રો | |
| ૨૩ બિ | છા | ૨૪ ત | | | ર | | ૨૫ ઉ | ધા | ર |
| | ૨૬ યા | વ | ત્ | | | ૨૭ કૌ | મા | ર્ય | |

### ઓળખાણ પડી?



૧૯૭૧માં રિલીઝ થયેલી સાઉથના જેમિની સ્ટુડિયોની મેહમૂદ - રાધા સલૂજાના લીડરોલવાળી ફિલ્મની ઓળખાણ પડી?

અ) માનવતા બ) દો રાહા ક) લાખો મેં એક ડ) હમજોલી

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

વિવિધ ફિલ્મોમાં સાથે અભિનય કરનારા અમિતાભ અને રાખીએ સાથે કામ કર્યું હોય એવી પ્રથમ ફિલ્મનું નામ જણાવો.

અ) બ્લેકમેલ બ) શક્તિ ક) રેશમા ઔર શેરા ડ) સાત હિન્દુસ્તાની

### માઈન્ડ ગેમ

લોકપ્રિય ગઝલ ગાયક તલત અઝીઝે ફિલ્મોમાં લતા મંગેશકર સાથે ચિત્રપટમાં ગાયેલું એકમાત્ર ગીત કઈ ફિલ્મનું છે?

અ) અર્થ બ) સાથ સાથ ક) ઘરોંદા ડ) બાઝાર

### સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | | ૭ | ૫ | | ૧ | ૯ | | ૪ |
| | ૨ | | ૮ | | ૪ | | ૬ | |
| ૮ | | | | | | | | ૧ |
| | ૯ | ૧ | | | | ૬ | ૫ | |
| ૬ | | | | ૫ | | | | ૨ |
| | ૭ | ૮ | | | | ૩ | ૪ | |
| ૭ | | | | | | | | ૬ |
| | ૧ | | ૩ | | ૨ | | ૯ | |
| ૯ | | ૨ | ૬ | | ૭ | ૧ | | ૮ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૬ | ૪ | ૩ | ૯ | ૭ | ૫ | ૮ | ૧ |
| ૮ | ૯ | ૩ | ૪ | ૧ | ૫ | ૬ | ૭ | ૨ |
| ૧ | ૫ | ૭ | ૨ | ૮ | ૬ | ૯ | ૪ | ૩ |
| ૯ | ૭ | ૨ | ૧ | ૪ | ૮ | ૩ | ૫ | ૬ |
| ૩ | ૪ | ૧ | ૫ | ૬ | ૨ | ૭ | ૯ | ૮ |
| ૫ | ૮ | ૬ | ૯ | ૭ | ૩ | ૨ | ૧ | ૪ |
| ૪ | ૩ | ૮ | ૬ | ૫ | ૯ | ૧ | ૨ | ૭ |
| ૬ | ૧ | ૯ | ૭ | ૨ | ૪ | ૮ | ૩ | ૫ |
| ૭ | ૨ | ૫ | ૮ | ૩ | ૧ | ૪ | ૬ | ૯ |

### ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| स्वदेस | શાહરુખ ખાન |
| रंग दे बसंती | આમિર ખાન |
| किस्मत | અશોક કુમાર |
| हम एक हैं | સુનીલ દત્ત |
| काबुलीवाला | બલરાજ સાહની |

**ગુજરાત મોરી મોરી રેઃ** કાનજીભાઈ રાઠોડ

**ઓળખાણ પડી?** મૂળુ માણેક

**માઈન્ડ ગેમ :** ઉપકાર

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :** નયા દૌર

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) ડો. પ્રકાશ કટકિયા (૪) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૫) ભારતી બુચ (૬) ધીરેન્દ્ર મુલરાજ (૭) પ્રતિમા પમાણી (૮) ભામિની સંપટ (૯) ભરત કજરિયા (૧૦) લજિતા ખોના (૧૧) શ્રદ્ધા આશર (૧૨) ખુશરૂ કાપડિયા (૧૩) મહેશ એન. સંઘવી (૧૪) જ્યોતિ ખાંડવાલા (૧૫) મીનળ કાપડિયા (૧૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૭) વિપીન શાહ (૧૮) નૂતન વિપીન શાહ (૧૯) મધુલતા ચંદ્રશેખર માંકડ (૨૦) નિખિલ બંગાળી (૨૧) અમીશી બંગાળી (૨૨) અરવિંદ કામદાર (૨૩) મનીષા શેઠ (૨૪) ફાલ્ગુની શેઠ (૨૫) વિણા સંપટ (૨૬) ભાવના કર્વે (૨૭) કમલ માતલિયા (૨૮) દેવેન્દ્ર સંપટ (૨૯) અંજુ ટોલિયા (૩૦) નંદુભાઈ અ. ગોઠી (૩૧) ડાયના સંતોકે (૩૨) અલકા વાણી (૩૩) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૪) નયના ગિરીશ મિસ્ત્રી (૩૫) રમેશભાઈ દલાલ (૩૬) ઈનાક્ષીબેન દલાલ (૩૭) હિનાબેન દલાલ (૩૮) જ્યોત્સના ગાંધી (૩૯) સુભાષ મોમાયા (૪૦) નીતા દેસાઈ (૪૧) પુષ્પા પટેલ (૪૨) તાહેર ઔરંગાબાદવાલા (૪૩) શીરીન ઔરંગાબાદવાલા (૪૪) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૫) પ્રવીણ વોરા (૪૬) મહેશ દોશી (૪૭) જયવંત પદમશી ચિખલ (૪૮) કુંદન કે. મારુ (૪૯) નિતીન જયંતીલાલ બજરિયા

### આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

ક્વિઝ ૧૯૫ જવાબઃ ૧) દૈયા યે મૈં કહા આ ફસી હાય રે ફસી કૈસી ફસી રોના આવે ના આવે હસી, ૨) મેરે ભોલે બલમ મેરે પ્યારે બલમ, મેરી પ્યારી બિંદુ મેરી ભોલીરી બિંદુ, ૩) સારે ગામા આહા સારે ગા મા,ગીત પેહલે બના થા યા બની થી યે સરગમ, ૪) બડે મિયાં દીવાને ઐસે ના બનો હસીના ક્યાં ચાહે હમસે સુનો, ૫) જોડી હમારી જમેગા કૈસે જાની હમ તો હૈ અંગ્રેજી તુમ લડકી હિન્દુસ્તાની, ૬) સુનો સસુરજી અબ ઝિદ છોડો દુલ્હન તો જાયેગી દુલ્હે રાજા કે સાથ, ૭) ઉત્તર આયી અખાડે મેં તેરે સપનો કી રાની દમ હૈ તો આ કરલે પ્યાર મુજસે દીવાને

ક્વિઝ ૧૯૬ જવાબઃ ૧) હૃતિક રોશન, ફરહાન અખ્તર, અભય દેઓલ, ૨) આમિર ખાન, સૈફ અલી ખાન, અક્ષય ખન્ના, ૩) સુશાંત સિંહ રાજપૂત, રાજ કુમાર રાવ, અમિત સાધ, ૪) કાર્તિક આર્યન, દિવ્યેન્દુ શર્મા, રાયો એસ બખીરતા, ૫) ફારુખ શેખ, રાકેશ બેદી, રવિ બસવાની, ૬) સલમાન ખાન, અનિલ કપૂર, ફરદીન ખાન, ૭) રિતેશ દેશમુખ, આફતાબ શિવદાસાણી, વિવેક ઓબેરોય

# ક્લાસિફાઈડ

## ૪. ધાર્મીક સંબંધી

**રુદ્રાભિષેક**
કાર્યક્રમમાં ભાગ લેવા માટે સંપર્ક કરો શ્રીહરિ ફાઉન્ડેશન - 9082825482. (બી-૧૭૯૯૧)

## ૯. લગ્ન સંબંધી

**વિલેપારલામાં વેલસેટલ્ડ**
**વેલબીઝનેસમેન સાધનસંપન્ન વૈષ્ણવ કુંવારા યુવક 14-02-1980 B.A. વાર્ષિક - 20,00,000/- કમાતાને યોગ્ય કન્યા સુંદર સ્માર્ટ બ્યુટીફુલ મહારાષ્ટ્રીયન કુંવારી કન્યા B.TAK એન્જિનિયર 30-01-1985ને વેલસેટલ્ડ યુવક - 9821522195/ 7021734618/ 9819201737. (દહેજ નહીં). (૧૩૩૩-એ)**

## ૧૦. મહિલાઓ માટે

**રાખડીઓનું ભવ્ય કલેકશન**
મહાવીર (માય શોપી) સાંતાક્રુઝ (વે.)માં રાખડીઓનું ભવ્ય કલેકશન. ચાંદી, સુખડ, રૂદ્રાક્ષ, મોતી, સ્ટોન (A.D.), લુમ્બા ઉપરાંત નાના બાળકોના ફેવરેટ કાર્ટૂનની રાખડીઓમાં વિવિધ વેરાયટીઝ એકદમ વ્યાજબી ભાવે ઉપલબ્ધ. રક્ષાબંધન માટે લાડલી બહેનો માટે પૂજાની થાળીઓનું કલેકશન, તેમ જ ભાઈ તરફથી લાડલી બહેનોને ગીફ્ટ આપવા માટે કસ્ટમાઈઝ ગીફ્ટ હેમ્પર બનાવીને મળશે. તે ઉપરાંત સ્ટે. સ્ટીલ, ક્રોકરી, હોમ એપ્લાયંસીસ, બેડ એન્ડ બાથ, પ્લાસ્ટીક તથા ગીફ્ટ નોવેલ્ટીઝ, કપડાં સૂકવવાના સ્ટેન્ડમાં ઘણી બધી વેરાયટીઝ. લેડર (સીડી), આયર્નીંગ બોર્ડ ઈત્યાદિ. મુંબઈમાં કોઈપણ એરિયામાં ફ્રી હોમ ડિલીવરી મળશે. સારી વસ્તુઓ ગેરંટી / વોરંટી સાથે. રાખડી માટે ગોવિંદભાઈ 9892563046 બીજી વસ્તુઓ માટે મુકેશભાઈ દેસાઈ 9820076401 મહાવીર માય શોપી, માચીસવાલા કંમ્પાઉન્ડ, સ્ટે. રોડ, સાંતાક્રુઝ (વે.), મું. ૫૪. (એસડીબી-૩૪૭૯)

## ૧૪. નોકરી ખાલી છે

■ સુવર્ણ તક પાર્ટ ટાઈમ જોબ/નિવૃત્ત/હોમમેકર પગાર + મેડિકલ.: 7208494371/ 86524 81180. (બી-૧૮૦૦૭)

**પ્યુન**
**ફોર્ટ વિસ્તારમાં એક રેપ્યુટેડ બિલ્ડરની ઓફિસમાં જરૂરત છે. સંપર્ક ૮૮૨૮૮૬૯૯૯૮. (બી-૧૭૯૭૮)**

**BORIVALI**
**Join LIC Agency. SSC Pass. 7000/- Stipend + Commission. (Only Western Line). 9892320858. (1271-A)**

## ૧૭. જગ્યા આપવી છે

**નેપિયનસી - દેરાસર**
૨/૩ BHK ફર્નિશ્ડ - ૧૨૦૦'/૧૫૦૦' - પાર્કિંગ - ભાડું ૨.૭૫ લાખ. તુરંત કબજો. કરણ 9821231619. (૧૩૧૫-એ)

**સોફિયા લેન**
1 BHK 400' - હવા-ઉજાસ - સારી બિલ્ડિંગ - 1 પાર્કિંગ - 3 કરોડ. કરણ 9821231619. (૧૩૧૫-એફ)


મુંબઈ સમાચાર

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com


## ૧૭. જગ્યા આપવી છે

**લોઅર પરેલ - લોટસ એમ્પાયર**
3 BHK: - 1600' - હાયર ફ્લોર - વેલ ફર્નિશ્ડ - 2 પાર્કિંગ - ભાડું 3.50 લાખ - તૈયાર કબજો. કરણ 9821231619. (૧૩૧૫-ડી)

**મલબાર હિલ**
2 BHK: તુરંત કબજોઃ 1080' - પાર્કિંગ - સારા હવા - ઉજાસ ભાડું ₹ 2.50 લાખ. કરણ 9821231619. (૧૩૧૫-સી)

**બ્રીચકેન્ડી - દેરાસર**
2 BHK - 850' - 1 પાર્કિંગ - શાકાહારી સોસાયટી - તુરંત કબજો - ભાડું ₹ 1.75 લાખ. કરણ 9821231619. (૧૩૧૫-ઈ)

**AGRICULTURAL LANDS**
At Dahanu Taluka, In between Highway and Railway Line, Aprox. 100 to 150 Acres Land for Sale on as is where is basis. "Please Contact: "Rajesh" 9320656987. (SDB-3477)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399, જીતેન્દ્રભાઈ - 9320404145. (૧૨૯૨-સી)**

## ૨૦. ધંધાદારી જગ્યા

**VILEPARLE (E)**
Office of 450 sq.ft. on Gr. Floor in O.C. received Building on Rambhau Barve Marg with Attached / Separate Basement of area 1100 sq.ft. along with 2 Parking facility for Sale / Rent. Contact - 9320075559 / 9076311900. (1333-C)

## ૩૨. જમીન-મિલકત

**Land for Sale**
45 Acres of land at Kondi, Solapur Located near Chincholi MIDC, with main road touch excellent frontage, Class-I title, Ideal for development and investment, and highly suitable for industrial projects, warehouses, logistics parks, institutional projects, residential townships/ colonies.
**9699285156**
**(9 am to 8 pm)**
(B-18001)

## ૩૩. ધંધાદારી

**LABEL/ STICKER**
**ફરસાણ, વાસણ, કાપડ તેમજ અલગ હેતુ માટે સ્ટીકર/ લેબલ બનાવી આપીશું. યાદવ: 9326141649, શિવાની: 8104047320. (૧૩૨૮-સી)**

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**
52 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૨૧-એ)

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

*** શ્રી ચામુંડા જ્યોતિષ ***
**લગ્નમાં રુકાવટ જૂની બીમારી, સંતાન ચિંતા, લવ મેરેજ, પતિદુઃખ, છુટાછેડા, શત્રુથી પરેશાન ફેમિલી પ્રોબ્લેમ - 9157999811. કાંદિવલી (વેસ્ટ). ( બી-૧૭૯૯૭)**

## ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ. પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675 / 9326448699. (કાંદિવલી). (૧૩૦૦-જી)

## ૫૨. કુરીઅર્સ

**ફોરેન**
પાર્સલ માટે એક માત્ર જુનું વિશ્વસનીય નામ રમેશભાઈ-9702251440 / 9224320626. (બી-૧૬૮૩૫)

# બેન્ચમાર્કે સળંગ સાત સત્રની પછડાટને બ્રેક મારીઃ સેન્સેક્સ ૬૨૮ પોઈન્ટ ઊછળ્યો

મુંબઈઃ અમેરિકન બોન્ડ યિલ્ડમાં ઘટાડો થવા સાથે સતત સાત દિવસની પીછેહઠ બાદ વેલ્યુ બાઇંગનો ટેકો મળતાં ગુરુવારે બેન્ચમાર્ક સેન્સેક્સ ૬૨૮ પોઈન્ટ આઘલ વધ્યો હતો અને નિફ્ટી ૨૪,૨૩૧.૮૫ ઉપર પહોંચ્યો હતો. વિદેશી ભંડોળના આંતરપ્રવાહે પણ બજારોના સેન્ટિમેન્ટમાં સુધારો કર્યો હતો. સેન્સેક્સ ચાર દિવસના ઘટાડા પછી ૬૨૮.૦૪ પોઈન્ટ અથવા ૦.૮૨ ટકા ઉછળીને ૭૭,૫૩૭.૭૨ પર સ્થિર થયો. દિવસ દરમિયાન, તે ૭૦૧.૪૩ પોઈન્ટ અથવા ૦.૯૧ ટકા ઉછળીને ૭૭,૬૧૧.૧૧ સુધી પહોચ્યો હતો. જ્યારે એનએસઈનો નિફ્ટી પણ સાત દિવસના ઘટાડા પછી પાછો ઉછળ્યો અને ૧૫૩.૫૫ પોઈન્ટ અથવા ૦.૬૪ ટકા વધીને ૨૪,૨૩૧.૮૫ પર બંધ થયો હતો.

માર્કેટ એનાલિસ્ટે જણાવ્યું હતું કે યુએસ ટ્રેઝરી દ્વારા વૈશ્વિક બોન્ડ યીલ્ડમાં વધારાને રોકવા માટે દખલ કર્યા પછી બજારોને ખૂબ જ જરૂરી રાહત મળી, જેના કારણે વ્યાપક સ્તરે મજબૂત સુધારો થયો અને સ્થાનિક બજારના અઠવાડિયાના ઘટાડાનો દોર સમાપ્ત થયો. આ હસ્તક્ષેપથી ડોલરમાં ઘટાડો થયો છે, જેના કારણે રૂપિયામાં મજબૂતી અને યીલ્ડ દબાણમાં ઘટાડો થવાથી ઇમર્જિંગ માર્કેટ પ્રત્યે આકર્ષણ વધ્યું છે. આ રિકવરી તમામ ક્ષેત્રોમાં વ્યાપક રહી, જે મુખ્યત્વે આઇટી અને નાણાકીય શેરોમાં મજબૂતાઈને કારણે હતી. જોકે, ઇરાન અને અમેરિકા વચ્ચેની મડાગાંઠ હજુ ઉકેલાઇ ના હોવાને કારણે બજારના અંડર ટોનમાં સાવચેતી વર્તાઇ રહી છે.

સેન્સેક્સ કંપનીઓમાં, ઇટર્નલ, કોટક મહિન્દ્રા બેંક, આઇટીસી, બજાજ ફાઇનાન્સ, એક્સિસ બેંક અને અલ્ટ્રાટેક સિમેન્ટ સૌથી વધુ વધનારા શેરોમાં સામેલ હતા. જ્યારે ટાટા સ્ટીલ, ઇન્ટરગ્લોબ એવિએશન, એચસીએલ ટેક અને ટાઇટન બેન્ચમાર્કના ટોચના ઘટનારા શેરોમાં સામેલ હતા. એક્સચેન્જ ડેટા અનુસાર, બુધવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઈ)એ રૂ. ૪૦૭.૯૯ કરોડના ઇક્વિટી ખરીદ્યા હતા.

પ્રાઇમરી માર્કેટમાં તાજેતરમા તેજીનો માહોલ છે. હાય ટેક એન્જીનિયર્સ લિમિટેડનો રૂ. ૧૩૫.૭૩ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ ૨૪ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૨૭ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ બંધ થશે. શેરની ફાળવણી ૨૮ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ થશે અને એનએસઇ તથા બીએસઇ પર લિસ્ટિંગ પહેલી સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ થશે. પ્રાઇસ બેન્ડ પ્રતિ શેર રૂ.૫૦થી રૂ. ૫૩ છે. અરજી માટે લોટ સાઇઝ ૨૮૩ શેર છે.

ભારત અને પૂર્વ આફ્રિકામાં કાર્યરત યુનિહેલ્થ હોસ્પિટલલ્સ લિમિટેડે એક્સચેન્જને જાણ કરી છે કે નાસિક સ્થિત યુએમસી હોસ્પિટલ્સ તેની ૨૦૦ બેડની ક્ષમતા ધરાવતી ટર્શિઅરી કેર મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ પહેલી સપ્ટેમ્બર, ૨૦૨૬થી દર્દી સેવાઓ શરૂ કરશે. યુએમસી પેથોલોજી અને રેડિઓલોજી નિદાન, બ્લડ સ્ટોરેજ સેન્ટર, રિહેબિલિટેશન સેન્ટર, ડે કેર ડાયલિસિસ સહિતના સેવા પૂરી પાડશે.

સિમ્બાયોટેક ફાર્માલેબનો રૂ. ૧,૭૫૭ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ ૨૪ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૨૭ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ બંધ થશે. શિપરોકેટના શેર ગુરુવારે તેના રૂ. ૯૭ના ઇશ્યૂ ભાવ સામે ૩૩.૦૫૦ ટકાના પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયા બાદ ૪૮ ટકા સુધી ઊચળ્યા હતા. મધુર નીટ ક્રાફ્ટ્સ લિમિટેડનો આઇપીઓ સોમવાર, ૨૪ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ખુલશે. ઇન્ડિયન મશીન ટૂલ મેન્યુફેક્ચરર્સ એસોસિએશને પુણે ઇન્ટરનેશનલ એક્ઝિબિશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે સાતથી દસ સપ્ટેમ્બર દરમિયાન પુણે મશીન ટૂલ એક્સ્પો ૨૦૨૬નું આયોજન કર્યું છે, જે ફેક્ટરી ઇક્વિપમેન્ટ એક્સ્પો ૨૦૨૬ સાથે યોજાશે અને તેમાં ૧૭૫થી વધુ પ્રદર્શકો સહભાગી થશે. બુધવારે, સેન્સેક્સ ૩૨૫.૭૮ પોઈન્ટ અથવા ૦.૪૨ ટકા ઘટીને ૭૬,૯૦૯.૬૮ પર બંધ થયો હતો, જે તેના ઘટાડાના ચોથા દિવસની નોંધણી હતી. સાતમા દિવસે પણ તેના નુકસાનને લંબાવતા, નિફ્ટી ૭૬.૬૦ પોઈન્ટ અથવા ૦.૩૨ ટકા ઘટીને ૨૪,૦૭૮.૩૦ પર બંધ થયો હતો.

# પબ્લિક નોટીસ


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

## મુંબઈ પોર્ટ ઓથોરિટી

### ટેન્ડર મંગાવતી નોટિસ

ટેન્ડર નં. EM-૦૬/૨૦૨૬ ''મુંબઈ પોર્ટ ઓથોરિટી (MbPA) પ્લોટ્સના SoR ૨૦૨૭-૨૦૩૨ના રીવીઝન માટે ફેરમાર્કેટ વેલ્યુના રેડી રેકનર ઝોન મુજબ મૂલ્યાંકન & ડીટરનીનેશન હાથ ધરવા માટે વેલ્યુઅરની નિમણૂક'' માટે દરખાસ્ત માટેની વિનંતી (RFP) મંગાવાય છે. ટેન્ડરોની વિગતો MbPAની વેબસાઈટ https://www.mumbaiport.gov.in અને https://www.eprocure.gov.in/eprocure/app પર ઉપલબ્ધ છે.

**એસ્ટેટ મેનેજર**
**મુંબઈ પોર્ટ ઓથોરિટી**

BRIHANMUMBAI MAHANAGARPALIKA

**વૃક્ષ પ્રાધિકરણ**
**- પબ્લિક નોટીસ -**

મહારાષ્ટ્ર (અર્બન એરિયાસ) પ્રોટેક્શન એન્ડ પ્રીઝર્વેશન ઓફ ટ્રીઝ એક્ટ ૧૯૭૫ (૨૪મી જૂન ૨૦૨૧ સુધી સુધારિત)ની કલમ ૮ (૩) (C) હેઠળની જોગવાઈને અનુરૂપ 'R/સાઉથ' વોર્ડમાંથી ૦૨ પ્રસ્તાવ અને 'R/નોર્થ' વોર્ડમાંથી ૦૧ પ્રસ્તાવ એટલે કે કુલ-૦૩ પ્રસ્તાવો વૃક્ષોને હટાવવા માટે મ્યુનિસિપલ કમિશનર, ચેરમેન, ટ્રી ઓથોરિટી દ્વારા મંજુરી મેળવવા માટે પ્રાપ્ત થયેલ, તે સદર ધારાની કલમ (૮)ની પેટા કલમ (૬) હેઠળ એપ્રુવ થયેલ છે.

ઉપર દર્શાવેલ પ્રસ્તાવોમાં કટીંગ/ટ્રાન્સપ્લાન્ટિંગ માટે વૃક્ષોની માહિતી MCGM વેબસાઈટ - **www.mcgm.gov.in.** - About us - ward/ Department - Department manuals - Gardens & Tree Authority. WS361-R/North, WS362-R/South, WS363-R/South ઉપર ઉપલબ્ધ છે.

**સુપ્રિ. ઓફ ગાર્ડન્સ & ટ્રી ઓફિસર**

સુપ્રિ. ઓફ ગાર્ડન્સ & ટ્રી ઓફિસર ઓફ ટ્રી ઓથોરિટી
હમ્બોલ્ટ પેન્ગવીન બિલ્ડીંગ, ૨જો માળ,
વીરમાતા જીજાબાઈ ભોસલે બોટેનિકલ ઉદ્યાન,
ડૉ. આંબેડકર રોડ, ભાયખલા (પૂ),
મુંબઈ- ૪૦૦૦૨૭.
ટેલિ. નં. - ૨૩૭૪૨૧૬૨
ઈ-મેલ- sg.gardens@mcgm.gov.in

સહી/-
**PRO/1161/ADV./2026-27** સુપ્રી. ઓફ ગાર્ડન્સ & ટ્રી ઓફિસર

**પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.**

BRIHANMUMBAI MAHANAGARPALIKA

આસિસ્ટન્ટ કમિશનરની ઓફિસ, F/સાઉથ વોર્ડ, ડૉ. B.A. રોડ, પરેલ, મુંબઈ-૪૦૦૦૧૨.
PCO/૩૫૯/FS/SR, તા. ૨૦.૦૮.૨૦૨૬

**નોટિસ**

૦૫ મહિના એટલે કે **૧૨૧ દિવસ** માટે F/સાઉથ વોર્ડમાં એન્ટિલાર્વલ સારવાર, ફોગિંગ, માખી કંટ્રોલ અને ઉંદર કંટ્રોલ જેવી વિવિધ પ્રવૃત્તિઓ માટે સ્વયંસેવકોની જોગવાઈ માટે નોંધાયેલા સહકારી/ બેરોજગાર સેવા સહકારી સંસ્થાઓ પાસેથી અરજીઓ મંગાવાય છે.

રસ ધરાવતી સંસ્થાઓ BMC પોર્ટલ **http://portal.mcgm.gov.in** પરથી અરજીઓ ડાઉનલોડ કરવી જોઈએ અથવા પેસ્ટ કંટ્રોલ ઓફિસરની ઓફિસ ખાતે સંપર્ક કરો (ઓફિસ સરનામું પેસ્ટ કંટ્રોલ ઓફિસર, F સાઉથની ઓફિસ (F/સાઉથ વોર્ડ, રૂમ નં. ૦૬, એક્ષ્ટે. બિલ્ડિંગ, બીજા માળે, MCGM, ડૉ. B.A.રોડ, પરેલ, મુંબઈ-૪૦૦૦૧૨, ટેલિ. નં. ૦૨૨-૨૪૧૩૪૫૬૦-૪૦૦/૪૦૧.)

પેસ્ટ કંટ્રોલ ઓફિસરની ઓફિસમાં અરજીઓ સુપ્રતી માટે છેલ્લી તારીખ કામકાજના દિવસે ૦૧.૦૯.૨૦૨૬ના બ. ૦૨.૦૦ ક. પહેલાની રહેશે.

**સહી/-**
**આસિસ્ટન્ટ કમિશનર**
**PRO/1155/ADV./2026-27** **F/સાઉથ વોર્ડ**

**પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.**


# મહાવિતરણ દ્વારા પનવેલ શહેર વિભાગમાં ગ્રાહક સંતોષ શિબિરોનું આયોજન

મુંબઈઃ મહાવિતરણ દ્વારા વીજ ગ્રાહકોને વિવિધ યોજનાઓ અને સુવિધાઓ વિશે માહિતી પૂરી પાડવા અને સ્થાનિક સ્તરે તેમની સમસ્યાઓ અને ફરિયાદોનું તાત્કાલિક નિરાકરણ લાવવા માટે, વિવિધ પેટા વિભાગીય કચેરીઓના કાર્યક્ષેત્રમાં ગ્રાહક સંતોષ શિબિરોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ભાંડુપ સર્કલના મુખ્ય ઇજનેર શ્રી સંજય પાટીલના નિર્દેશો અનુસાર, ભાંડુપ સર્કલની વિવિધ પેટા વિભાગીય કચેરીઓમાં ગ્રાહક સંતોષ શિબિરોનું આયોજન કરવામાં આવ્યું હતું.




વાશી સર્કલના અધિક્ષક ઇજનેર શ્રી દીપક પાટીલના માર્ગદર્શન હેઠળ, ૧૭ થી ૧૯ ઓગસ્ટ ૨૦૨૬ દરમિયાન પનવેલ શહેર વિભાગમાં કુલ ૧૬ ગ્રાહક સંતોષ શિબિરોનું આયોજન કરવામાં આવ્યું હતું. આમાંથી, ખારઘર સબડિવિઝનમાં ૨, પનવેલ સબડિવિઝનમાં ૩, તલોજા સબડિવિઝનમાં ૮ અને ઉરણ સબડિવિઝનમાં ૩નું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરોમાં કુલ ૭૪૩ વીજ ગ્રાહકોએ ભાગ લીધો હતો અને ગ્રાહકો દ્વારા ઉઠાવવામાં આવેલી તમામ ૭૪૩ ફરિયાદોનું તાત્કાલિક નિરાકરણ કરવામાં આવ્યું હતું. આમાં, ખારઘર સબડિવિઝનમાં કેમ્પમાં ૧૫૬ ગ્રાહકોએ ભાગ લીધો હતો અને તેમની ૧૫૬ ફરિયાદોનું નિરાકરણ કરવામાં આવ્યું હતું. પનવેલ સબડિવિઝનમાં, ૧૫૮ ગ્રાહકોએ ભાગ લીધો હતો અને તેમની ૧૫૮ ફરિયાદોનું નિરાકરણ કરવામાં આવ્યું હતું. તલોજા સબડિવિઝનમાં, ૩૬૦ ગ્રાહકોએ ભાગ લીધો હતો અને તેમની ૩૬૦ ફરિયાદોનું નિરાકરણ કરવામાં આવ્યું હતું. ■

# સ્થાનિક સોનામાં ₹ ૩૨૧૨નો અને ચાંદીમાં ₹ ૮૫૪૧નો ચમકારો

મુંબઈઃ અમેરિકી ટ્રેઝરીએ ગઈકાલે પ્રવાહિતાને ટેકો આપવા તેનાં લાંબા સમયગાળાના ટ્રેઝરી બૉન્ડની બાયબૅકમાં ખરીદીનો કાર્યક્રમ બમણો કરવામાં આવ્યો હોવાની જાહેરાત કરતાં અમેરિકી લાબાંગાળાના બૉન્ડની યિલ્ડમાં ઘટાડો આવ્યો હતો અને ડૉલર ઈન્ડેક્સ મે મહિના પછીની નીચી સપાટીએ પહોંચ્યો હોવાથી ન્યૂ યોર્ક ખાતે ગઈકાલે સોનાના ભાવમાં ચાર ટકા જેટલો ઉછાળો આવ્યો હતો. જોકે, આજે લંડન ખાતે સત્રના આરંભે નફારૂપી વેચવાલીનું દબાણ, ક્રૂડતેલના ભાવમાં તેજી આગળ ધપી હોવાથી અને ફેડરલ દ્વારા તંગ નાણાનીતિના સંકેતો મળતાં હાજરમાં સોનાના ભાવમાં ૦.૯ ટકાનો અને ચાંદીના ભાવમાં ૦.૪ ટકાનો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે સ્થાનિક ઝવેરી બજારમાં ઓવરનાઈટ પ્રોત્સાહક અહેવાલોને ધ્યાનમાં લેતા સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૧૯૯થી ૩૨૧૨નો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૮૫૪૧નો ચમકારો આવ્યો હતો. આજે સ્થાનિકમાં ઓવરનાઈટ પ્રોત્સાહક અહેવાલે ૯૯૯ ટચ ચાંદીના વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૮૫૪૧ના ઉછાળા સાથે રૂ. ૨,૩૭,૭૬૬ના મથાળે રહ્યા હતા. જોકે, અનપેક્ષિતપણે તેજી જોવા મળી હોવાથી આજે ચાંદીમાં ઔદ્યોગિક વપરાશકારોની ખપપૂરતી માગને બાદ કરતાં જ્વેલરી ઉત્પાદકો અને સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ રહ્યો હતો. તે જ પ્રમાણે વિશ્વ બજાર પાછળ હાજરમાં વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૩૧૯૯ વધીને રૂ. ૧,૫૬,૪૫૧ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૩૨૧૨ વધીને રૂ. ૧,૫૭,૦૮૦ના મથાળે રહ્યા હતા. તેમ જ સોનામાં પણ છૂટીછવાઈ રોકાણલક્ષી માગને બાદ કરતાં જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ શુષ્ક રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# આર્શ ડેવલપર્સનો અનેરો WEST10 પ્રકલ્પ



મુંબઈઃ રોડવેઝ, પશ્ચિમ રેલવે તેમજ હાર્બર રેલવે અને મેટ્રો લાઇન 1, 2A, 2B તથા એક્વા લાઇન 3ના વ્યાપક જોડાણ માળખાને કારણે અંધેરી, મુંબઈનું એક અગ્રણી ઉપનગર બની ગયું છે. મલ્ટિ-ક્યુઝીન રેસ્ટોરન્ટ્સ, મોલ્સ, થિયેટર્સ અને શોપિંગ પ્લાઝા ધરાવતું અંધેરી આજે એક અત્યંત વાઇબ્રન્ટ વિસ્તાર છે. અંધેરી સદાયે શૈક્ષણિક સંસ્થાઓ તેમજ કોચિંગ અને પ્રશિક્ષણ કેન્દ્રોનું મુખ્ય કેન્દ્ર રહ્યું છે. અહીં આંતરરાષ્ટ્રીય એરપોર્ટ આવેલું છે અને તે ડોમેસ્ટિક એરપોર્ટની પણ ખૂબ જ નજીક છે. મુંબઈમાં અને એ પણ અંધેરી જેવા વિસ્તારમાં રહેવું એ સમૃદ્ધ પરિવાર માટે એક સપનાં જેવું છે, જ્યાં જીવનની દરેક જરૂરિયાત માત્ર થોડી જ મિનિટોના અંતરે મળી રહે છે.

આર્શ ડેવલપર્સ અંધેરીના હૃદયસમા વિસ્તારમાં પોતાનો નવો રેસિડેન્શિયલ પ્રકલ્પ કોડનેમ WEST10 લઈને આવી રહ્યા છે, જે મુંબઈના પ્રાઇમ લોકેશનમાં પોતાનું ઘર શોધતા લોકો માટે સ્વપ્ન સાકાર થવા જેવું છે. નામ પ્રમાણે જ, WEST10 પ્રકલ્પ આગામી વર્સોવા-બાંદ્રા સી લિંક કનેક્ટર અને ગોખલે બ્રિજ (જે સીધો WEH સાથે જોડે છે) પર જ આવેલો છે. અહીંથી તમારી તમામ મુખ્ય જીવનશૈલીની જરૂરિયાતો પછી તે ધાર્મિક સ્થળો હોય, શિક્ષણ, મનોરંજન, રિક્રિએશન હોય કે રેલ, રોડ કે મેટ્રો દ્વારા મુસાફરી બધું જ માત્ર ૧૦ મિનિટના અંતરે ઉપલબ્ધ છે.

આ બિલ્ડિંગનું ભવ્ય એલિવેશન અને 2000 સ્ક્વેર ફીટની ગ્રાન્ડ ડબલ-હાઇટ એન્ટ્રન્સ લોબી આખા વિસ્તારમાં આકર્ષણનું કેન્દ્ર બને છે. ડિલિવરી બોયઝ માટે અલગ સર્વિસ લિફ્ટની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને દરેક વિંગમાં ૩ લિફ્ટ મૂકવામાં આવી છે, જે રહેવાસીઓની સુવિધા માટેના ખૂબ જ વિચારપૂર્વકના આયોજનનું ઉત્તમ ઉદાહરણ છે. બિલ્ડિંગનું રૂફટોપ એમિનિટીઝ વિસ્તાર તમામ વયજૂથના લોકો માટે સાચા અર્થમાં 'કમ્યુનિટી લિવિંગ'નો અનુભવ આપે છે, તો બીજી તરફ EV ચાર્જિંગ પોઇન્ટ્સ સાથેનું બેઝમેન્ટ કાર પાર્કિંગ દૈનિક જીવનને અત્યંત સરળ બનાવે છે. ■


**પબ્લિક નોટિસ**

**આથી** જાહેર જનતાને **નોટિસ** આપવામાં આવે છે કે, નીચે **પરિશિષ્ટ**માં વર્ણવેલ મિલકત **(મિલકત)** બાબતે (૧) ફેયાન જમશેદ દેસાઈ, (૨) નિતાશ દેસાઈ લુથરા, (૩) રુસ્તમ જમશેદ દેસાઈ, (૪) સોરાબ ફ્રામરોઝ મહેતા અને (૫) પીરોજા ફ્રામરોઝ મહેતાના માલિકી હક્ક (ટાઈટલ)ની અમે તપાસ કરી રહ્યા છીએ.

**કોઈપણ વ્યક્તિ કે વ્યક્તિઓ,** જેઓ સદરહુ મિલકતમાં અને/અથવા તેના કોઈપણ ભાગ કે હિસ્સામાં સંપાદન, નિમણૂક, અસાઇનમેન્ટ, જપ્તિ, સત્તાધિકાર, એવોર્ડ/ચુકાદો, હિતકારી હક/આજીવન કે અન્ય હિત, વસિયત, બોજો, કન્વેયન્સ, હુકમનામું, નિકાલ, ડિસ્પોઝિશન, ઈઝમેન્ટ, એનકમ્બ્રન્સ, અદલાબદલી, પારિવારિક કે અન્ય કોઈ વ્યવસ્થા/સમાધાન/નિકાલ, બક્ષિસ, ગ્રાન્ટ, ગેરંટી, હાઈપોથીકેશન, વારસાઈ, મનાઈહુકમ, સંયુક્ત સાહસ, ભાડાપટ્ટો/પેટા-ભાડાપટ્ટો, લાયસન્સ, લિયન, લિસ પેન્ડેન્સ, લોન, ભરણપોષણ, ગીરો (ઇક્વિટેબલ કે અન્ય કોઈપણ સ્વરૂપે), નકારાત્મક કે અન્ય શરતો/કરાર, કબજો, કોઈપણ અદાલત, ટ્રિબ્યુનલ, મહેસૂલી કે કાનૂની સત્તામંડળ અથવા લવાદ દ્વારા પસાર કરાયેલ આદેશ, વહેંચણી, ભાગીદારી, ગીરો/પ્લેજ, પ્રત્યક્ષ કે પરોક્ષ કબજો, પાવર ઓફ એટર્ની, પ્રી-એમ્પ્શન, પ્રિસ્ક્રિપ્શન, મનાઈ, અધિગ્રહણ, વેચાણ, સુરક્ષા હિત, હિસ્સો, ભાડૂઆત હક/પેટા-ભાડૂઆત હક, વસિયતી દસ્તાવેજ, તબદિલી કે ટ્રસ્ટ દ્વારા, અથવા કોઈપણ સમજૂતી, કરાર, સહયોગ, દસ્તાવેજ કે લખાણ હેઠળ, ગમે તે કારણસર કે કોઈપણ રીતે કોઈપણ પ્રકારનો હક, ટાઈટલ, હિત, હિસ્સો, લાભ, દાવો, માગણી કે વિવાદ ધરાવતા હોય, તો તેઓએ આ નોટિસ પ્રસિદ્ધ થયેથી **૧૪ (ચૌદ) દિવસ**ની અંદર પોતાના વાંધા/દાવા અંગેના સમર્થનકારી દસ્તાવેજી પુરાવા સાથે લેખિતમાં objections@rjdpartners.in પર ઈમેલ મારફતે તથા નીચે જણાવેલ સરનામે જાણ કરવી. જો ઉપરોક્ત મુદત દરમિયાન કોઈ વાંધો કે દાવો રજૂ કરવામાં નહીં આવે, તો આવા વ્યક્તિ કે વ્યક્તિઓનો દાવો કાયમ માટે જતો કરેલ અને/અથવા છોડી દીધેલ ગણાશે અને તે કોઈપણ રીતે બંધનકર્તા રહેશે નહીં.

**પરિશિષ્ટ (મિલકતનું વર્ણન)**

મુંબઈ શહેરના નોંધણી જિલ્લા અને પેટા-જિલ્લા અંતર્ગત આવેલા મલાબાર અને કમ્બાલા હિલ વિભાગમાં સ્થિત, કેડેસ્ટ્રલ સર્વે નંબર ૨/૨૪૫ ધરાવતી ૭૪૯.૪૮ ચોરસ મીટર ક્ષેત્રફળવાળી જમીનનો તમામ ભાગ અને હિસ્સો, તથા તેની ઉપર બાંધવામાં આવેલ ગ્રાઉન્ડ ઉપરાંત ૩ (ત્રણ) માળ ધરાવતો 'દિલખુશ' તરીકે ઓળખાતો રહેણાક બંગલો, જેની બાંધણી નીચે મુજબ છેઃ

ઉત્તરમાં અથવા તે તરફઃ કેડેસ્ટ્રલ સર્વે નંબર ૩/૨૪૫ અને ૧/૨૪૫;
પૂર્વમાં અથવા તે તરફઃ કેડેસ્ટ્રલ સર્વે નંબર ૧/૨૪૫ અને બાલગંગાધર ખેર માર્ગ;
દક્ષિણમાં અથવા તે તરફ : કેડેસ્ટ્રલ સર્વે નંબર ૧૬૦ અને બાલગંગાધર ખેર માર્ગ; અને
પશ્ચિમમાં અથવા તે તરફ : કેડેસ્ટ્રલ સર્વે નંબર ૧૬૦ અને ૧/૨૪૫.

**તારીખઃ ૨૧ ઓગસ્ટ, ૨૦૨૬**

**For RJD & Partners**
Advocates and Solicitors
Sd/-
**Vineet Nalawalla**
Partner
objections@rjdpartners.inac
Oval House, 4th Floor. British Hotel Lane, Kala Ghoda
Fort, Mumbai 400 001



**પશ્ચિમ રેલવે ટ્રેન નં. ૦૪૭૧૨/૦૪૭૧૧ બાંદ્રા ટર્મિનસ ⇌ બિકાનેર સાપ્તાહિક સ્પેશિઅલ નિયમન કરે છે**

| રેગ્યુલર ટ્રેન નં. | પ્રારંભ સ્ટેશન અને ગંતવ્ય સ્થાન | નીચેની તારીખ સુધી વિસ્તૃત | પ્રસ્થાન | આગમન |
|---|---|---|---|---|
| ૧૪૭૧૨ | બાન્દ્રા ટર્મિનસ - બિકાનેર (સાપ્તાહિક) | ૨૭-૮-૨૦૨૬ | ૧૯.૨૫ ક. (ગુરુવાર) | ૨૩.૫૫ ક. (બીજા દિવસે) |
| ૧૪૭૧૧ | બિકાનેર - બાન્દ્રા ટર્મિનસ (સાપ્તાહિક) | ૨૬-૮-૨૦૨૬ | ૧૩.૩૦ ક. (બુધવાર) | ૧૫.૫૦ ક. (બીજા દિવસે) |

**થોભશેઃ** બોરિવલી, વાપી, વલસાડ, સૂરત, ભરૂચ, વડોદરા, ગોધરા, રતલામ, નાગદા, શામગઢ, રામગંજ, મંડી, કોટા, સવાઈ મધોપુર, દુર્ગાપુરા, જયપુર, રિંગસ, સિકાર, લક્ષ્મણ ગઢ સિકાર, ફતેહપુર શેખાવતી, ચુરુ, રતનગઢ, રાજલદેસર, અને શ્રી ડુંગરગઢ સ્ટેશનો બંને દિશાઓમાં.

**સંરચનાઃ** AC ૨-ટિયર, AC ૩-ટિયર, સ્લીપર કલાસ અને જનરલ સેકન્ડ કલાસ કોચેસ.

**સ્ટોપેજ, સમય અને સંરચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.inની મુલાકાત લઈ શકે છે.**

**પશ્ચિમ રેલવે**
wr.indianrailways.gov.in
અમને લાઈક કરો અને અમને ફોલો કરોઃ
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

**કૃપયા તમામ આરક્ષિત ટિકિટો માટે અસલ ID પ્રૂફ સાથે રાખશોજી**


# ડૉલર સામે રૂપિયામાં એક પૈસાનો સાધારણ ઘટાડો

મુંબઈઃ આજે વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહ્યું હતું અને સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં પણ સુધારાતરફી વલણ અને ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં લેવાલી રહી હોવાનાં પ્રોત્સાહક અહેવાલ છતાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ બે ટકા કરતાં વધુ ઉછળીને બેરલદીઠ ૯૦ ડૉલરની ઉપર ક્વૉટ થઈ આવ્યા હોવાથી આયાત બિલ વધી આવવાની ચિંતા હેઠળ સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં એક તબક્કે જોવા મળેલો ૧૪ પૈસાનો સુધારો ધોવાઈ ગયો હતો અને સત્રના અંતે રૂપિયો સાધારણ એક પૈસાના ઘટાડા સાથે ૯૫.૭૪ની સપાટીએ બંધ રહ્યો હતો. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૫.૭૩ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૯૫.૫૭ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૫.૭૨ અને ઉપરમાં ૯૫.૫૬ સુધી મજબૂત થયા બાદ અંતે ગઈકાલના બંધ સામે એક પૈસાના ઘટાડા સાથે ૯૫.૭૪ના મથાળે બંધ રહ્યો હતો. ગઈકાલે રૂપિયામાં સાધારણ એક પૈસાનો સુધારો આવ્યો હતો. આજે ખાસ કરીને ડૉલર ઈન્ડેક્સની નરમાઈ અને ઈક્વિટી માર્કેટના સુધારાને ટેકે રૂપિયામાં સુધારો જોવા મળ્યો હતો, પરંતુ ક્રૂડતેલના ભાવ વધી આવતા રૂપિયામાં આરંભિક તબક્કે જોવા મળેલો સુધારો ધોવાઈ ગયો હોવાનું મિરે એસેટ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે અમેરિકા-ઈરાન વચ્ચેનાં ભૂરાજકીય તણાવને ધ્યાનમાં લેતા આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં નરમાઈનું વલણ જોવા મળતા ૯૫.૫૦થી ૯૬ની રેન્જમાં રહે તેવી શક્યતા નકારી ન શકાય.

### ગણેશોત્સવ માટે હાઈ કોર્ટની મોટી રાહત

# છ ફૂટથી ઊંચી પીઓપી મૂર્તિના નૈસર્ગિક જળાશયમાં વિસર્જન માટે હાલ પરવાનગી

મુંબઈઃ ગણેશ ચતુર્થીનો તહેવાર નજીક આવી રહ્યો છે ત્યારે બોમ્બે હાઈકોર્ટે પ્લાસ્ટર ઓફ પેરિસ (પીઓપી)થી બનેલી ગણેશ મૂર્તિઓના મુદ્દા પર પોતાનો ચુકાદો અનામત રાખતા આવી મૂર્તિઓનું કુદરતી જળાશયોમાં વિસર્જન કરી શકાય કે નહીં તે અંગેની મૂંઝવણ દૂર થઈ ગઈ છે. હાઈકોર્ટે ગુરુવારે સ્પષ્ટતા કરી હતી કે ૨૪ જુલાઈ, ૨૦૨૫ના દિવસે આપેલો સમુદ્ર અને કુદરતી જળાશયોમાં છ ફૂટથી ઉપરની મૂર્તિઓનું વિસર્જન કરવાની મંજૂરી આપતો આદેશ અંતિમ ચુકાદો ન આવે ત્યાં સુધી અમલમાં રહેશે.

'પીઓપી' મુદ્દાની સુનાવણી બાદ ચુકાદો અનામત રાખતા ન્યાયમૂર્તિ અજય ગડકરી અને ન્યાયમૂર્તિ કમલ ખાતાની ખંડપીઠે ૧૪ ઓગસ્ટે આપેલા એક વચગાળાના આદેશમાં કહ્યું હતું કે ૯ જૂન, ૨૦૨૫નો વચગાળાનો આદેશ અંતિમ ચુકાદા સુધી અમલમાં રહેશે. ૯ જૂન, ૨૦૨૫ના આદેશ મુજબ, હાઇકોર્ટે પીઓપી મૂર્તિઓના ઉત્પાદન અને વેચાણને મંજૂરી આપી હતી. જોકે, તેણે કહ્યું હતું કે અદાલતની પરવાનગી વિના આવી મૂર્તિઓનું કુદરતી જળાશયોમાં વિસર્જન નહીં કરી શકાય. મુંબઈ હાઇકોર્ટે ૧૪ ઓગસ્ટે જણાવ્યું હતું કે 'તે વચગાળાનો આદેશ ચુકાદા સુધી અમલમાં રહેશે'. પરિણામે ૧૪ સપ્ટેમ્બરથી શરૂ થતા ગણેશોત્સવ પહેલાં કોર્ટનો અંતિમ ચુકાદો ન આવે ત્યાં સુધી કોઈપણ પીઓપી મૂર્તિનું કુદરતી જળાશયોમાં વિસર્જન ન કરી શકાય એવી પરિસ્થિતિ નિર્માણ થઈ હતી. જોકે, ૧૪ ઓગસ્ટના તાજેતરના

(જુઓ પાનું ૪) ▶▶

# ફૂટબોલ ગ્રાઉન્ડ વિવાદઃ બીએમસી સામે હાઇ કોર્ટની લાલ આંખ

મુંબઈઃ બાંદ્રા ફૂટબોલ ગ્રાઉન્ડના રિઝર્વેશનને એક્ઝિબિશન સેન્ટરમાં બદલવાના પ્રસ્તાવને મંજૂરી આપવા બદલ હાઈ કોર્ટે ગુરુવારે બૃહદ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી) પર પસ્તાળ પાડી છે. આ પગલાંને પડકારતી અરજીની સુનાવણી ન થાય ત્યાં સુધી પાલિકાના વચન છતાં આ પગલું લેવામાં આવ્યું એ બદલ હાઈ કોર્ટ દ્વારા તીવ્ર નારાજગી વ્યક્ત કરવામાં આવી છે.

કાર્યકારી મુખ્ય ન્યાયમૂર્તિ રવિન્દ્ર ઘૂઘે અને ન્યાયમૂર્તિ ગૌતમ અંખડની ખંડપીઠે કહ્યું હતું કે અધિકારીઓ અદાલતને મૌખિક આશ્વાસન આપે છે ત્યારે કાયદો કસોટીની એરણે ચડે છે. જોકે, સાવ વિપરીત નિર્ણય લેવામાં આવે છે. અદાલતે બીએમસીને આદેશ આપ્યો છે કે બાંદ્રા રિક્લેમેશન ખાતેના નેવિલ ડિસોઝા ફૂટબોલ ગ્રાઉન્ડના રિઝર્વેશનને રમતના મેદાનને એક્ઝિબિશન સેન્ટરમાં બદલવાના લેવામાં આવેલા નિર્ણય પર કોઈ આગળના પગલાં લેવા નહીં. મુંબઈ ફૂટબોલ એસોસિએશને અનામતમાં ફેરફાર કરવાના બીએમસીના પ્રસ્તાવને પડકારતી હાઈ કોર્ટમાં અરજી દાખલ કરી હતી.

૧૦ ઓગસ્ટે અરજીની સુનાવણી દરમિયાન બીએમસીએ સોગંદનામું દાખલ કરવા માટે સમય માંગ્યો હતો અને અદાલતને મૌખિક ખાતરી આપી હતી કે યથાવત્ સ્થિતિ જાળવી રાખવામાં આવશે અને કોઈ અંતિમ નિર્ણય લેવામાં આવશે નહીં. જો કે,

(જુઓ પાનું ૪) ▶▶




# ડ્રગ્સ બનાવતા શિખવાડનાર કેમિસ્ટને ૧૫ વર્ષની જેલની સજા

મુંબઈઃ થાણેની વિશેષ એનડીપીએસ કોર્ટે અનેક ડ્રગ લોર્ડ્સને ડ્રગ્સ બનાવવાની ફોર્મ્યુલા શીખવવાના આરોપી ૬૩ વર્ષના કેમિસ્ટ ભાનુદાસ મોરેને દોષી ઠેરવી ૧૫ વર્ષની જેલની સજા ફરમાવી છે. ૨૦૧૭માં ડીઆરઆઈએ એની ફેક્ટરી પર છાપો મારી ૨૩૮ કિલોથી વધુ પાર્ટી ડ્રગ મેફેડ્રોન (એમડી) જપ્ત કર્યું હતું.

મોરેને ૧૫ વર્ષની કેદ અને ૨ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. આ કેસ એ જ સમયે અંધેરીમાં મહારાષ્ટ્ર એટીએસ દ્વારા પકડાયેલા ડ્રગ્સ રેકેટ સાથે જોડાયેલો હતો, જેમાં આરોપી સાજિદ ઇલેક્ટ્રિકવાલા સામેલ હતો. વિશેષ અદાલતે મોરેના મુખ્ય ખરીદદાર અને ફાઇનાન્સર વઝુલ ચૌધરીને પણ દોષી ઠેરવ્યો છે.

વિશેષ ન્યાયમૂર્તિ એમએસ લોણેએ સજા હળવી ઈનકાર કરતા કહ્યું હતું કે 'આ કેસમાં ગુનો જોતા સ્પષ્ટ થાય છે કે આરોપી મેફેડ્રોનના ઉત્પાદનમાં માસ્ટર બની ગયો છે અને પોતાની વિરુદ્ધ કોઈ દસ્તાવેજી પુરાવા ન રહેવા દઈ કાયદાથી છટકવાની

(જુઓ પાનું ૪) ▶▶

# વરલી પ્રૉમિનાડ-કૉસ્ટલ રોડ ગાર્ડન પહોંચવા ૭૦૨ કરોડના ખર્ચે સબવે બનાવાશે

## નહેરુ સાયન્સ સેન્ટર મેટ્રો સ્ટેશનથી એક કિલોમીટર લાંબા આ સબવૅનો પ્રસ્તાવ બીએમસીમાં મંજૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કૉસ્ટલ રોડને લાગીને આશરે ૩૦૦ એકરમાં પ્રસ્તાવિત લૅન્ડસ્કેપ ગાર્ડન અને વરલી પ્રૉમિનાડ સુધી લોકો સહેલાઈથી પહોંચી શકે તે માટે નહેરુ સાયન્સ સેન્ટર મેટ્રો સ્ટેશનથી એક કિલોમીટર લાંબા સબવૅના પ્રસ્તાવને ગુરુવારે મુંબઈ મહાનગરપાલિકાની સ્થાયી સમિતિમાં બહુમતીથી મંજૂર કરવામાં આવ્યો હતો. મેટ્રો-૩ના સ્ટેશનથી પ્રૉમિનાડ-ગાર્ડનને જોડતા આ સબવે માટે મહાપાલિકા દ્વારા ૭૦૨.૪૪ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે, જેનું નિર્માણ મુંબઈ મેટ્રો રેલ કૉર્પોરેશન મારફત કરવામાં આવશે, એવી માહિતી સ્થાયી સમિતિ અધ્યક્ષ પ્રભાકર શિંદેએ આપી હતી.

કૉસ્ટલ રોડ મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ છે અને મુંબઈગરાં તેમ જ પર્યટકોને આકર્ષિત કરનારો છે. તેની બાજુમાં જ આશરે ૩૦૦ એકર ક્ષેત્રમાં ભવ્ય લૅન્ડસ્કેપ ગાર્ડન બનાવવાનું પ્રસ્તાવિત છે. ગાર્ડન સાથે જ નાગરિકો માટે પ્રૉમિનાડ ઉપલબ્ધ થશે. જોકે હાલમાં આ પરિસરમાં ફૉર વ્હીલરથી પહોંચવું સહેલું હોવા છતાં સામાન્ય નાગરિકો જાહેર પરિવહનના માધ્યમથી કે ચાલતા જઈ શકે તે માટે કોઈ યોગ્ય કનેક્ટિવિટી નથી. આ સમસ્યા દૂર કરવા પ્રસ્તાવિત સબવે મહત્ત્વનો ઠરશે, એવું શિંદેએ જણાવ્યું

(જુઓ પાનું ૪) ▶▶

### હૉસ્પિટલના વોર્ડથી દેશની સરહદો સુધી

# થાણેની મહિલા દર્દીઓએ સૈનિકો માટે ૫૦૦ રાખડીઓ બનાવી

થાણેઃ રક્ષાબંધન એ પરંપરાગત રીતે ભાઈ-બહેન વચ્ચેના પવિત્ર બંધન તરીકે ઉજવાતો તહેવાર છે. પરંતુ તાજેતરમાં આ તહેવાર થાણેની રિજનલ મેન્ટલ હોસ્પિટલના વોર્ડમાં રાષ્ટ્રીય ગૌરવ, માનવીય ગરિમા અને તબીબી પ્રગતિના એક ગહન પ્રતીક સમાન બની રહ્યો. સામાજિક-સાંસ્કૃતિક જૂથ 'આમ્હી શિવભક્ત પરિવાર'ના સહયોગથી આયોજિત એક અનોખી પહેલ અંતર્ગત, હોસ્પિટલની મહિલા દર્દીઓએ દેશની સરહદોનું રક્ષણ કરતા ભારતીય સૈનિકો માટે હાથેથી ૫૦૦ રંગબેરંગી રાખડીઓ બનાવી હતી.

દેશભક્તિની ભાવનાથી આગળ વધીને, આ પ્રોજેક્ટ ''અર્થપૂર્ણ વ્યવસાય દ્વારા ઉપચાર'' નું એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે. વ્યવસાયિક ચિકિત્સકો દ્વારા માર્ગદર્શન આપીને, ક્રાફ્ટિંગ પ્રક્રિયાને પુનઃજીવિત કરવાના હેતુથી ક્લિનિકલ ધ્યેયો સાથે રાખડીઓ ડિઝાઇન કરવામાં આવી હતી. દોરો

(જુઓ પાનું ૪) ▶▶

# મુંબઈ ઍરપોર્ટ પર ડ્રાઈવરે કરી આત્મહત્યા

મુંબઈઃ મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય ઍરપોર્ટના ટી-૨ ટર્મિનલ પરિસરમાં બોમ્બે હાઈ કોર્ટના સ્ટાફ માટે ગાડી ચલાવતાં એક ડ્રાઇવરે ઇમારત પરથી કૂદીને આત્મહત્યા કરી હતી. મૃતક ડ્રાઇવરની ઉંમર આશરે ૫૦ થી ૫૨ વર્ષ જણાવવામાં આવી રહી છે.

તે હાઈ કોર્ટના સ્ટાફને હાઈ કોર્ટથી ઍરપોર્ટ સુધી પીકઅપ અને ડ્રોપ કરવા માટે ગાડી ચલાવતો હતો. માહિતી મુજબ, અડધા કલાક પહેલાં જ તે ડ્રાઈવર ઍરપોર્ટ પરિસરમાં પોતાની ગાડી પાર્ક કરી, ઈમારતની ઉપર જતો રહ્યો હતો. ત્યારબાદ તેણે ઉપરથી છલાંગ લગાવી દીધી હતી. આ ઘટના બાદ ઍરપોર્ટ પરિસરમાં મુસાફરો વચ્ચે ડરનો માહોલ સર્જાયો હતો. આત્મહત્યા પાછળનું કારણ હજી સુધી

(જુઓ પાનું ૪) ▶▶

# દુબઈના સિનિયર સિટિઝનના બૅન્ક લૉકરમાંથી દાગીના ચોરાયા

## ભૂતપૂર્વ ડેપ્યુટી મૅનેજરની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દુબઈમાં પરિવાર સાથે સ્થાયી થયેલા કાંદિવલીના સિનિયર સિટીઝનના બૅન્ક લૉકરમાંથી અંદાજે ૮૧.૮૦ લાખ રૂપિયાના સોનાના દાગીના ચોરવાના કેસમાં પોલીસે બૅન્કના જ ભૂતપૂર્વ ડેપ્યુટી મૅનેજરની ધરપકડ કરી હતી. આરોપીના બૅન્ક ખાતામાં બે વર્ષમાં થયેલા નવ કરોડ રૂપિયાના આર્થિક વ્યવહારને પગલે પોલીસને શંકા ગઈ હતી. ઊંડાણપૂર્વકની તપાસમાં આરોપીએ સોના સામે લોન લીધી હોવાનું જણાયું હતું.

કાંદિવલી પોલીસે ધરપકડ કરેલા આરોપીની ઓળખ કુલદીપ રામચંદ્ર સહાની (૩૫) તરીકે થઈ હતી. ગોરેગામ પૂર્વના સંતોષનગર વિસ્તારમાં રહેતો સહાની બે વર્ષ અગાઉ ખાનગી બૅન્કની કાંદિવલીની શાખાનો ડેપ્યુટી મૅનેજર હતો. સત્તાનો દુરુપયોગ કરી આરોપીએ અન્ય કોઈ ખાતાધારકના બૅન્ક લૉકરમાંથી તફડંચી કરી છે કે કેમ તેની પોલીસ તપાસ કરી રહી છે.

પોલીસના જણાવ્યા મુજબ કાંદિવલીના આંબાવાડીમાં રહેતા ફરિયાદી પ્રદીપ ભાટિયા (૭૪) છેલ્લાં ૫૨ વર્ષથી પરિવાર સાથે દુબઈમાં સ્થાયી થયા છે. જોકે કાંદિવલીમાં પણ ફ્લૅટ હોવાથી તે સમયાંતરે મુંબઈ આવતા રહે છે.

ફરિયાદ અનુસાર માર્ચ, ૨૦૨૪માં ફરિયાદીએ અંદાજે ૮૧.૮૦ લાખ રૂપિયાના સોનાના

(જુઓ પાનું ૪) ▶▶




# ઑનલાઇન ગૅમિંગ, ક્રિકેટ બૅટિંગને નામે છેતરપિંડી માટે મ્યૂલ અકાઉન્ટ્સ પૂરાં પાડનારી ગેન્ગ ઝડપાઇ

## ૧૧૦માંથી ૧૭ બૅંક ખાતામાં બે મહિનામાં ૨૫.૪૫ કરોડના વ્યવહાર થયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ઑનલાઇન ગૅમિંગ, ક્રિકેટ બૅટિંગ તેમ જ કસિનોના નામે છેતરપિંડી આચરવા માટે મ્યુલ અકાઉન્ટ્સ પૂરાં પાડનારી આંતરરાજ્ય ટોળકીના ત્રણ સભ્યની ડોંગરી પોલીસે ધરપકડ કરી હતી. પોલીસે તપાસ દરમિયાન સીઝ કરેલા ૧૧૦ બૅંક ખાતાંમાંથી ૧૭ બૅંક ખાતાંમાં બે મહિનામાં ૨૫.૪૫ કરોડ રૂપિયાના વ્યવહાર થયા હોવાનું જાણવા મળ્યું હતું.

ડોંગરી પોલીસે સેન્ડહર્સ્ટ રોડ સ્ટેશન નજીકથી ધરપકડ કરેલા આરોપીની ઓળખ મધ્ય પ્રદેશના નિખિલ કમલકુમાર જસવાની (૨૮), રાહુલ શ્યામલાલ પરવાની (૩૨) અને જય બિહારીલાલ તીરથાની (૨૬) તરીકે થઇ હતી. પોલીસે ગુનામાં સંડોવાયેલા અન્ય પાંચ ફરાર આરોપીને ઓળખી કાઢ્યા છે, જેમાં માનખુર્દમાં રહેનારી જ્યોતિ પાટીલ, જય ડોંગરે અને નિશા ડોંગરેને ભારતીય ન્યાય સુરક્ષા સંહિતાની

(જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

# ગોરેગામમાં ૧૮ લાખમાં વન બીએચકેના ફ્લૅટની લાલચે ૨૭ જણને ચૂનો ચોપડ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગોરેગામમાં ૧૮ લાખ રૂપિયામાં વન બીએચકે અને ૩૬ લાખ રૂપિયામાં થ્રી બીએચકેના ફ્લૅટની લાલચ આપી કાંદિવલીના દંપતી સહિત ત્રણ જણે ફ્લૅટ ખરીદવા ઇચ્છુક ૨૭ લોકોને ચૂનો ચોપડ્યો હતો. મ્હાડાના ફ્લૅટ સસ્તી કિંમતે અપાવવાને બહાને આરોપીઓએ ૫૬.૩૦ લાખ રૂપિયા પડાવ્યા હોવાનું સામે આવ્યું હોઈ ફરિયાદીને પ્રારંભિક રકમ ચૂકવ્યા પછી મ્હાડાની સાઈટ પરથી ઓટીપીના મેસેજ પણ આવ્યા હતા, જેને પગલે લોકોનો આરોપીઓ પર વિશ્વાસ બેસી ગયો હતો. ફ્લૅટને નામે કથિત છેતરપિંડી કરવા

(જુઓ પાનું ૪) ▶▶

# શિવસેનાના શિંદેના ગઢમાં ભાજપના નાઈકની સખતાઈ

## પાલિકા અધિકારીઓને કાટમાળ સાફ કરવાનો આદેશ

થાણેઃ મહારાષ્ટ્રના પ્રધાન અને ભાજપના નેતા ગણેશ નાઈકે બુધવારે તેમના હરીફ અને નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના ગઢ થાણેમાં લોકોની ફરિયાદો સાંભળી અને થાણે-બોરીવલી ભૂગર્ભ ટનલ માર્ગ પરનો કાટમાળ ૫ દિવસમાં સાફ કરવાની તાકીદ કરી હતી.

સ્થાનિક રહેણાક સોસાયટીઓના પ્રતિનિધિઓ દ્વારા નાઈકને એક ઔપચારિક ફરિયાદ સુપરત કરવામાં આવી હતી. ફરિયાદમાં આડેધડ ડમ્પિંગને લીધે જાહેર આરોગ્ય, પર્યાવરણીય અને સલામતી જોખમોનો આરોપ મૂકવામાં આવ્યો હતો.

(જુઓ પાનું ૪) ▶▶

# વાહને સ્કૂટરને ટક્કર મારતાં સસરા-જમાઈનાં મોત

નવી મુંબઈઃ નવી મુંબઈમાં થાણે-બેલાપુર રોડ પર પવને એમઆઇડીસી ખાતે અજાણ્યા વાહને સ્કૂટરને ટક્કર મારતાં ૪૨ વર્ષના શખસ અને ૬૧ વર્ષના તેના સસરાનું મૃત્યુ થયું હતું. અકસ્માત બાદ વાહનચાલક ઘટનાસ્થળેથી ફરાર થઇ ગયો હતો. તુર્ભે પોલીસે વાહનચાલક વિરુદ્ધ ગુનો નોંધી તેની શોધ ચલાવી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર બુધવારે સાંજે થયેલા અકસ્માતમાં મૃત્યુ પામેલા બંને જણની ઓળખ ખૈરાણે ગામના રહેવાસી રાજ પંચમ જયસ્વાર અને તેના સસરા શિવમુરત રામલોચન તરીકે થઇ હતી. રાજ જયસ્વાર

(જુઓ પાનું ૪) ▶▶




"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. RNI Registration No. 1563/1957. ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ samachar.bombay@gmail.com ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1563/1957.